કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ

સુવર્ણજયંતી-વર્ષ • અંક ૭મો • જુલાઈ ૧૯૭૩

તંત્રી • બચુભાઈ રાવત

સળંગ અંક
૫૯૫



નાગદંપતી. અજંતાની પ્રચુર શોભાંકનોવાળી ૨૬મી ગુફાના એક ભિત્તિસ્તંભ પરનું શિલ્પાંકન. (જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ)

અનુક્રમણિકા · જુલાઈ ૧૯૭૩ · અંક ૫૯૫

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ : રૂ. ૧૮-૦૦; પરદેશ : રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ. ૪ છૂટક નકલ : રૂ. ૧-૭૫

વાચકો લખે છે

ડિસેમ્બર અંકમાં 'ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ' વાંચી અત્યંત આનંદ થયો. ફીલ્ડ સેટિંગ્ઝને અંગે મને ખૂબ જ અજાણતા હતી. લાક્ષણિક ફીલ્ડ સેટિંગ્ઝની આકૃતિથી મારી અજ્ઞાનતામાં પ્રકાશ આવ્યો. કૉમેન્ટરીમાં રસ ધરાવતા વાચકોને એ ખૂબ રસપ્રદ થશે એમાં શંકા નથી. બૅટના ફટકાના કેટલાક પ્રકાર–કવર ડ્રાઈવ, ઑફ ડ્રાઈવ, સ્ટ્રેઈટ ડ્રાઈવ વગેરે—બાબતોનો પણ ઊંડો ખ્યાલ આવ્યો. લૅંગ હૉપ, લૅંગ્થ, હાફ વૉલી, યૉર્કર વગેરે બૉલના પ્રકારો પ્રથમ વખતે જાણ્યા. શ્રી ભરત ભટ્ટનો આખો લેખ જ્ઞાનરસ પૂર્ણ હતો. તેઓને મારી નમ્ર વિનંતી કે એ બાબતમાં તેઓ વધુ રસપ્રદ બાબતો વાચકો સમક્ષ રજૂ કરે.

શ્રી રમેશ બૂચનાં કાર્ટૂનો ખૂબ જ હાસ્યપ્રેરક હતાં. આવી વાનગીઓ હમેશાં 'કુમાર' પીરસતું રહે એવી ભાવભરી વિનંતી. સ્મરણશક્તિની કસોટી એ વિભાગમાં મેં મારી શક્તિ પિછાણવાનો પ્રયાસ કર્યો. ૨૩ વસ્તુઓ યાદ રહી. બે વસ્તુઓ ભુલાઈ ગઈ: ૧) ટેલિફોન ૨) બલ્બ. આવી અનેક વાનગીઓથી સભર 'કુમાર' હાથમાં આવે ત્યારે દિલમાંથી ઊંડી પ્રેરણા મળે છે કે 'તું એ અલભ્ય વાનગીઓ પચાવી જા.' મારા બે ભાઈઓ અમેરિકામાં છે તેઓ પણ અત્રેથી 'કુમારો'નું પાર્સલ કરવાનો આગ્રહ કરતા હોય છે. અમે ૧૫ થી ૨૦ અંકો ત્યાં મોકલ્યા પણ છે એ ભાથું પૂરું પાડવા.

(મુંબાઈ) —સુરેશ ઝાલા

૦૦

પૂરાં ચાર વર્ષ બાદ ફરીથી 'કુમાર' વાંચ્યું. એ જ આનંદ અને સાહિત્યની રસલહાણ માણી. એમાં યે 'ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ' અને અંગ્રેજ કવિ ચૉસરની 'પાદરીએ કહેલી (એક અંગ્રેજી શિક્ષકના નાતે) સહનશીલ ગ્રિસેલ્ડાની કથા' વાંચીને તો ખૂબ જ આનંદ થયો. 'કુમાર' વિષે તો શું કહેવું? આપ આવું જ પીરસતા રહેશો એવી અભિલાષા.

(ખંડોસણ) —પોપટભાઈ રાવલ

૦૦

હું 'કુમાર'નો ગ્રાહક નથી. છતાં વાચક અને ચાહક જરૂર છું. અને સ્કૂલમાંથી આગલા બધા અંકો મેળવી લીધા છે.

ચાલુ અંકોમાં ભરતનાટયમ્ અને જુગલબંધીના લેખકને અભિનંદન આપું એટલાં ઓછાં છે. કેટલા વખતથી મારી પ્યાસ હતી કે 'કુમાર'ના પાને શ્રી આબિદ સુરતીને જોઉં. તે આપે પૂરી કરી છે. આ બધાં માટે 'કુમાર'ને ઘણાં ઘણાં અભિનંદન. મારે આપણા પદ્મભૂષણ કલાકાર શ્રી મકબુલ ફિદાહુસેન (એમ. એફ. હુસેન)નો પરિચય જોઈએ છે. કદાચ અગાઉ કોઈ અંકમાં આવી ગયો હોય તો એ અંક કયો છે એ જણાવવા મહેરબાની*

(નવસારી) —વિજય પારેખ

[*આવ્યો નથી. હવે આવશે.]

૦૦

શ્રી કનુભાઈ જાની લિખિત લોકશાયર મેઘાણીની જીવનકથા 'કસુંબલ રંગ' 'કુમાર'માં વાંચવાની હમણાં હમણાં ઠીક મજા પડે છે. સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીની ઘણીખરી અપ્રગટ બાબતો ને પ્રસંગો આ લેખમાળામાંથી જાણવા મળે છે અને તે દ્વારા તેમના વ્યક્તિત્વ—દઢ અને ખમીરવંત—નો પણ પરિચય થાય છે. 'કસુંબલ રંગ' જીવનચરિત્રના આલેખન માટે મારા તરફથી શ્રી કનુભાઈને હાર્દિક અભિનંદન!

(અમદાવાદ) —ઈશ્વરલાલ પરમાર

૦૦

જાન્યુ. '૭૩ના અંકમાં 'માધુકરી' વિભાગમાં પૃ. ૩૭ પર મહિસૂરના રાજા કૃષ્ણરાયનો પ્રસંગ આપ્યો છે. તેમાં 'રામશાસ્ત્રી' એવું નામ આપ્યું છે. પરંતુ તે નામ 'શામશાસ્ત્રી' હોવું જોઈએ. પ્રસ્તુત વિદ્વાને ચાણકયના અર્થશાસ્ત્રનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે અને તે માટે તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળેલી હતી. તદુપરાંત 'ગણિતગમ્મત'માં રકમ ધારવા વિષે લખ્યું છે, તેમાં ૧ સિવાયની ધારવી જોઈએ.

(પોરબંદર) —સી. વી. ઠકરાલ

૦૦

'કુમાર' ફે૦ '૭૩ના 'સાહિત્યસંપર્ક' વિભાગમાં શ્રી ધીરુભાઈ ઠાકરના 'પ્રતિભાવ'નું જે અવલોકન આવેલું છે તે યોગ્ય લાગતું નથી. 'ધીરુભાઈએ આડેધડ નવીન સાહિત્યનો પીઠથાબડ પક્ષ લીધો છે' આ વાક્ય ગૂંચવણ ઊભી કરી દે છે, કારણ કે નવીન સાહિત્યના પીઠથાબડ પક્ષથી ધીરુભાઈ એકદમ વિરુદ્ધના છે* એ તો કોણ નથી જાણતું? આપણે ત્યાં જે નવીન સાહિત્ય બહાર આવી રહ્યું છે એના વિવેચનમાં બે સામસામે છેડે ઊભેલા આલોચકોમાંના એક શ્રી ધીરુભાઈ છે તે એમનું 'સાંપ્રત સાહિત્ય' (પુસ્તક) જોવાથી જણાઈ આવશે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

[*બીજે હશે; આ પુસ્તકમાં નહિ.—ધી. ૫.]

૦૦

ફેબ્રુઆરી 'કુમાર'માં અશફાકઉલ્લાખાંનું અદ્ભુત જીવનચરિત્ર આપીને તમે એક ભુલાઈ જતા શહીદને ભવ્ય અંજલિ આપી છે. ભગતસિંહ, દત્ત વગેરેનાં જીવનથી તો પરિચિત હતો પણ તેના પુરોગામી આ શહીદનું તો નામ પણ પહેલી વાર સાંભળ્યું. આવા સરસ જીવનચરિત્રના લેખકો ખરેખર અભિનંદનને પાત્ર છે.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

૦૦

ફેબ્રુ. '૭૩ના 'કુમાર'માં જૂના ગ્રાહકો અંગેની જાહેરાત વાંચી. તે બધા જૂના ગ્રાહકો 'કુમાર'ના અંક વાંચવા ભાગ્યશાળી હશે જ. પરંતુ અમારા જેવા એકાદ-બે વર્ષથી ગ્રાહક થએલા માટે જૂના 'કુમાર'ના અંકોની બીજી આવૃત્તિ ન છપાવી શકાય? અન્ય વાચકોને પુછાવશો.

'કુમાર' નવું હોય કે જૂનું, મારા જેવા કિશોરો માટે તે ખરેખર ઉપયોગી છે. સુવર્ણજયંતી પ્રસંગે જો બીજી આવૃત્તિઓ બહાર પડે તો આવકારપાત્ર બનશે.

(અમદાવાદ) —હેમાંગ દેસાઈ

[*સુવર્ણજયંતી અંકમાં ચુનંદી સર્વગ્રાહી વસ્તુઓ આપવાની યોજના પણ સફળ થઈ શકતી નથી, ત્યાં બધા અંકોની બીજી આવૃત્તિ કાઢવાની તો વાત જ શી?]

૦૦

'કુમાર' દરેક ક્ષેત્રે અવનવી વાનગીઓથી વાચકોને તંદુરસ્ત રાખે છે એ આનંદની વાત છે.

૫૮૯મા અંકમાં શ્રીમતી પ્રફુલ્લા દહાણુકરનો પરિચય કરાવી એમની કલાસર્જનની શક્તિને સૌ સમક્ષ મૂકી એથી આનંદ થયો. વધુ તો એમનું 'સેરામિક્સ' ગમ્યું. એક નમ્ર સૂચન કરું? 'સેરામિક્સ' માટે જરૂરી સામગ્રી, તથા રીત સાથે થોડા કલર્ડ બ્લૉકો છાપી એ કળાથી માહિતગાર બનાવશો તો ઋણી બનીશ. અવનવાં પોત, રંગ ને ભાતના કાગળોને કાપી સર્જેલાં ચિત્રો 'કીરી-એ' પણ ખૂબ ગમ્યાં.

(કોસંબા) —છીતુભાઈ ચૌહાણ

૦૦

શ્રી. કનુભાઈ જાનીએ સ્વ. ઝવેરચંદ મેઘાણીનો જે વિસ્તૃત જીવનપરિચય 'કુમાર'માં આપ્યો છે તેની નાની પુસ્તિકા તમારા તરફથી એમાંની છબીઓ, તથા અન્ય સામગ્રી સાથે બહાર પાડવી જોઈએ.

કનુભાઈએ એ પરિચય ખરેખર એટલો સરસ લખ્યો છે કે અભિનંદન આપવાં જ પડે.

(મુંબાઈ) —મૂળરાજ અંતરિયા

૦૦

'આ માસ (માર્ચ) ઇતિહાસમાં' કવયિત્રી સરોજિની નાયડુની અવસાન તારીખ ૨ (૧૯-૨૯) જણાવી છે તે છાપભૂલ લાગે છે.

(ગાંધીનગર) —મનહરલાલ મહેતા

[*ઈ. ૧૯૪૯ જોઈએ. એમના પતિ મદ્રાસના નહિ, દ. હૈદરાબાદના હતા અને સ્વાતંત્ર્ય બાદ સરોજિની ઉત્તર પ્રદેશનાં ગવર્નર હતાં.]

મે અંકમાં શ્રી હરિવલ્લભ ભાયાણીની 'શબ્દ-કથા'માં 'નરકેસરી'નો અર્થ મારા મતે ખોટો ઘટાવ્યો છે. 'નર-કેશરી' એટલે નરોમાં કેશરી સમાન છે તે—રાજા. લોકજીભે 'રાજેશ્વર' પર-થી રાજેશરી બન્યો તેમ નરકેશ્વર પરથી 'નર-કેશરી' બનવા જોગ છે. એમ જોતાં 'નરકેશ્વર' કોણ? નરકનો ઈશ્વર-યમ જ હોય ને! અર્થાત્ નર-કેશરી અને નરક-ઈશ્વરને કોઈ સ્નાનસૂતક હોય એમ લાગતું નથી.

(સીણાવાડ) —ચીનુપ્રસાદ શાહ

'કુમાર'ને ૫૦ વર્ષ પૂરાં થયાં બરાબર તે સાથે જ તેની 'જનેતા'ને ૭૫ વર્ષ પૂરાં થાય એ આકસ્મિક છતાં કેવો શુભ યોગ! આ બે-વડા આનંદથી છલકાતા હૈયે બંનેને શુભેચ્છા પાઠવ્યા વિના કેમ રહી શકાય? આગળનો પંથ શુભ વાતાનુકૂલ રહો એવી અભ્યર્થના.

આ તકે 'કુમાર' ઘરમાં વંચાતું હોય ત્યારે નાનાં બાળકો પણ તેને હોંસેહોંસે વાંચવા આતુર થાય એમ થવું જરૂરી છે. આ માટે 'બાળવિભાગ'ની ખોટ સાલે છે. મોટેરાંની સાથે નાનાં ભૂલકાં પણ 'કુમાર'ની વાટ જોતાં થાય જો આ ફેરફાર થાય તો. 'કુમાર'નો ફેલાવો વધવો જ જોઈએ, ને તેના માટે આ એક માર્ગ છે.

(ટીંબા) —જયંત શ. બારોટ

મે '૭૩ના 'કુમાર'માં ભાઈ શ્રી કિરીટ પટેલ-ની બહાદુરશાહના શે'ર વિષેના મારા ઉલ્લેખ-ની ટીકા વાંચી જરાક આશ્ચર્ય થયું. મેં તો 'કુમાર'માં અગાઉ પ્રસિદ્ધ થએલા પ્રા. વસંત જોશીના 'વીરસાવરકર' ચરિત્રમાં બહાદુરશાહ-ના શે'રની જે લીટીઓ આલેખાઈ હતી તેમાં ભૂલ હોવાથી તેનો ઉલ્લેખ કરી માત્ર સુધારો જ સૂચવેલો. જોકે મારો પત્ર જૂન '૭૨માં પ્રસિદ્ધ થયો ત્યારે ભૂલ રહેલી પણ પછી મેં ઉલ્લેખ કરવો મુનાસિબ નહિ માનેલો. પરંતુ નવાઈની વાત એ છે કે ભાઈશ્રી કિરીટ પટેલે જણાવેલા બહાદુર-શાહના શે'રમાં ફરી પાછી એ જ ભૂલ રહી છે. 'ગાઝીઓમેં બૂ રહેગી જબ તલક ઈમાનકી તબ તો લંડન તક ચલેગી તેગ હિંદુસ્તાનકી' માં પણ બીજી પંક્તિમાં 'તબ તો' નહિ પણ 'તખ્તે' શબ્દ જોઈએ.

(વડોદરા) —યોગેન્દ્ર જાની

૫૯૩ મા અંકમાં કિરીટ પટેલનું મંતવ્ય વાંચ્યું. એ શે'રની બીજી લીટીમાં 'તબ તો લંડન' શબ્દો મૂળ રચનામાં નથી. તેની જગ્યાએ 'તખ્તે લંડન' શબ્દ છે: અને તેના વડે કહેવામાં આવ્યું છે કે લંડનના તખ્ત સુધી એટલે કે બ્રિ-ટિશ હકૂમત સુધી.

(મહેસાણા) —મનીષ પંડયા

મેં એક જગ્યાએ વાંચ્યું કે 'કરોડો સૂર્ય-ચંદ્રના પ્રકાશ સમી એ દિવ્યજ્યોતિનાં સૌને દર્શન થાઓ.' મને આનું મૂળ સંસ્કૃત જોઈએ છે. કોઈ વાચકને ખબર હોય તો તે જણાવે.

(અમદાવાદ) —મિહિર ર. ભટ્ટ

જાન્યુઆરીના અંકમાં 'બદનામીનો બાદ-શાહ' વાંચવામાં બહુ મજા પડી. 'કુમાર'માં સૌથી વધુ રસદાયી વાચન મને 'ઊર્મિની ઓ-ળખ' લાગે છે. મને આજે મારું પાલનપુર યાદ આવે છે કે જ્યાં 'શૂન્ય' અને 'સૈફ' જેવા શાયરો પાક્યા છે. તેમની શાયરીઓ કોઈક વાર 'કુમાર'માં વાંચવા મળશે તો આનંદ થશે.

(ન્યૂ યૉર્ક) —સુમતિમોહન

૬૦૦મા અંક માટે

એક વિશેષ પારિતોષિક

ગુજરાતના જાણીતા કવિ અને ગઝલકાર સ્વ. 'સરોદ' (મનુભાઈ ત્રિવેદી)નાં સ્વજનો તરફથી એમની સ્મૃતિમાં ૬૦૦મા અંકમાં પ્રકટ થતા શ્રેષ્ઠ ભજન માટે રૂ. ૫૧નું પારિતોષિક આપવામાં આવશે.

મે અંકમાં આપેલ ગોપાલ કૃષ્ણ ગોખલે સં-બંધી એક વાત જણાવું. વર્ષો પહેલાં સદ્‌ગત દિનશા વાચ્છાએ તેમનાં સંસ્મરણો અંગ્રેજીમાં લખેલાં. ભાષાંતર કરી ગુજરાતી પુસ્તિકા 'ભા-રતભક્ત ગોખલેનાં સ્મરણો' શીર્ષકે ત્યારે એ છપાવેલી છે. કિંમત પચીસ પૈસા. ટ. ખ. જુદું.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

મારી પાસે નીચે મુજબ 'કુમાર'ની બે ફાઇલો તેમજ છૂટક અંકો છે. ફાઈલ નં. (૧) અંક ૧૦૯ થી ૧૨૦ (૨) અંક ૩૪૧ થી ૩૫૩, છૂટક અંકો નં. ૨૮૮, ૩૨૨, ૩૨૯, ૪૩૪, ૪૫૯, ૪૯૪, ૫૩૧, ૫૩૨, ૫૩૪, ૫૩૫, ૫૩૭, ૫૩૮, ૫૩૯, ૫૪૦, ૫૪૨, ૫૪૬, ૫૫૧, ૫૫૪, ૫૫૬, ૫૫૭, ૫૫૮, ૫૬૦, ૫૬૧, ૫૬૩, ૫૬૪, ૫૬૯, ૫૮૩, ૫૮૪. જરૂર હોય તેમણે નીચેને સરનામે લખવું: દિનકર સી. પાનવાલા, દ્વારકેશ નિકેતન, બ્લૉક નં ૧૦, માર્વે રોડ, મલાડ, મુંબઈ ૬૪

મારી પાસે ઈ. ૧૯૪૩થી ૧૯૫૮ સુધીનાં 'કુમાર' છે તે કાઢી નાખવાં છે. જો કોઇને રસ હોય તો જણાવશો. —કુસુમ ગલીઆરા

(ગલીઆરા વાડી, મુ. કઠોર, વાયા સાયણ)

ઉનાળુ સવારે / જયન્ત પાઠક

• ગઝલ •

ગુલમો'રનો ટહુકો, ને બધું આભ લાલ લાલ!
ધૂળમાં નહાતી ચલ્લીનો ચીંચીં ઊડે ગુલાલ!

પગરવથી પાંદડાંના સરે સળવળીને પંથ
આંખોમાં લઈ નિંદ સુસ્ત સાપની મિસાલ.

લીંબોળીઓમાં પાકી ગરે પીળચટ્ટું સવાર;
પંખો બની પવન ફરી રહ્યો છે ડાળડાળ.

ટોળું કબૂતરોનું અચાનક ઊડ્યું ઊંચે
ઊંચકાઈ આભમાં ધરાની ભૂરી ભૂરી જાળ.

ચોરેલું લઈ ચાંચમાં અંધારું કાગડા
મહેફિલમાં રહ્યા મિત્રને બોલાવી : આવ, આવ!

રખોપું / ધીરુ પરીખ

ઉચાળા ભરીને બધી
લીલાશ તો ચાલી ગઈ!
ટહુકા ન ટોચે હવે,
ખરીઓ ન ઘોંચે હવે,
ખડે પગે તો ય હજી
ચાડિયાની ચોકી!
(બધિરની શ્રુતિ જેવી.)

અરે પણ આ શું!
કૂણાં કૂણાં મૂળને
ન શકી કશું કહી
જરઠ ચરણને આ
ધરા અવ રોકી રહી...
રખોપું ય માન્યાનો શો
ચરણ-ફાંસલો હશે!

ચાડિયાને થયું :
બસ બધું ગયું.
કોનું હવે રખોપું ય
કરવાનું રહ્યું?
લાવ હવે નાસું...

મારે તો નથી રે જીભ;
તમારે તો છે ને?
કહી જ દો એને :
રખોપું મેં કર્યું ન્હોતું,
રખોપું મેં કર્યું ન્હોતું...

પરવા નથી કરતો / 'ચાતક'

• મુક્તક •

જીવનમાં હું કદી યે નામની પરવા નથી કરતો,
કે દુનિયાના કોઇ ઇલ્કાબની પરવા નથી કરતો;
નજરથી કે અધરથી પણ, મને સાકી પીવાડે, તો
કસમ છે પ્યાસની—હું જામની પરવા નથી કરતો!

વતન છોડતાં / રામચંદ્ર બ. પટેલ

- શિખરિણી -

જતો છોડી મારું નસીબ હલકું કૂબ ઘર, ને
છજે ટાંગ્યા કૂંડા પર ઠરી ય જોડું ચકલીનું
પીતું પાણી, નીચે લીલવ તુલસીછોડ કુમળો
હલે, એના છાંયે ફરતી ખિસકોલી, વળીવળી
જતાં જોએલું મેં ઘડીક વળખી બારણું...પછી
જવારાના જેવું ખિલખિલ થએલું પરીરૂપ.

લઈ છાંયે વૃદ્ધો હળુ લહરતો નીમ ફળિયે,
વળી ધૂળે કૂદ્યાં શિશુ, કબૂતરે રોજ ચણતાં
મૂકી પારેવાં, ને મુજ પગ સૂંઘી શ્વાન વળતો...
ત્યજી જાતો મારું પશુધનભર્યું પાદરઃ વડ
નીચે દેરું, પાસે કૂપમહીંથી ખેંચી જલ વડે
ભરે કન્યા બેડું, વળી લહરતાં ખેતર બધાં.

જતો છોડી શહેરે કદીક બની હું જાઉં કપટી?
લઇ રાખી છે મેં મુજ વતનની ધૂળ ચપટી!

શહેરમાં એક દિવસે / રામચંદ્ર બ. પટેલ

• શિખરિણી •

અહીં શહેરે: ઊંચા ઘરમહીં ફરું શાન્ત; હળવે
રહી બારી ખોલી નીરખું ત્યહીં ઘોંઘાટ રવના
કરંટે ફેંકાઈ ઊકળી રહું હું ફ્લૅટ નભમાં.

પછી અંધારું આ ડિઝલનું બધું ઊતરી પડી
ગળે ટૂંપો દે ત્યાં દૂરથી ઊછળી ગામ પળમાં
પ્રવેશીને છાંટે તરુતરુની છાયા, પવનનાં
હલેસાંની સાથે વિહગટહુકાનાં ફળ ગળ્યાં
ચખાડે ત્યારે તો 'પ્રભુતણી હથેલી સમ ઝગી
લહેરાતાં શ્વાસે મઘમઘ બની ખેતર બધાં
ઢળે; ને ધેનુ દૂધની ચમકતી ધાર વળગે
સરી આવે માડી નભથી ઝરતી વાદળી સમી
અને લોહીનું સૌ રમતું થઇ જાતું સહજમાં.

—અહીં ઓચિંતી આ જતી ઘડીકમાં લિફ્ટ ખખડી
જતું ઊડી મારા હૃદય પરથી ગામ ફફડી.

'ઉનાળુ સવારે' અનુભવેલા રોમૅન્ટિક આનંદનું રમ્ય કલ્પનારંગી આલેખન : ગુલમહોરનો ટહુકો, ચલ્લીના અવાજનો ઊડતો ગુલાલ, પાંદડાંના રવે સળવળતો રસ્તો, પાકી લીંબોળીઓ સાથે ગરતું પીળચટ્ટું સવાર, કબૂતરોના ટોળામાં ઊડતી દેખાતી પૃથ્વીની ભૂરી જાળ અને અંતે (ચાંચમાં ચોરેલા અંધારાવાળા) કાગડાના બોલનો પણ કાવ્યમય ઉપયોગ કૃતિને સાદ્યંત રસમય અને સૌંદર્યમંડિત બનાવે છે. ◐ 'રખોપું'—અત્યાર સુધી પોતે જ રખોપું કરી રહ્યાના ખયાલમાં રાચતો ચાડિયો (મૂઢમતિનું પ્રતીક?) લણણી પછી જ્યારે પોતાનો હવે ખપ રહ્યો ન હોવાના સબબે વિદાય થવા ધારે છે ત્યારે જ તેને પોતાની સાચી બદ્ધ સ્થિતિનું ભાન થાય છે. (તેની ચોકીને 'બધિરની શ્રુતિ' કહેવામાં કવિની શક્તિ જુઓ.) આત્મનિર્ભર્ત્સનાનું વેદનાસિક્ત કાવ્ય. ◐ 'વતન છોડતાં'—(શહેરમાં જવા માટે) ગ્રામનાયકને જાગતા મનોભાવોનું, તળપદા વાતાવરણને તાદૃશ કરતાં રમ્ય ચિત્રો ઉપસાવતું સૉનેટ : એમાં 'જવારા જેવું ખિલખિલ થતું પરી રૂપ' જેવી તાજગીભરી કલ્પના છે, તો અંતે 'શહેરના કપટી જીવનથી બચવાને પોતાની પાસે 'વતનની ચપટી ધૂળ રાખતા' ગ્રામજનની શ્રદ્ધામાં વતન પ્રત્યેના નિર્વ્યાજ પ્રેમની અભિવ્યક્તિની સચોટતા છે. ◐ 'શહેરમાં એક દિવસે'—શહેરમાં આવી પડેલા ને ત્યાંના ઘોંઘાટ ને ધુમાડાથી કંટાળેલા ગ્રામનાયક સામે વતનનું મીઠું વાતાવરણ પ્રકટી ઊઠે છે, ત્યાં જ—લિફ્ટ ખખડે છે અને હૃદયમાં રમી રહેલું ગામ અદૃશ્ય થઈ જાય છે. ખેતરને 'પ્રભુની હથેલી' કહેવામાં, સહજ ગ્રામ-આનંદને 'લોહીમાંથી રમતું થઈ જતું ધી' કહેવામાં પ્રશસ્ય કલ્પના-નાવીન્ય છે ને કાવ્યાંતે આવતા 'ફફડી' ક્રિયાપદથી શહેરી સંસ્કૃતિના આક્રમણની ભયાવહતા ધ્વનિત કરી છે.

વૃંતચ્યુત

'બનફૂલ'ના બંગાળી ઉપરથી
સુકન્યા ઝવેરી

નીલ અપરાજિતાના ફૂલે આંખો ખોલતાં વેંત જ બીજું એક નીલ સ્વપ્ન તેની સામે નાચતું જોયું. થોડી વારે તે સ્થિર થઈ તેની સામે આવી ઊભું. પછી તેણે કિશોર રૂપ ધારણ કરી, માણસની ભાષામાં જે વાત કહી તે વાત હમેશાં બધાં જ કહેતાં હોય છે.

કિશોરે કહ્યું: 'હું તને ચાહું છું'. ફક્ત કહ્યું જ નહિ; તેની ચાહના-ની કામના ખીલી ઉઠી—લતાકુંજે, સોનેરી તડકામાં, પંખીના ગાનમાં, હવાના હિલ્લોળમાં......કોણ એ જાદુગર?

વિસ્મિત અપરાજિતાએ પૂછ્યું: 'તમે કોણ? મને શા માટે ચાહો છો?'

'હું આકાશ, મારી જ કામના મૂર્તિમંત થઈ તને ચાહી રહી છે. મારી સાથે આવીશ?'

'પણ મને જ શા માટે ચાહો છો?'

'તું પણ નીલરંગી. મારી સાથે તારો સંબંધ છે. હું સાવ એકલો-અટૂલો છું. મારું કોઈ સંગી-સાથી નથી. તું મારો સાથી થજે, ચાલ.'

'પરંતુ તમે તો કેટલા મહાન, અને હું તો સાવ ટચૂકડી! હું તમારી સંગિની થવાને કંઈ લાયક છું?'

'મારી મહાનતા જ મારા જીવનનું સૌથી મોટું દુ:ખ છે. મારી એકલતાને ઝીલી શકે એવું સાથી મારે કોઈ નથી.'

અપરાજિતા આશ્ચર્યથી અવાક્ થઈ ગઈ.

આકાશે ફરી કહ્યું: 'ઘણા યે માને છે કે સમય પણ મારી જેમ અ-નાદિ, અનંત છે. પણ એ તો તદ્દન ખોટી વાત. સમય તો તમારું સર્જન છે. મારા જ માપદંડથી તમે એને માપો છો. બાકી સમય જેવું કંઈ છે જ નહિ. હું જ સમય. મારી જ શૂન્યતામાં સૂર્ય ચંદ્ર ગ્રહ નક્ષત્ર વગેરે-ની ઝાકઝમક તમે નીરખો છો. પરંતુ તેઓ કંઈ મારાં આપ્તજન નથી. તેઓ તો પ્રવાસીનાં દળ. હું તો સાવ એકાકી. મારું કહી શકાય એવું તો કોઈ જ નથી. તું ચાલ મારી સાથે...'

અપરાજિતા ચૂપ જ રહી. આકાશ અપરાજિતાને જોઈ રહ્યો. ફરી કહેવા લાગ્યો: 'તને મનમાં થશે કે હું સાગર પાસે કેમ નથી જતો? તે ય ગયો'તો. પણ તેણે તો કહ્યું કે પૃથ્વીને છોડીને પોતે ક્યાંય નહિ જાય. વળી, તેણે ઉમેર્યું કે વાદળ થઈ ને તો હું રોજ તને મળવા આવું છું. તેનાથી તું ધરાતો નથી? મેં કહ્યું: ના, નથી ધરાતો. વાદળ તો વર્ષા થઈને ફરી તારી પાસે ચાલ્યું આવે છે, ને હું તો ફરી પાછો એકલો જ. અંતે સાગરે જ મને તારી ભલામણ કરી છે. ચાલ, તું મારી સાથે આવીશ ને?'

'હું કેવી રીતે આવું?'

'આ જે રથ મેં તારા માટે આણ્યો છે...' કહી એણે હાથ ઊંચો કર્યો કે એક રથ પ્રકટ થયો. અપૂર્વ મેઘધનુષના રંગે રંજિત શ્વેત વાદળ-નો એક સુંદર ગોળો! અપરાજિતા મુગ્ધ નયને નિહાળી રહી (ફાનસ જેવા) રથને...એ તો કલ્પનાતીત સુંદર!

'આ રથમાં બેસીને ક્યાં જવાનું?'

'મારી સાથે—દૂર...દૂર...પેલા અનંત આકાશમાં.'

'એટલે બધે દૂર હું જઈ શકીશ ખરી?'

'જરૂર જઈ શકશે. હું જોડે જ છું ને! હું તને અમરત્વ બક્ષીશ. ચાલ.'

કિશોર બાળક હાથ લંબાવી ફૂલ તોડવા ગયો. વૃંતને અડતાં વેંત જ અપરાજિતા આર્તનાદ કરી ઊઠી: 'નહિ જાઉં...નહિ જાઉં...ધરતીને છોડીને ક્યાંય નહિ જાઉં. વાગે છે મને, છોડી દે...'

વૃંતચ્યુત અપરાજિતા માટીમાં આળોટી પડી. □

સાહિત્ય તત્ત્વજ્ઞાન ને લલિતકલાથી

એ ઓ સંસ્કારી પુરુષ હતા, બીજાને માટે કંઈક કરી છૂટ-વાની વૃત્તિવાળા હતા, જ્ઞાનની જિજ્ઞાસાવાળા હતા, માયાળુ હતા, ઉલ્લાસપ્રિય હતા, મહત્ત્વાકાંક્ષી પણ હતા...


ઉપરના શબ્દો શ્રી યશોધર મહેતાએ સ્વ. ચૈતન્યપ્રસાદ દીવાનજીનું સ્મરણ વાગોળતાં લખ્યા છે. આવા ચૈતન્યપ્રસાદનો જન્મ ૨૦મી ડિસે-મ્બર ૧૮૯૮ના રોજ ભુજ ખાતે તે વખતના ત્યાંના દીવાન રાવબહાદુર મોતીલાલ લાલભાઈને ત્યાં થએલો. માતા કમળાલક્ષ્મી મોતીભાઈનાં ત્રીજાં પત્ની. સાઠોદરા નાગર જ્ઞાતિના કંથારિયા કુટુંબના કુળસંસ્કારો શ્રી ચૈતન્યપ્રસાદે પોતાનાં વિચાર, વાણી અને વર્તનથી દીપાવ્યાં હતાં.

પુત્રની ઉંમર પાંચેક વર્ષની હતી ત્યારે ઈ. ૧૯૦૩માં પિતા મોતીલાલ કચ્છના દીવાનપદેથી નિવૃત્ત થઈ અમદાવાદ આવીને વસ્યા. પછી તો અહીંની જાહેર પ્રવૃત્તિમાં રસ લઈ એઓ મ્યુનિસિપાલિટીના પ્રમુખ પણ બન્યા. આવા પ્રતિષ્ઠિત કુટુંબના એકના એક પુત્રનો બાળ વયે વિવાહ થઈ જાય તે એ જમાનાની રીતરસમ પ્રમાણે નવાઈભર્યું નહોતું. ચૈતન્ય-પ્રસાદની ઉંમર માંડ પાંચ-છ વર્ષની હશે ત્યારે અમદાવાદના ગર્ભશ્રીમંત અને પ્રતિષ્ઠિત નાગરિક સર ચીનુભાઈ બૅરોનેટે પોતાની અઢી વર્ષની પુત્રી ઈન્દુમતી ઉર્ફે બચુબેનનું એમની સાથે વેવિશાળ કરી નાખ્યું. પરંતુ પુત્રનો લગ્નોત્સવ માણવા માબાપ બહુ લાંબું જીવ્યાં નહિ. ઈ. ૧૯૦૪માં પિતા મોતીલાલનું અવસાન થયું અને ૧૯૧૦માં માતા કમળાલક્ષ્મીનું.

બાર જ વર્ષની નાની વયે માબાપની હેતછાયા ગુમાવનાર ચૈતન્ય-પ્રસાદનું છત્ર ઈ. ૧૯૧૦ના ઑક્ટોબર માસથી તેમના શ્વસુર સર ચીનુ-ભાઈ બની રહ્યા અને ત્યારથી તેમનો અભ્યાસ, ઉછેર અને ઘડતર ત્યાં જ થયાં. ત્યારે એઓ અંગ્રેજી ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતા હતા. ભારતીય સંસ્કારિતાના ચાહક અને ઊંડી ધર્મવૃત્તિવાળા સર ચીનુભાઈએ એક વિદ્વાન શાસ્ત્રી પાસે તેમના સંસ્કૃતના અભ્યાસની વ્યવસ્થા કરી. પરિણામે સંસ્કૃત, અંગ્રેજી અને ઇતિહાસ ચૈતન્યપ્રસાદના પ્રિય વિષયો બની રહ્યા. ઈ. ૧૯૧૬ના ફેબ્રુઆરીમાં મોટી ધામધૂમથી એમનાં લગ્ન થયાં અને તે પછી દસમે જ દિવસે એકાએક સર ચીનુભાઈનું હૃદય બંધ પડવાથી અ-વસાન થયું. એ જ વર્ષમાં એમણે મૅટ્રિકની પરીક્ષા આપી. પરંતુ, એમનાં પત્ની ઇન્દુમતી નોંધે છે તેમ '...પહેલાં લગ્નને લઇને, અને પછી તરત જ મારા પિતાશ્રીના અવસાનથી, અભ્યાસમાં સારો એવો વિક્ષેપ આવ્યો, જેના પરિણામે પરીક્ષાનું પરિણામ સારું ન આવ્યું.'

પછી મૅટ્રિક થઈ એઓ ગુજરાત કૉલેજમાં જોડાયા. ત્યાં તો જાગ્યો ગાંધીજીનો આઝાદી-અહાલેક! યુવાન ચૈતન્યપ્રસાદે એમાં સક્રિયપણે ઝંપલાવ્યું. આરંભમાં એઓ ઍનાર્કિસ્ટોની ટોળીના સભ્ય બની રહ્યા. અંગ્રેજ સરકાર સામેના રોષ-પ્રતીક તરીકે ગુજરાત કૉલેજમાં આ ટોળીએ લૉર્ડ સિડનહામના બાવલાનું નાક કાપ્યું. પરિણામે કાંઈ પણ અનિષ્ટ બને તો ગભરાઈ નહિ જવા એમણે પત્નીને ચેતવેલાં. ત્યાર પછી તે મહાત્મા ગાંધીજીના અહિંસક આંદોલનથી એઓ આકર્ષાયા ને એમની વિચારસરણીમાં વળાંક આવ્યો. પરદેશી માલના વિરોધમાં એમણે પો-તાનાં બધાં જ વિલાયતી કપડાંની હોળી કરી, એટલું જ નહિ પરંતુ દેશભક્તિના રંગે રંગાઈ કૉલેજનો અભ્યાસ પણ ઈન્ટરની પરીક્ષા આપ્યા પહેલાં જ છોડયો. પછીથી ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થતાં એમાં જોડાઈ એમણે 'આર્ય વિદ્યા વિશારદ'નો અભ્યાસક્રમ લીધો. કૌટુંબિક અને રાષ્ટ્રીય કારણોસર અભ્યાસકાળ દરમિયાન વિક્ષેપો આવવા છતાં યે દઢ સંકલ્પબળના પ્રતાપે એમાં એઓ ઉત્તીર્ણ થયા અને વિદ્યાપીઠનાં સ્નાતકની પદવી મેળવી. ત્યારથી સતત અસહકાર આંદોલનમાં સક્રિય રહી એમણે ઈ. ૧૯૩૦માં છ માસની જેલ પણ ભોગવેલી.

એમની વિદ્યાપ્રીતિ માત્ર પદવી–પ્રાપ્તિમાં જ પૂરી થતી નહોતી. જીવનના અંત સુધી એઓ વિદ્યારત રહ્યા હતા તે એમનું હજારો પુસ્તકોનું સમૃદ્ધ પુસ્તકાલય પ્રતીત કરાવી આપે છે. ધર્મ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સાહિત્યનાં અનેકવિધ પુસ્તકોનું એમણે માત્ર વાચન નહિ પણ પાચન કર્યું હતું. એમની આવી પરિષ્કૃત રુચિ અને સંસ્કારપ્રિયતાએ સર્વશ્રી દાદાસાહેબ માવળંકર, ડૉ. હરિપ્રસાદ દેસાઈ, રવિશંકર મ. રાવળ, રસિકલાલ છો. પરીખ, ધૂમકેતુ જેવું વિશાળ વર્તુળ મેળવી આપ્યું હતું. એમની આ સંસ્કારપ્રિયતા એમની મિત્રો બનાવવાની કળામાં અને મૈત્રી નિભાવવાની કુશળતામાં પણ દૃષ્ટિગોચર થતી. પરપ્રાંતમાં પણ એમના આ મળતાવડા સ્વભાવે જદુનાથ સરકાર, રાખાલદાસ બૅનરજી, રામસ્વામી મુદલિયાર, વ્યંકટઅચલમ્, હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય અને રુક્મિણીદેવી જેવી વિવિધ ક્ષેત્રની નામાંકિત વ્યક્તિઓનો સ્થાયી પરિચય કેળવ્યો હતો. જાહેરના તેમ જ અંગત સંબંધોમાં તેઓ એટલા સૌજન્યશીલ હતા કે એક રીતે કહીએ તો એઓ અજાતશત્રુ હતા.



ફોટો · બલવંત ભટ્ટ

શીલભદ્ર સંસ્કારમૂર્તિ ચૈતન્યપ્રસાદ દીવાન

લેખક · ધીરુભાઈ પરીખ

એમની સાહિત્યાભિરુચિએ એમની પાસે ભલે ગણનાપાત્ર સર્જન નહોતું કરાવ્યું, પરંતુ અન્યોની સર્જનપ્રવૃત્તિમાં ઊંડો રસ લેવડાવ્યો હતો. ઈ. ૧૯૨૭માં એઓ ગુજરાત સાહિત્ય સભાના મંત્રી ચૂંટાયા ત્યારથી તે મૃત્યુપર્યંત એ સ્થાને રહીને ન ભુલાય તેવી સેવા અને સહાય આપેલી. વિકટ આર્થિક પરિસ્થિતિમાં કામ કરી રહેલી સાહિત્ય સભાના એઓ ડૉ. હરિપ્રસાદ દેસાઈના કહેવાથી રૂ. ૫૦૦ ભરી દાતા બન્યા. સંસ્થાનું વાર્ષિક લવાજમ રૂપિયા બે, અને સભ્ય સંખ્યા પણ ગણતરીની જ, એટલે સંસ્થાને જ્યારે જ્યારે આર્થિક જરૂર પડતી ત્યારે એમણે જ ઉદારતાથી મદદ કરેલી. આ ઉપરાંત બે મહત્ત્વનાં પ્રસ્થાન એમણે એ સ્થાને રહીને કર્યાં: એક, શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલની ગુજરાત વિદ્યાસભા) પાસેથી ગુજરાત સાહિત્ય સભાને હસ્તક લીધો, કારણ કે એની વ્યવસ્થા માટે સંસ્થાના મંત્રી સદ્ગત હીરાલાલ પારેખ ચિંતાતુર હતા. બીજું, પ્રત્યેક વર્ષે પ્રગટ થતાં પુસ્તકોની વિદ્વાનો પાસે વાર્ષિક વાઙ્મય સમીક્ષા કરાવવી શરૂ કરી. વળી, દરેક વર્ષે સાહિત્ય સભા તરફથી વિવિધ વિદ્વાનોનાં ડઝનેક વ્યાખ્યાનો અને ઐતિહાસિક સ્થળોનાં પર્યટનોની યોજના પણ એમણે શરૂ કરેલી. આ બધી પ્રવૃત્તિઓ એ નિર્વ્યાજ સાહિત્યભક્તિથી કરતા. એમની લાગણીનો તાર, આમ, સાહિત્ય સભા સાથે અકળરીતે ગૂંથાઈ ગયો હતો.

આ ઉપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદના પણ એઓ સહમંત્રી હતા, અને મહાત્મા ગાંધીજીના પ્રમુખપણા નીચે અમદાવાદ ખાતે ઈ. ૧૯૩૬માં તેનું બારમું અધિવેશન સફળ બનાવવામાં એમણે ભારે જહેમત ઉઠાવી હતી. સાહિત્ય ઉપરાંત રંગભૂમિ માટે પણ એમના મનમાં ઊંડી લાગણી પ્રવર્તતી હતી, ગુજરાતી રંગભૂમિના વિકાસ માટે કંઈક થવું જ જોઈએ એમ એઓ વારંવાર વિચારતા હતા. એમના આ ચિંતનને પરિણામે દીવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામની શતાબ્દી નિમિત્તે એકલે હાથે બધી પ્રારંભિક જવાબદારી ઉઠાવી ઈ. ૧૯૩૭માં અમદાવાદ મુકામે સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઈના અધ્યક્ષપદે પહેલી ગુજરાતી રંગભૂમિ પરિષદ એમણે સફળતાપૂર્વક યોજી. એ જ રીતે પહેલી ગુજરાત ઇતિહાસ પરિષદ પણ એમણે જ ગુજરાત સાહિત્ય સભા તરફથી ભારે ઉત્સાહથી યોજીને પાર પાડેલી.

એમની સાહિત્યપ્રીતિનું એક વધુ ઉદાહરણ આ 'કુમાર' માસિકને તેના આદ્ય તંત્રી શ્રી રવિશંકર રાવળે બંધ કરવાનો વિચાર જાહેર કર્યો ત્યારે એને જીવતદાન આપવામાં રહેલું છે. એમનો તો દૃઢ આગ્રહ કે કોઈ પણ હિસાબે 'કુમાર' તો ચાલુ રહેવું જ જોઈએ. આ માટે પોતાથી બનતું બધું જ કરી છૂટવાનો એમણે નિર્ધાર કર્યો. 'કુમાર'ને લિમિટેડ કંપનીમાં ફેરવવાની યોજના એમણે આગળ ધરી ત્યારે કેટલાકે એ યોજનાને અવ્યવહારુ પણ કહી. પરંતુ કૃતનિશ્ચયી ચૈતન્યપ્રસાદે ભારે પરિશ્રમ કરી પોતાની યોજના પાર ઉતાર્યે જ રહ્યા.

સાહિત્ય માટેનો એમનો અનુરાગ સંકુચિત નહોતો. આથી તો છેક બાળપણથી મેળવેલા સંસ્કૃતના પરિષ્કૃત જ્ઞાન ઉપરાંત ઉર્દૂ અને અંગ્રેજી સાહિત્યનો પણ એમણે ઊંડો અભ્યાસ કરેલો. ઈ. ૧૯૨૩માં નૈનિતાલમાં ખાસ ઉર્દૂ શિક્ષક પાસે એઓ ઉર્દૂ શીખ્યા હતા. એમનાં લખાણો, પત્રો, વક્તવ્યો, વાર્તાલાપો અને વાતચીત વગેરેમાં અનેકવાર આવતાં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી ને ઉર્દૂ અવતરણો એમની આવી બહુશ્રુતતાની પ્રતીતિ



દીવાન બહાદુર મોતીલાલ લાલભાઈ સાથે પુત્ર ચૈતન્યપ્રસાદ અને દૌહિત્ર રત્નમણિરાવ

સ્વ. રત્નમણિરાવ ભીમરાવ જોટ સ્વ. દી. બ. મોતીલાલનાં પુત્રી શાંતાબેનનું એકમાત્ર સંતાન, અને એ રીતે તેઓ સ્વ. ચૈતન્યપ્રસાદના ભાણેજ હતા. દીવાનજીના કુટુંબમાં જ એમનો ઉછેર થએલો. ઘરમાં અને પછી નિકટના વર્તુળમાં તેઓ ભાણાભાઈના નામે જ ઓળખાતા. સાહગીના ચાહક અને મર્માળા હાસ્યકાર, ગુલાબી સ્વભાવના ભાણાભાઈ તલસ્પર્શી અભ્યાસી અને પરિશ્રમી સંશોધક હતા. જ્યોતિષ અને સંસ્કૃતના સારા જાણકાર હોવા સાથે એમણે 'ગુજરાતનું વહાણવટું' જેવા લેખ તથા 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' અને 'ખંભાત' જેવા અભ્યાસપૂર્ણ ગ્રંથો દ્વારા પોતાનું ઇતિહાસનું જ્ઞાન અને નગરરચના તથા સ્થાપત્યસૌંદર્યની પોતાની ઊંડી સમજ દર્શાવવા સાથે ગુજરાતના ગૌરવવંતા ઇતિહાસ ને સંસ્કારધનની પ્રતીતિ કરાવી છે. ઈ. ૧૯૬૦ની ૨૪મી સપ્ટેમ્બરે એમનું અવસાન થયું. (જુઓ 'કુમાર' અંક ૩૮૨)

આપે છે. વળી આદ્ય શક્તિમાં પરમ શ્રદ્ધાવાન હોઈ શ્રી શંકરાચાર્ય પ્રણિત 'સૌંદર્યલહરી'નું બૃહત્ પ્રકાશન કરવાની પોતાની તીવ્ર મનીષાને લઇને એમણે મહિસૂર, બૅંગલોર, બંગાળ વગેરે સ્થળેથી 'સૌંદર્યલહરી'ની અપ્રાપ્ય પ્રતો મેળવી હતી; પરંતુ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિને લઇને એમના મનની એ મુરાદ મનમાં જ રહી ગઈ!

સાહિત્યના આવા રસિક જીવ તદ્દન બીજે છેડે રમતગમત અને વ્યાયામમાં પણ એટલો જ ઊંડો રસ લેતા હતા. ક્રિકેટનો શોખ તો એમને મિડલસ્કૂલથી જ લાગેલો. હાઈસ્કૂલમાં ગયા પછી વ્યાયામનો રસ ઉમેરાયો. સ્કૂલની વ્યાયામ શાળામાં એઓ ખંતથી ત્યાં પ્રાપ્ય બધી જ વિવિધ અંગકસરતો શીખતા અને શરીરને કસતા. શરીર સશક્ત, સુદૃઢ અને સુંદર કરવું જોઈએ એવી એમની દૃઢ માન્યતા હતી. તેના અનુસંધાનમાં શ્રી છોટુભાઈ અને અંબુભાઈ પુરાણી અને ડૉ. હરિપ્રસાદ દેસાઈની પ્રેરણાથી એમને દેશી વ્યાયામ તથા કુસ્તીમાં પણ રસ જાગેલો. કુસ્તીની તો એમને એટલી બધી લગની લાગેલી કે ઘરે એ માટે ખાસ અખાડો કરાવ્યો હતો. રોજ સવારે પાંચ વાગ્યે ઊઠી કસરત બાદ એઓ કુસ્તી શીખતા અને તેના અનેક દાવપેચ હસ્તગત કર્યા હતા. ઘણા ય પહેલવાનો સાથે એમણે કુસ્તી પણ કરેલી. જાણીતા પહેલવાન ગામા એક વાર એમના શિષ્યો સાથે અમદાવાદમાં જાહેર દંગલ માટે આવેલા ત્યારે ચૈતન્યપ્રસાદને 'રેફરી' તરીકે નીમવામાં આવેલા એ હકીકત એમના કુસ્તી-જ્ઞાનની પ્રતીતિ કરાવી આપશે.

ક્રિકેટ, ટેનિસ, હૉકી, ફૂટબૉલ અને બૅડમિન્ટન જેવી પરદેશી રમતોમાં એમને રસ તો હતો જ, પણ ક્રિકેટમાં સવિશેષ દિલચસ્પી હતી. ક્રિકેટના ઉત્તેજનાર્થે એમણે 'બૅરોનેટ ક્રિકેટ ક્લબ' સ્થાપી, ગોડાંબે અને વિનુ માંકડ જેવા સિદ્ધ ખેલાડીઓને નિમંત્રી, પદ્ધતિસરનું શિક્ષણ અપાવી અમદાવાદમાં ક્રિકેટનું સ્થાન ઊંચું આણેલું. વળી 'ઑલ ઇન્ડિયા ક્રિકેટ-બોર્ડ'ના ગુજરાતના પ્રતિનિધિ તરીકે પણ ગુજરાતનું નામ રોશન થાય એ માટે પ્રયત્નશીલ રહેતા. ક્રિકેટની કૉમેન્ટરી જ્યારે ગુજરાતીમાં આપવાનો નિર્ણય લેવાયો ત્યારે સર્વશ્રી ચંદ્રવદન મહેતા અને હિનુભાઈ દેસાઈ સાથે અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાયોની ચર્ચામાં એમનું ઝીણું ક્રિકેટ-જ્ઞાન પ્રગટ થતું એમ શ્રી ચન્દ્રવદન મહેતાએ નોંધ્યું છે.

આવી બહુવિધ રસવૃત્તિ ધરાવનાર દીવાનજીની ચિત્તવૃત્તિ ઉદાત્ત હતી. શ્રી કે. કા. શાસ્ત્રી નોંધે છે કે જ્યારે ધંધાની મોટી ખોટથી આર્થિક સ્થિતિ નબળી થઇ ગઇ ત્યારે નોકર વર્ગમાંથી કાંઈક ઓછું કરવાની સલાહ મળી. એ સાંભળીને એઓ સહજભાવે બોલ્યા: 'મારા પિતાશ્રીના વારાથી આ ચાલ્યાં આવે છે. એક કે બે હતાં તેમાંથી આ કુટુંબ થયું છે. એ બધાંને હું ફેંકી દઉં? હું અરધું ખાઈશ, અરધામાં એ!' વિપત્તિમાં પણ એમનું દિલ કેવું દરિયાવ હતું તે આ દૃષ્ટાંત પરથી જોઈ શકાશે. ગમે તેવા સંકટમાં પણ એઓએ સ્વાર્થ તરફ દૃષ્ટિ કરી નહોતી.

અંગવ્યાયામ માત્ર શરીરસૌષ્ઠવ અને દેહસૌંદર્ય જાળવવા પૂરતો જ એમને મન નહોતો, એ દ્વારા એમણે જીવનસૌન્દર્ય પણ દાખવ્યું હતું. એક વાર રાત્રે શહેરમાંથી બંગલે જઈ રહ્યા હતા, તેમાં ઘેર પહોંચતાં મોડું થયું. કપડાં તો ધૂળ ધૂળ! પત્નીએ પૂછ્યું: 'આટલું મોડું કેમ થયું? અને આટલી બધી ધૂળવાળા કેવી રીતે થઈ ગયા?'

એઓ કહે: 'હાથીખાડમાં ત્રણચાર ગુંડા એક બાઇને સતાવતા હતા. એમની સાથે ઝપાઝપી થઈ તેથી ધૂળ ધૂળ થઈ ગયો છું, અને બાઇને છોડાવી બચાવી એને ઘેર પહોંચાડી તેમાં મોડું થયું.' ગમે તેવા વિકટ સંજોગોમાં પણ ઝંપલાવવાની એમની હિમ્મતમાં ને પરાર્થે ઉપયોગી થવામાં એમના હૃદયની અમીરાઈનું દર્શન થયા વગર નહિ રહે.

વેપાર-ઉદ્યોગ એમનો આર્થિક વ્યવસાય. પરંતુ એમાં એમને ત્રણ ત્રણ વાર ફટકા પડયા. આવા કપરા સમયમાં પણ શ્રી ચૈતન્યપ્રસાદે હૃદયની અપાર ધૃતિથી સ્વસ્થતા જાળવીને કામ લીધેલું. રમતગમતમાંથી કેળવાએલી ખેલદિલી એમને જીવનમાં સદાય સહાયભૂત થતી રહી હતી. એ આપત્તિમાં અને જીવનની છેલ્લી માંદગી વખતે એમને ધર્મશ્રદ્ધાએ પણ સારો સહારો આપ્યો હતો. શ્રી અરવિંદ અને શ્રી માતાજી પરની પરમ શ્રદ્ધાએ એમની ખરાબે ચડેલી જીવનનૌકાને સમાલી લીધી હતી.

આવા મહામના મહાનુભાવે ૩જી માર્ચ ૧૯૭૦ના રોજ ચિર વિદાય લીધી ત્યારે ગુજરાત સાહિત્ય સભાની પ્રવૃત્તિને, વધુ ચૈતન્યમય બનાવવાની અનુગામીઓની કૃતનિશ્ચયતા દ્વારા જ એમનું સાચું તર્પણ થઈ શકે. બાકી તો, તેઓ સૌજન્યમૂર્તિ હતા, શીલભદ્ર હતા, સાહિત્યરસિક અને વ્યાયામ શોખીન હતા, અચ્છા વ્યવસ્થાપક (માટે તો ડૉ. હરિપ્રસાદ એમને 'ગડીબંધા' કહેતા) અને સફળ સંચાલક હતા, રાષ્ટ્રપ્રેમી અને ધર્મપ્રેમી હતા, હિમ્મતવાન અને ધૈર્યવાન હતા, સદૈવ કાર્યરત અને કૃતનિશ્ચયી હતા, પરોપકારી અને પરમાર્થબુદ્ધિ હતા... એમ કેટકેટલાંય ગુણસંકીર્તનથી આપણે સહજમાં રાજી થઈ શકીશું!

અશ્વિન દેસાઇ

વાર્તા

મરણ

ઘડીના છઠ્ઠા ભાગમાં મણિલાલનો જીવ નીકળી ગયો.

મણિલાલને તો સ્વપ્ને ય ખયાલ નહિ, કે આમ અચાનક મોત આવશે. એ તો હજી ટેબલનાં ખાનાંમાં પાવતી બુક જ ગોત્યા કરે. અને મનમાં ધાસ્તી, કે હમણાં શેઠની કૅબિનમાંથી બરાડો થશે, કે: 'મણિલાલ! ફલાણા નંબરની પાવતીની કૉપી લાવો.' અને પાવતી-બુક સાલી ક્યાં મુકાઈ ગઈ, તે મળતી જ નથી! મણિલાલ તો હજી પોતાની યાદશક્તિને ગાળ જ દેવાની તૈયારી કરે, ત્યાં તો ટપ દઈને, ભગવાનનું કરવું તે, મણિલાલને ઉપાડી લીધો!

મણિલાલને થયું, ચાલો નિરાંત થઈ, હવે મળસ્કે ચાર વાગ્યે ઊઠીને જાહેર નળ ઉપર પાણી માટે રકઝક કરવાની પંચાત મટી. સંડાસની લાઈનમાં ઊભા રહેવાનું ટળ્યું. રાતે પાણીમાં નાખવાનું ભૂલી જવાથી સુકાઈ ગએલા દાતણને ચાવવાની ખોટી મહેનત ટળી. મોટા કિશોરને વાંચવા માટે હલાવીહલાવીને ઉઠાડવાનું, અને ન ઊઠે તો સવારના પહોરમાં ભાષણ કરવાનું મટ્યું.

મણિલાલને થયું, સવારના પહોરમાં પાશેર દૂધ માટે ડેરીએ ડેરીએ ફરવું પડે. અને પાટિયાં-ભાવની ચડ-ઊતર જોવી પડે, એના કરતાં તો, ભલું થજો ભગવાનનું કે, એણે આમ ચપટી વાગતામાં ઉપાડી લીધો. બળી, પાણી જેવી ચા પાતાં પાતાં પણ બૈરી સવારના પહોરમાં જ સંભળાવવાનું ચાલુ કરી દે તેના કરતાં તો, એય ને હવે શાંતિના ધામમાં જઈ શું!

હવે કોઈની સાડીબાર રાખવાની નહિ. આપણે આપણા મનના રાજા. અરધી ડોલ પાણીથી નાહ્યા-ન નાહ્યા કરીને ઑફિસ ભેગા થવાની દોડાદોડ તો નહિ! સાત-પચ્ચીસની ફાસ્ટ ગાડી આવે ન આવે, કૅન્સલ થાય, મોડી થાય કે ભાંગીને ભૂકો થઈ જાય તો ય હવે આપણે શું? આપણે ક્યાં હવે એ ગાડીમાં બેસવાનું રહ્યું છે, કે પાર વગરની ભીડ થાય તો ય ચિંતા કરવાની રહે? અરે સાલું પૅસેજમાં ઊભા રહેવામાં ય નિરાંત નહિ! કોઈની કોણી વાગે, તો કોઈની છત્રીનો ગોદો! અને લોકોના જાતજાતના પસીનાની વાસ! ભગવાને તો ખરેખરનો બચાવી લીધો આ ગાડીની ગીરદીના ચક્કરમાંથી! મણિલાલને થયું, હવે ઈશ્વરને એક જ વિનંતી કરવાની, કે લખચોરાસીના ફેરામાં પણ, મને કોઈ દિ' મુંબાઈની ગાડીમાં બેસાડીશ નહિ!

અને મોટો ત્રાસ તો મણિલાલને શેઠનો ગયો. ઘણી વાર મણિલાલને, જીવતો હતો ત્યારે ય, થતું કે આ તે કંઈ જિંદગી છે? ત્રીસત્રીસ વરસ એક માણસને ત્યાં તમે નોકરી કરો, ને પહેલાથી માંડીને તે છેલ્લા વરસ સુધી એકધારી હડધૂત? અલ્યા, મારા સફેદ વાળની તો શરમ રાખો! અરે શેઠિયા, હું આ પેઢીમાં કામે લાગ્યો ત્યારે તમારો જનમ પણ નહોતો થયો! અને તમારા બાપની ઉંમરના માણસને, તમે પંદર માણસની હાજરીમાં ધમકાવી કાઢો?! ભૂલ તો થાય; તમારી યે ભૂલ તો થતી જ હશે ને? તમને કોઈ તમારી ખુરશીમાંથી ઊભા કરીને માર્યા વાંકે મૂકે તો તમને કેવું થાય? મણિલાલને થયું, બહુ સહન કર્યું. સહનશક્તિની હદ આવી જાય ત્યાં સુધી મૂંગો માર સહન કર્યો. આખરે ઈશ્વરની નજર પડી ખરી. આખરે આ તિરસ્કારની દુનિયામાંથી છુટકારો થયો ખરો.

પણ બીજી જ પળે મણિલાલને નાનકો યાદ આવ્યો! નાનકો ઊઠીને 'બાપુ! બાપુ!' કરશે તો? એની મા એને હમેશની માફક કંટાળીને ધીબી નાખશે તો? નાનકો ડૂસકે ડૂસકે રડીને, ઉંબર ઉપર બાપુની રાહ જોતો ઊભો રહેશે તો? પડોશીનાં છોકરાં એને કહી દેશે, કે તારા બાપુ તો મરી ગયા, તો? નાનકો બધું ભૂલી જઈને, ઘરમાં જઈને એની માને પૂછશે, કે બાપુ મરી તો ગયા, પણ પાછા ક્યારે આવશે?—તો?

મણિલાલના દિલના ખૂણામાં એક ધક્કો વાગ્યો. હવે સાંજના થાકીને ઘરે જવાનું રહેશે નહિ. નાનકો દોડતો દોડતો એની સામે આવશે નહિ. એને વળગશે નહિ. 'બાપુ! ચકરડી?'—એમ પૂછશે નહિ. ચકરડી ન લાવ્યાનો કજિયો કરશે નહિ. સાથે એક થાળીમાં જમવા બેસશે નહિ. તોફાન કરશે નહિ. બાપુના વહાલની જરૂર પડશે નહિ.

હવે તો મોટા કિશોરને પણ કંઈ કહેવાપણું રહેશે નહિ. ફી માટે માસ્તરની ચિઠ્ઠી વાંચવી પડશે નહિ. નોટ-ચોપડાંનો બંદોબસ્ત કરવાનો રહેશે નહિ. પર્યટનમાં જવાની વાત સાંભળવાની રહેશે નહિ. ગણવેશ સીવડાવવાની કડાકૂટમાંથી પણ, મણિલાલને થયું, હવે ઊગરી ગયા.

રાશનની લાઈન પણ હવે મણિલાલ માટે નહિ હોય. લાલ ઘઉં મળશે કે પંજાબી, તેની ચર્ચા પણ હવે મણિલાલ માટે નહિ હોય. તેલ સરકાર રાશનમાં આપશે, કે નવ રૂપિયે કિલોવાળું લાવવું પડશે. તેની ચિંતા પણ હવે મણિલાલને માથેથી ગઈ. ખાંડ મળવાની હોય તો મળે, અને ન મળે તો જહન્નમમાં જાય! હવે, મણિલાલને થયું, મારે શું?

મણિલાલે જોયું, કે સારા એવા લોકો એના ઘર આગળ ભેગા થયા હતા. મણિલાલને થયું, લોકો માળા ગમે તેવા હશે, પણ લાગણીવાળા ખરા! મરી ગયો તો ભેગા તો થયા! મણિલાલે જોયું, કે એની બૈરી બે-ચાર બૈરાંઓ ભેગી બેસીને રડતી હતી. મણિલાલને થયું, પરણીને લાવ્યો તે દિ' એ જે રડેલી તે પછી આજે પાછી રડી! નસીબદાર બાઈ છે ને? જિંદગીમાં એને ગણ્યાંગાંઠ્યા પ્રસંગે જ આંસુ પાડવાનાં આવ્યાં!

મણિલાલે જોયું, કે મોટો કિશોર ધ્રુસકે ધ્રુસકે રડતો હતો. એક વાર સ્કૂલમાં માસ્તરે એને સખત માર મારેલો તે મણિલાલને યાદ આવ્યો. એને સહેજ કંપારી થઈ. હવે કિશોરને કોઈ મારશે-મૂકશે તો કોને જઈને ફરિયાદ કરશે? કોણ એને દાદ આપશે?

મણિલાલે જોયું, કે નાનકો ખૂબ જ આશ્ચર્યથી એના બારણામાં થતી ધમાલ જોઈ રહ્યો હતો. એને બીચારાને શી ખબર, કે આ બધી ધમાલ તો એના બાપુને કાયમને માટે એનાથી દૂર લઈ જવા માટે થાય છે? મણિલાલને સહેજ દુઃખ થયું. નાનકો હવે કેવી રીતે મોટો થશે એના વિચારો મણિલાલને આવવા માંડ્યા. નાનકા ઉપર પડવાનાં દુઃખોની કલ્પનાથી મણિલાલનું મન ભરાઈ આવ્યું. મણિલાલને થયું, જીવતો હોત તો છુટ્ટે મોંએ રડી પણ દેત; પણ હવે શું? ખેલ ખલાસ થઈ ગયો!

ઠાઠડી તૈયાર થઈ ગઈ. મણિલાલને ખાટલા ઉપરથી બધાએ જમીન ઉપર ઉતાર્યો. નવડાવ્યો. કોઈએ મોઢું ખોલીને મોઢામાં દહીં મૂક્યું. મણિલાલને થયું, કોઈ દિ' જમવા સાથે તો દહીં ભાળ્યું નહોતું; પણ ચાલો કંઈ નહિ, છેલ્લે છેલ્લે ય પામ્યો તો ખરો!

ઓરડાના એક ખૂણામાં ઘીનો દીવો થયો. બધાએ ખૂબ જ સાવચેતીથી ઊંચકીને મણિલાલને ઠાઠડીમાં મૂક્યો. બે-ચાર જાણકાર માણસો આગળ આવ્યા. કાથાની દોરી મંગાવી. મણિલાલને થયું, કાથાની દોરી બાંધશે તો શરીરમાં વાગશે ય ખરી જ તો! પછી થયું, હવે ક્યાં જ્ઞાનતંતુઓ કામ કરવાના છે! હવે કોઈ ચાબુકથી ફટકારે તો ય શું?

બધી વિધિ પૂરી થઈ. કિશોરને સમજાવીને કોઈએ એના હાથમાં દોણી પકડાવી ને આગળ ચાલવા કહ્યું. પાછળ મણિલાલની યાત્રા નીકળી.

મણિલાલને થયું, ઘરને હવે છેલ્લી સલામ કરી લેવી જોઈએ. બૈરીની માફી માગી લેવી જોઈએ, કે મારા જેવા અભાગિયાથી તને જિંદગીમાં તો કંઈ સુખ અપાયું નથી, મરીને પણ તને દુઃખી કરવાનો! પણ, મણિલાલને થયું, હવે હાથ પણ ક્યાં ઉઠાવી શકાય એમ છે? (અનુ. પૃ. ૨૫૮)

ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ

[માર્ચ ૧૯૭૩ના અનુસંધાનમાં
[વિલંબ માટે ક્ષમા પ્રાર્થના સાથે]

૯ 'સૌરાષ્ટ્ર'ના ખાખીઓ વચ્ચે

લેખક
કનુભાઈ જાની



અમૃતલાલ શેઠ→

વાર્તામાં વાંચ્યું છે કે બૂંગિયો વાગે, ગામમાં રીડ પડે કે તરત લગ્નને માંડવેથી પણ નવજુવાન સીધો સમરાંગણમાં પહોંચી જતો. એ જમાનો હશે ખરો? કોણ જાણે! પણ લગ્ન પછી બિનજોખમી, સ્થાયી, ઊંચી કમાણીવાળો ધંધો શોધવાને બદલે, કે થોડો કાળ ઍશઆરામમાં ગાળવાને બદલે, જોખમમાં જીવનારાની જમાતમાં, બહુ સહજ રીતે, કોઈ દેખાડા વિના, ભળી જનારની સંખ્યા ૧૯૨૦થી '૩૦ના ગાળામાં નાની નહોતી. 'એ તો ગાંધીપ્રભાવ' કહીને એવાઓનાં સાહસ-સ્વાર્પણનું મૂલ્ય ઓછું આંકવાની આપણને આદત પડી છે. રખેને ગાંધીભક્તિ અભડાય! હા, એટલું ખરું કે બંગભંગ, હોમરૂલ, પંજાબના અત્યાચારો, ખિલાફત ચળવળ ને 'ગાંધી' નામની ફિનૉમિનાએ પ્રગટાવેલી સ્વરાજ્ય માટે ફના થવાની તમન્ના—એ વાતાવરણે એમનામાં અજંપો, સંકલ્પો ને એને સહજરીતે વ્યવહારમાં ઉતારવાનો સ્વભાવ બક્ષ્યો હતો.

ઈ. ૧૯૧૯માં ગાંધીજીએ 'નવજીવન'થી આપણા પત્રકારત્વમાં રાજકારણીય ચર્ચાનો આરંભ કરેલો. પણ રજવાડાંની નવ કરોડ પ્રજાના અવાજનું શું? એ માટે કોઈ પત્ર નહોતું. એ કાઢવામાં ત્રેવડું જોખમ હતું: અત્યંત સંકુચિત, ન્યાયવિહીન, જુલ્મી, રજવાડાંના આપખુદી તંત્રનું જોખમ; પોતાના અંગત સ્વાર્થને ખાતર તંત્રવિરોધી લાગતાને પકડાવવા-સપડાવવા સદાઉદ્યુક્ત 'રાજરત્નો'નું જોખમ; ને એજન્સીને નામે અંદરોઅંદરના કાવાદાવાનો લાભ ઉઠાવતા, કપિવૃત્તિના અંગ્રેજી તંત્રનું યે જોખમ! એ બધાંની સામે બાખડી બાંધનારને પડખે જવાનું ભણેલગણેલ શક્તિશાળી પુત્રે પસંદ કર્યું એ નિવૃત્ત પોલીસ અધિકારી કાળિદાસભાઈને પસંદ ન પડ્યું. પણ પિતાની નારાજગીથી પુત્રે નિર્ણય ન બદલ્યો. લગ્નને એક માસ માંડ થયો હશે ત્યાં, એને સામે ચાલીને બોલાવનાર 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાં રૂપિયા પંચોતેરના પગારે જોડાવા, ઈ. ૧૯૨૨ના જુલાઈના અરસામાં રાણપુરમાં આવેલા રવજીભાઈની ચાલીને ડેલે એ જુવાન પહોંચી ગયો.

વરખડાના ઝાડતળે એક જણ દેવદારનું ખોખું મૂકીને લખતો હતો. એ ઊભો થયો. 'આવો' કહીને એને અંદર દોરી ગયો. ગારમટોડીના જૂના ખોરડામાં ગાદલાના વીંટા પર પાટિયું મૂકી બીજો એક જણ લખતો હતો. સાશ્ચર્ય સસ્મિત એણે પૂછ્યું: 'આવી ગયા?' ત્યાં તો અંદરથી એક પ્રભાવશાળી ટૌકો પડયો: 'ઓહો, ઝવેરભાઈ! આવી ગયા કે?' ને બોલનાર બહાર આવ્યા. એ હતા અમૃતલાલ શેઠ. એમને સૌ 'ભાઈ' કહેતા.

'હા ભાઈ.' ઝવેરભાઈ એમને જોઈ રહ્યા. રજવાડાંના કઈક જાસાને ખિસ્સામાં મૂકીને 'સૌરાષ્ટ્ર'ની ધાક બેસાડનાર, પોતે કલકત્તા છોડયું એ જ અરસામાં, નવેક માસ પર લીમડીની ન્યાયાધીશી છોડી, 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકનું જોખમી સાહસ—માત્ર મુંબાઈની એક સભામાં પડકારરૂપે આવી પડ્યું તેથી,—કોઈ પૂર્વ અનુભવ વિના, ઉપાડી લેનાર...

એક ક્ષણમાં તો યાદ આવી ગયો નવેક માસ પહેલાંનો પ્રસંગ: પ્રજાસેવાની તમન્નાથી ન્યાયાધીશી છોડી, ત્યાં ધ્રાંગધ્રાના પ્રજાજનો પર ખાદી-તિલકફાળા માટે ત્રાસ ગુજાર્યાનો બનાવ બન્યો. એની તપાસ માટે ગએલાને અતિથિગૃહમાં ગોંધી દીધા! એના સમાચાર ગુજરાતનાં છાપાંઓએ ન છાપ્યા! એનો બળાપો મુંબાઈની એક સભામાં કાઢ્યો ત્યારે ઉત્તર મળ્યો: 'તો પછી તમે જ એવું છાપું કાઢોને!'

'ભાઈ, પૈસા જોઈએને!'

'કેટલા જોઈએ?' 'પચીસ હજાર.'

'જાઓ, આપ્યા!' શ્રી જગજીવનદાસ ઊજમશી, શ્રી છોટાલાલ કોઠારી, શ્રી કેશવલાલ મૂળચંદ વગેરે શ્રીમંતોએ એના ભાષણ દરમિયાન જ સંતલસ કરી લીધેલી; એટલે તરત જવાબ આપ્યો. એણે પણ પડકાર ઝીલ્યો: 'તો લીધા! ને આ પેપર કાઢ્યું સમજો!'

ને પછીના પંદર દિવસમાં જ, રજવાડાંની વચ્ચેના અંગ્રેજી હકૂમતવાળા રાણપુરને પસંદ કરી, લીમડીથી એક નાનું પ્રેસ ને એના માણસોને ત્યાં લાવી, એણે ૧૯૨૧ના સપ્ટેમ્બરમાં પ્રેસ ચાલુ કર્યું ને ઑક્ટોબરમાં ગાંધીજયન્તીને દિવસે તો સાપ્તાહિક પણ બહાર પાડયું. અને પછીના નવ માસમાં તો આ પત્રે કેવી ધાક પાડી છે!...ને ઝવેરભાઈની નજર ગઈ ભીંતે લટકતી એક છ ભડાકાની મોટી બંદૂક તરફ.

'શું જુઓ છો ભાઈ?' 'આ...'

શેઠ હસ્યા: 'શું કરીએ ભાઈ! તમે જાણો છો ને? જાસા ને જોખમ વચ્ચે જીવવાનું છે. વાપરવા વેળા તો આવી નથી, પણ ભડાકાની હવા રાખવી પડે છે. ધાક રાખીએ છીએ. જુઓ આ...' કહીને ખિસ્સામાંથી નાનકડી છ બારની રિવૉલ્વર કાઢી, ને પાછી સરકાવી દીધી.

'તમે નિશાન લઈ શકો કે?'

'ભાઈ તો ઝાડ પર નિશાનો મૂકીને કૈંક વેળા ઉડાડી મૂકે છે.' પાસેના માણસે કહ્યું.

ઝવેરભાઈને, કે કોઈને ય, ત્યારે ક્યાં ખબર હતી કે આ માણસ 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ', 'જન્મભૂમિ' જેવાં પત્રોથી જ નહિ પણ અનેક અખબારી પરાક્રમોથી પંકાશે? ખાસ તો, અખબારી ખબરપત્રીને નાતે બ્રહ્મદેશ જઈ, અંગ્રેજ ફોજ વચ્ચે કૅપ્ટનને દરજ્જે રહી, એમનાં જ જીપો-વિમાનો વાપરી, ખબર પડશે તો તરત જ ગોળીએ વીંધાશે એ જાણવા છતાં, ક્રાંતિવીરોનાં છૂપાં સ્થળોની ભાળ મેળવી, સંપર્ક સાધી, ફોજના જ માણસો પાસે, એમને ગંધે ય ન જાય તેમ-સુભાષબાબુની આઝાદ હિંદ ફોજ ને આરઝી હકૂમતના દફતરનું આખું પોટલું ઊંચકાવી ઊંચકાવીને, ફોજના જ વાહનમાં એ બધું ભારત ભેળું આ કરવાનો છે!

'એ તો બધું ઠીક છે. આમને ઓળખો છો ને?' 'ભાઇ'એ પૂછ્યું.

'હા; ભીમજીભાઈ સુશીલ' કહીને ઝવેરભાઈએ વંદન કર્યાં.

સૌમ્ય, સત્ત્વશાળી વિચારક, આજન્મ સંયમી, એકાંકી વ્રતધારી; છતાં અત્યંત રમૂજી સ્વભાવના; અનેક ધર્મપુસ્તકોના લેખક; અંગ્રેજી-હિંદી-સંસ્કૃતના જાણકાર, સારા ભાષાંતરકાર, બંગાળીના ય અચ્છા જાણકાર એ લીમડીના ભીમજી હરજીવન પારેખ. ત્યારના અનુભવી કલમકશ. એમને કોણ ન ઓળખે? એ ભીમજીભાઈ બોલ્યા: 'ભાઈ, મને હતું કે તમે નહિ આવો. આવ્યા તેથી બહુ આનંદ થયો.'

'ને અમારા બળવંતભાઇને?' આરંભકોમાંના એકને ભાઇએ યાદ કર્યા.

'અમારી તો એક જ કૉલેજ—' ઝવેરભાઈએ ઉત્તર વાળ્યો.

'હા, એ તો ભૂલ્યો. તમે બન્ને શામળદાસ કૉલેજમાં ભણેલા, કેમ?'

'હા, જો કે આગળ-પાછળ.'

'બરાબર; બળવંતભાઈ તો વચમાં થોડો વખત અમદાવાદની ગુજરાત કૉલેજમાં જઈ આવેલા, કેમ?' 'હા.'

'સૌરાષ્ટ્ર' પત્રના આરંભે જોડાનારમાંના એક હતા એ ભાવનગરના બળવંતરાય ગોપાળજી મહેતા. એવા મેધાવિ, કે મૅટ્રિક સુધીમાં 'સરસ્વતીચંદ્ર'ના ચારે ભાગના અભ્યાસથી એમના શિક્ષકોને પ્રભાવિત કરેલા. શિષ્યવૃત્તિ તો મેળવે જ. શામળદાસ કૉલેજમાં અભ્યાસ કરતા ત્યારે વાંચવાની ઝડપ એટલી કે એક દિવસે લીધેલું પુસ્તક બીજે દિવસે પુસ્તકાલયમાં પરત કરે! એથી ગ્રંથપાલે નામ પાડેલું 'તારમાસ્તર'! અર્થશાસ્ત્ર ને ઇતિહાસ લઈ બી. એ.ની પરીક્ષા તો પસાર કરી, પણ ગાંધી-આદેશ પાળી ડિગ્રી ન લીધી; ગુજરાત વિદ્યાપીઠની 'અર્થશાસ્ત્ર–વિશારદ'ની પદવી સ્વીકારી.

'આપ પહેલેથી એકબીજાને ઓળખો કે?' ઝવેરભાઈએ પૂછ્યું.

'ના. એમને તો નગીનભાઈએ મેળવી આપેલા.' ભાઈ બોલ્યા.

'નગીનભાઈ કોણ?'

'ભાવનગરના સ્ટેશનમાસ્તર. ત્યારે એ ભાવનગર રેલવે સેવકમંડળના મંત્રી તરીકે કામ કરે. સ્ટેશને સ્ટેશને ફરી કામદાર મંડળો સ્થાપે. મને નગીનભાઈ સારી રીતે ઓળખે. એ ગાળામાં મેં મુનસફગીરી તાજી છોડેલી. પ્રજાકીય સંગઠન ને લોકતંત્રનાં અમારાં સ્વપ્ન. હિન્દસેવક સમાજ ને હૉર્નિમૅન જેવાં પરાક્રમો પર અમે બન્ને મુગ્ધ. ત્યાં અમારો પરિચય થયા પછી તરત 'સૌરાષ્ટ્ર'નું નક્કી કર્યું, ને નિમંત્રણ આપ્યું કે એ જોડાય.'

બાકીનાની પણ ઓળખાણ કરાવી. કાળિદાસ શેલત, નરસિંહ મૂ. શાહ વગેરે પણ ત્યાં હતા. 'આવો, મશીન બતાવું' કહીને મશીન પાસે લઈ ગયા. સેંકડો રજવાડાંને ઉપરતળે કરનાર પત્રનું આવું નાનકડું સાધન! હાથે ચકરડું ફેરવીને ચલાવાતું નાનું મશીન!

'આ અમારા સદુભા.' ચક્કર ફેરવતો માણસ થંભી ગયો. બીજાએ આવી એની પાસેથી લઈને ચકરડું ફેરવવા માંડ્યું. 'ભાઈ, આ થાકે એટલે અમારો ય વારો આવે હોં!' કહીને ભીમજીભાઈ હસ્યા.

'ભાઈ પોતે ય ક્યાં નથી ચલાવતા?' સદુભા બોલ્યા.

'શરૂઆતમાં ચલાવતો...' અમૃતલાલ બોલ્યા.

'અરે, શરૂઆતમાં તો અમે સૌએ બહુ મહેનત કરી છે...'ભીમજીભાઈએ કહ્યું. ત્યાં 'ભાઈ' બોલ્યા: 'ઓહોહો! શું એ દિવસો હતા?... સવારના વહેલા પાંચ વાગતાં ઊઠી, દાતણપાણી કરી, લખવાનું હોય તો તે સવારના સાત પહેલાં તો પૂરું થાય. પછી, બધાય ૧૫–૨૦ માણસો સાથે બેસીને ચા અને દાળિયાનો નાસ્તો કરીએ...' ભાઈએ કહ્યું.

'એ ઊઠવાનું ને ચા-નાસ્તો તો હજી યે ચાલુ છે' ભીમજીભાઈ બોલ્યા.

'પણ શરૂઆતના દિવસોમાં કરકસરના જીવન તરીકે અમારે ત્યાં રસોઈયો નહોતો. અમે કોઈ કુટુમ્બ લઈ આવ્યા નહોતા. એટલે બધા કામમાં લાગે ત્યારે સમય બચાવી લઈને વચમાં એકાદ કલાકમાં બધાયને માટે હું રસોઈ બનાવી લઉં અને બધાને ખૂબ પ્રેમથી જમાડું. એમાં વઢવાણ કે ભાવનગર કોરથી રેલમાં મહેમાનો તો આવ્યા જ હોય; એમને મારા પોતાના હાથની બનાવેલી ઘઉંની ભાખરીઓ, તીખું તમતમતું શાક અને ગોળ જમાડું. છાશના લોટા પાઉં, અને એ બધાને ખુશખુશ કરી દઉં.' (ધનવંત ઓઝા કૃત 'અમૃતલાલ શેઠ,' પૃ. ૩૦)

'પણ તમારે ભાગે તો હવે, ભાઈ, કુટુમ્બ સાથે રહેવાનું આવ્યું છે હોં!' સુશીલ હસતાં હસતાં બોલ્યા. 'હા ભાઈ! તમે હવે ભડકશો નહિ હો! એમને એમનો ઉતારો બતાવજો, હો.' કહીને 'ભાઇ' કામે વળગ્યા.

'ભાઈ યે ગજબ છે. રાજીનામું પાછું ખેંચવા લીમડીના ઠાકોરસાહેબ દોલતસિંહજી પોતે ઘેર આવ્યા ને દીવાનગીરીની લાલચ આપી. એ મૂકીને અહીં આવ્યા! ને કોઈ કામમાં પાછા પડતા નથી. અમે સમાચારોની ચકાસણી માટે જાતે નીકળીએ છીએ ત્યારે પોતે પણ નીકળી પડે છે.'

લ ઘુ ક થા

પત્ર

રમેશ ત્રિવેદી

હાથમાં માળા લઇને બેઠાં હતાં છતાં સગુણાબેનનું ચિત્ત આજ એમાં ચોંટતું નહોતું. એમની બંધ આંખો સમક્ષ ઘડીકમાં જદુનાથનો તો ઘડીમાં પુત્રવધૂનો ચહેરો ઊપસી આવતો હતો. એ જોતાં હતાં કે પરણ્યા પછી પુત્રવધૂ બીજી વાર સાસરે આવી ત્યારથી ઉદાસ દેખાતી હતી, વારેવારે એ કોઈ ઊંડા વિચારોમાં ડૂબી જતી હતી. એમાં આજે તો વળી એના પર એક પત્ર આવ્યો હતો. કોનો હશે એ પત્ર? એના હાવભાવ પરથી તો લાગે છે કે એના હૃદયમાં કોઈકની યાદ સતાવતી હશે. મારા પુત્ર સિવાય કોઈ બીજો... પણ ઓહ ભગવાન! શું થયું છે આજે મને! માળા લઈને બેઠી છું અને આવા વિચારો!' સગુણાબેન અકળાઈ ઊઠયાં. વિચારોને દાબવા એમણે મોટેથી ભગવાનનું નામ લેવા માંડયું.

'બા!' બારણામાં ઊભેલી વહુએ ધીમા સાદે એમને બોલાવ્યાં.

'કેમ, સુશીલા?' સગુણાબેને આંખો ખોલી સ્વસ્થ થતાં કહ્યું. સુશીલા આગળ આવી. નીચા નમી એણે હાથમાંનો પત્ર સાસુના હાથમાં મૂકતાં કંપતા સ્વરે કહ્યું. 'મારી નાની બેનનો પત્ર છે. બાપુજીની તબિયત...'

પણ એ આગળ બોલી ન શકી. સગુણાબેન કૈં પૂછે એ પહેલાં એ આંખો લૂછતી પૂજાની ઓરડીમાંથી બહાર નીકળી ગઈ.

પોતાની આશંકાઓ ખોટી ઠરતાં સગુણાબેને નિરાંતનો શ્વાસ લીધો. એમની આંખો હાથમાંના પત્ર પર મંડાઈ રહી. વર્ષો પહેલાંની સ્મૃતિઓ સળવળી ઊઠી. પરણ્યા પછી એમના પર પણ એક પત્ર આવ્યો હતો. અને એમના જીવનને એણે ક્ષુબ્ધ કરી મૂક્યું હતું. પતિની ધોંસરી ફગાવી દઈ પોતાની સાથે ચાલી નીકળવા માટે જદુનાથે એમને લખ્યું હતું.

હાથમાંના પત્રને એ ક્યાંય સુધી સૂની આંખે તાકી રહ્યાં. એમના પ્રૌઢ ચહેરા પર દર્દની ટશરો ફૂટી રહી હતી. આજે પુત્રવધૂ પર પત્ર આવ્યો અને પોતે એને માટે શું ધારી બેઠાં હતાં? □

'એટલો વખત તમને ક્યારે મળે છે?'

'સોમ–મંગળ–બુધ–ગુરુ ચાર દિવસમાં સાપ્તાહિકનું કામ પતાવીએ. દરમિયાનમાં, મળેલા સમાચારોની ચકાસણી કરવા કોણે ક્યાં જવું એ નક્કી કરી નાખીએ. છાપું બહાર પડે કે અમે ય બહાર પડીએ. એમાં ભાઈ તો ભર વરસાદમાં ય ક્યારેક તો દિવસના વીસ-પચીસ ગાઉ કાપે.'

'પગે?' 'ના. ઘોડા પર.'

અમૃતલાલભાઈની એક રચનાની પંક્તિ ઝવેરભાઈને યાદ આવી:

'ચાલો વ્હાલી! જગતભરના ભોગ-મોજો ત્યજી દો.'

'છાપું છપાયા પછી ઘડી વાળવી, રૅપર ચડાવવાં, ટિકિટો ચોડવી— બધું કામ હારબંધ બેસીને હાથોહાથ પતાવતાં'ક ને કોથળો ભરીને ખાંધે ચડાવી આ પોસ્ટઑફિસ ભેળો કરી દઈએ એટલે છુટ્ટા!'

વાતો કરતાં કરતાં એમણે એ મકાન જોઈ લીધું. એક વંડો હતો. આસપાસ ચારે બાજુ ઓરડીઓ. આગળ સળંગ ઓસરી. વચમાં મોટો ચૉક. કાચાં ગારમાટીનાં મકાનો. એક બાજુના ખળા જેવા ઓરડામાં મશીન ને કાર્યાલય. એકમાં ભીખાભાઈ કોઠારીની સહાયથી મળેલું પુસ્તકાલય. ત્યાં સામયિકો પણ હતાં ને ઉપયોગી લાગતાં પુસ્તકો ગમે તે કિંમતે મંગાવી લેવાની અમૃતલાલભાઈની સૌને સૂચના હતી.

'ભાઈ, તમારા કુટુંબ માટે આ બે ઓરડા રાખ્યા છે.' સુશીલભાઇએ જગ્યા બતાવી. સૌ સાથે રહેવાય એ ખાતર કુટુંબ દીઠ બબ્બે ઓરડા ફાળવ્યા હતા. ઝવેરભાઈની બાજુમાં જ નરસિંહ મૂ. શાહ હતા.

કુટુંબને બોલાવી લીધું. બગસરા ને રાણપુર બેના ખર્ચા પરવડે નહિ.

સંગીત-સમજ · ૨૫

રાગ મારવા

સાધુરામ ન્યા. ચોધ

'**આ**જ ઔર આવાઝ' ફિલ્મનું એક ગીત 'પાયલિયાં બાવરી...' તો ઘણાએ સાંભળ્યું હશે. સંગીતકાર નૌશાદે મારવા રાગ પર આધારિત એની બંદિશ કરી હશે તેમ લાગે છે. જો કે ધ્યાનપૂર્વક સાંભળતાં એમાં પુરિયા તથા સોહિણી રાગની ઝલક પણ જણાય છે. પરંતુ નૌશાદે કોમળ ઋષભ અને ધૈવત પર વધુ ભાર આપ્યો હોઈ એને મારવા રાગ પર આધારિત હોવાનું માની શકાય.

કોલ્હાપુરવાસી આઝમબાઈએ ગાએલી મારવા રાગની એક ચીજ 'પિયા બિન જિયરા નિકસો જાત મોરા' જો સાંભળી શકો તો તેમાં જણાશે કે નિ રે ગ મં ધ એ સ્વરો લઇને ગાંધાર સ્વર પર રાગનું મુખબંધન (સમ) કરીને એમાં રોમાંચક અસર ઊપજાવી છે. ઉસ્તાદ વિલાયતહુસેનખાંએ આડા ચૌતાલમાં વિલંબિત લયમાં ગાએલી ચીજ 'માઈ મોહે કાહુંકી કા પરી' સાંભળો તો તેમાં ષડ્જ પરથી લાગલા જ ધૈવત સ્વર પર મુકામ કરીને તેની વિલક્ષણ સ્વરસંગતિની ખૂબી દ્વારા અપૂર્વ મોહકતાથી મારવા રજૂ થતો જણાશે. 'રે જગ બાવરે' જેવી ચીજ પણ મારવાનું ઉત્તમ ઉદાહરણ છે.

આપણા સંગીતમાં આવી ચીજોનું ઘણું મહત્ત્વ છે. જુદાંજુદાં ઘરાણાંઓમાં જુદીજુદી ચીજોનું રાગરૂપ વિશિષ્ટ રીતે રજૂ થતું જોવા મળે છે. જો કે આ બધી ચીજોમાં રાગનિયમ, રાગાંગ વગેરે બધું તો એકસરખી રીતે જળવાય છે, પણ અલગઅલગ ઘરાણાંના ગાયકો પોતપોતાની આગવી રસમ મુજબ રાગાંગ વ્યક્ત કરે છે. આ તફાવતો એવા ઘરાણાદાર ગાયકોને વારંવાર સાંભળ્યા વિના સમજી શકાય તેમ નથી.

મારવાનો કોમલ ઋષભ અને ધૈવત તથા એ બંને સ્વરોની સંગતિ દર્શાવતા ગ મં ધ સ્વરોની ખૂબી ન્યારી જ છે. મારવાનો કોમલ ઋષભ વક્ર છે તેમ પણ કહી શકાય. કારણ તેની ઘણીખરી તાન કોમલ ઋષભ પર પૂરી કરવામાં આવે છે. ધ મં ગ રે, ગ મં, ગ રે સા સ્વરો મારવાના જીવભૂત સ્વરો ગણાય છે. ગમક કે મીંડના પ્રયોગો મારવામાં થતા નથી. કેમ કે એમ કરવા જતાં તુરત તેમાં પુરિયા રાગની છાયા પડવા લાગે છે.

મારવા રાગના આરોહ-અવરોહ સરળ હોઈ ગાયકો આ રાગ ગાવો ભલે સરળ ગણે છે, પણ કુશળ ગાયકો વિના મારવા ખીલતો નથી. બેઢબ ગવાતો મારવા રસ ઊપજાવી શકતો નથી. ઉસ્તાદ નિસારહુસેનખાં, અમીરખાં, અઝમતહુસેનખાં, હાફિઝઅહમદખાં ને એમના જેવા પ્રથમ પંક્તિના ગાયકો જ મારવાને બહેલાવી શકે છે. બાકી સંગીતના નિયમો જાળવીને મારવા ગાઈ જવો એટલું જ એમાં પૂરતું નથી.

નૌશાદની 'પાયલિયાં બાવરી'ની બંદિશમાં માત્ર તેમાં કરેલી કોમળ ઋષભ તથા ધૈવતની પ્રબળ સંગતિ જ એને મારવા તરફ વાળે છે, એટલે આ ગીતને મારવા રાગનું જ તો ન કહી શકાય. અને આમે યે ફિલ્મી ગીતોમાં પૂર્ણતઃ એક જ રાગનો પ્રયોગ બહુ ઓછો જોવા મળે છે.

મારવા એ મારવા થાટનો આશ્રય રાગ ગણાય છે. આમાં ઋષભ કોમલ અને મધ્યમ સ્વર તીવ્ર લેવાય છે. પંચમ વર્જ્ય છે. મારવામાં વાદી સ્વર ઋષભ અને સંવાદી ધૈવત છે. ગાયકો મોટે ભાગે એને મુલતાનીની પછી અને પૂર્વી, પુરિયા ધનાશ્રી, શ્રી વગેરે સાયંગેય રાગની પહેલાં ગાય છે. જો કે આ કોઈ ચુસ્ત નિયમ નથી. મારવા સાયંગેય સંધિપ્રકાશ— એટલે કે દિવસના છેલ્લા પ્રહરના રાગોમાં પાછળથી અને રાત્રિના પ્રથમ પ્રહરના રાગો પહેલાંના સંધિકાળમાં ગવાતો રાગ છે. યમન, હમીર, કેદાર જેવા રાગોની પહેલાં મારવા ગાવો વધુ ઉચિત છે.

રાગ મારવા

તીખે ગ મ ધ નિ સુર રિખબ કોમલ પંચમ નાહિં,
ધ રિ સંવાદીવાદી તેં કહત મારવા તાહિં. —ચંદ્રિકાસરા

મારવા રાગ મારવા થાટમાંથી ઉત્પન્ન થાય છે. તેમાં ઋષભ કોમળ તથા મધ્યમ તીવ્ર સ્વર છે. બાકીના સ્વરો શુદ્ધ છે. આરોહ-અવરોહમાં પંચમ સ્વર વર્જ્ય હોઈ છ સ્વરવાળી ષાડવ-ષાડવ જાતિનો આ રાગ છે. વાદી સ્વર ઋષભ તથા સંવાદી ધૈવત છે. મારવાના આરોહમાં નિષાદ ઘણી વાર વક્ર થતો જોવા મળે છે, પણ આ રાગના અવરોહમાં જ્યારે કોમલ ઋષભ વક્ર થાય ત્યારે આ રાગ અધિક સ્પષ્ટ થાય છે અને ખૂલે છે. મારવાનો ગાનસમય દિવસના છેલ્લા પ્રહરનો છે. આની પહેલાં કલ્યાણ થાટના રાગો લેવાય છે એટલે મારવાને પરમેલ-પ્રવેશક રાગ પણ કહે છે.

આરોહ-અવરોહ

સા રે ગ મં ધ નિ ધ સાં   સાં નિ ધ, મં ગ રે સા

પકડ: ધ મં ગ રે, ગ મં ગ રે, સા

મારવા રાગને સારી રીતે સમજવા માટે ઉસ્તાદ અબ્દુલકરીમખાં, રામકૃષ્ણબુવા વઝે તથા અમીરખાંની મારવા તરાનાની રેકૉર્ડ તથા ગંગુબાઈ હંગલે ગાએલ મારવા ખયાલ 'સુન સુન બતિયા સગરી રતિયાં' સાંભળવા જોઇએ.

સંસ્કૃત ગ્રંથોમાં મારવાને માલવ, મારુ, મારવિ, મારવિકા જેવાં નામો આપ્યાં છે, પણ પ્રચારમાં ગવાતા મારવા અંગે યોગ્ય ગ્રંથાધાર મળતા નથી. ખરું કહીએ તો ગ્રંથસ્થ રાગવર્ણનની રીતે આજકાલ કોઈ ગાઇ શકતું નથી. ગ્રંથોનો આધાર ટાંકવો એ આજે કેવળ એક આગ્રહ પોષવાથી વિશેષ નથી. વ્યવહારમાં એનાથી ખાસ ફાયદો પણ નથી.

મારવા રાગમાં ગાયકો હમેશાં ધૈવત સ્વર પર વિશેષ ધ્યાન આપે છે. નિ રે ગ મં ધ અથવા સા ધ મં ગ રે, ગ મં રે સા, નિ રે સ્વરો વારંવાર લેવાય છે. મારવામાં કોમલ ઋષભ વિશિષ્ટ છે અને તેને ધૈવત સાથે જોડી રે ધ ની સ્વરસંગતિને આકર્ષક રીતે રજૂ કરવામાં ગાયકો મારવાની સફળતા માને છે. આમાં ગાંધાર અને તીવ્ર મધ્યમને રે ધ સ્વરોના જોડાણ માટેનો એક પુલ માને છે તેમ કહી શકાય. ગ મં ધ મં ગ રે, ગ મં ગ રે સા જેવા સ્વરો લઇને તેઓ ગાંધારને ખૂબ ઝાંખો બનાવી દે છે. અને ભૂલેચૂકે ય તેઓ ગાંધાર પર મુકામ તો કરશે જ નહિ. નિ રે ગ, રે ગ, મં ગ રે, ગ રે સા જેવી તાન જો લેવાય તો તુરત મારવામાં પૂર્વીની છાયા સ્પષ્ટ થવા લાગે છે, એટલે ગાયકો કોમલ ઋષભ તથા ધૈવતને વધુ મહત્ત્વ આપી નિ રે ગ મં ગ રે, ગ મં ગ રે સા નિ રે જેવી તાન વડે મારવાને પૂર્વી રાગથી અલગ રાખે છે. જો કે પૂર્વીનો ધૈવત કોમળ હોઈ એ એ રીતે પણ એ મારવાથી જુદો પડે છે. મારવાને પુરિયા તથા સોહિણી રાગથી પણ અલગ રાખવો પડે છે, કેમ કે આ ત્રણે રાગોના સ્વર સરખા છે. સોહિણી ઉત્તરાંગ-પ્રધાન હોઈ એ રીતે પણ અલગ પડે છે, જ્યારે પુરિયાને મારવાથી જુદો પાડવા ગાયકો પુરિયામાં કોમલ ઋષભ તથા ધૈવતને દુર્બલ કરી તેમની સ્વરસંગતિ ન દર્શાવતાં મંદ્ર નિષાદ અને ગાંધારની સંગતિ વડે જુદી જ અસર ઉપજાવવીને મારવાથી એને અલગ કરે છે.

મારવાનો અંતરો સામાન્ય રીતે મં ધ, મં ધ સાં અથવા મ ધ નિ રેં નિરેં નિ ધ મં ધ સાં સ્વરોથી થતો સાંભળવા મળે છે અને પછી સાં, નિ રેં, નિ ધ મં ધ મં ગ રે, ગ મં ગ રે, સા નિ રે સ્વરો જેવી અવરોહી તાન લઇને મારવા સારી રીતે રજૂ કરાય છે. □



અજંતાની પહેલી ગુફાના આગળના 'મસ્તર' પર કંડારેલાં ચક્રવાક-મિથુન (ચિત્ર ૧). યથાર્થવાદી અભિવ્યંજનાને બદલે ચક્રવાકની વિવિધ સુલલિત દેહભંગિઓના રેખારસના નિચોડને પરિષ્કૃત કરી નયનોત્સવથી રૂપલીલાનું અનાયાસે કરેલું સર્જન

અજંતાનાં શિલ્પાંકનો

મધુસૂદન ઢાંકી

ચિત્રસૃષ્ટિ જેટલાં જ કલ્પનાસમૃદ્ધ, શોભનક્ષમ, ચારુ અને ચિત્રાત્મક

પોતાનાં ભિત્તિચિત્રો અને વિતાનચિત્રણાથી જગનામી બનેલા કલાધામ અજંતાના બૌદ્ધ વિહારોનાં સ્થાપત્ય તેમ જ તેની અંતર્ગત અને સંકલિત શૈલ પ્રતિમાઓના સંબંધમાં ઠીકઠીક ચર્ચા ડૉ. આનંદ કુમારસ્વામી અને તેમના પુરોગામીઓના સમયથી લઈને આજ દિન તક ભારતીય અને પશ્ચિમી કલાઇતિહાસવિદો અને કલામીમાંસકો દ્વારા થતી રહી છે; પણ એ રૂપકામ અને ચિત્રકારી જેટલાં જ નયનાભિરામ ત્યાંના શિલ્પાંકિત અલંકારોની બાબતમાં પ્રમાણમાં અલ્પ કહેવાયું છે. એનાં કારણો તપાસતાં પહેલી વાત એ નજરે ચડે છે કે વાકાટકોના રાજ્યઅમલ પછીના કાળે કંડારાએલી ધારાપુરી-ઈલોરાદિ ગુફાઓનાં વિખ્યાત એકશિલ શૈલગૃહોની તુલનામાં આ વાકાટકકાલીન અજંતામાં કોરણીકામ ઓછું થયું છે. અજંતામાં વિહારોની ભીંતો, છતો અને ગર્ભગૃહોની દ્વારશાખાઓ તથા મંડપની અંદરના સ્તંભો તો ચિત્રાંકનોથી અંકિત છે. (વિહારોના અંદરના મંડપમાં જ્યાં જ્યાં સ્તંભો અને દ્વારશાખાઓ શિલ્પાભૂષિત કર્યા છે ત્યાં પણ કોરેલા અલંકારોને ઉપરથી ચિત્રિત કરી તેની શિલ્પાત્મક્તાને છાવરી દેવામાં આવી છે.) બાકી રહ્યાં, તેમાં છે અગ્ર ભાગે સ્થિત પટ્ટશાલિકાની દ્વારશાખાઓ, તેની આસપાસની બારી--ખડકીઓ, છેડાની પાર્શ્વમંડપિકાઓ અને આગળની બૃહદ્ સ્તંભકોટિ. આ પડસાળોમાં છત સિવાયનો બાકીનો ભાગ ચિત્રલેપથી મુક્ત હોઈ, ત્યાં વાકાટક યુગની અલકારિક કંડારણાના ઉત્તમ નમૂનાઓનો સુઘટિત સંઘટિત પથરાટ જોવા મળે છે. પણ બન્યું છે એવું કે આ શૈલમંડપોનાં ચિત્રો, તેની ચિત્રક્ષેત્રે રહેલી પ્રાચીનતા, કલ્પકતા, વિરલતા તેમજ રંગમયતાને કારણે આગળ તરી આવી વિશેષ મશહૂર બન્યાં; અને ચિત્ર જેટલી જ ચારુ, રસપૂર્ણ અને અભિજાત એવી તેની કંડારલીલા ચિત્રોને પડછે ઢંકાઈ જવા પામી. અદ્યાપિપર્યંત અંધારામાં રહેલી એ કંડારિત અલકરણલીલાનાં થોડાંક ઉચ્ચ કોટિનાં અપ્રકાશિત કે અલ્પ-પ્રસિદ્ધ દૃષ્ટાંતોની રસવિભાવના વિષે અહીં જોઈએ.

આમાં સૌ પહેલાં જોઈશું પાંચમા શતકના છેલ્લા ચરણમાં વાકાટક યુગમાં રચાએલાં, અજંતાની પ્રથમ ગુફાના આગળના 'પ્રસ્તર'ના મધ્યભાગના કંઠપ્રદેશમાં કોરેલાં બે ચક્રવાક-મિથુન (ચિત્ર ૧). કંઠના અંતરપ્રદેશમાં છેડે અતિભાસ્કર્યથી અલંકૃત થાંભલીઓમાં, વચ્ચોવચ પોયણાંની હરોળથી શોભિત 'ગલપાદ'ની ઊભી પટ્ટીથી બે લંબચતુરસ્ર ખંડ પાડી, તેમાં ઉભય પક્ષે ચક્રવાક યુગલ કંડાર્યાં છે. ડાબી બાજુનું યુગલ સામસામાં મોં માંડીને (ચાંચમાં ચાંચ પરોવીને કરવાની અભિસારલીલા પૂર્વેની) કશીક કુતૂહલવાર્તામાં ગૂંથાએલું છે. યુગલની વચ્ચેની જગ્યામાં મુકુલ ને વલ્લી શિકરોથી ઉદયમાન થએલા પદ્મપોષના વચેટ અધખીલેલ કમલની બીડાએલી પાંખડીઓને ચક્રવાક યુગ્મની ખૂલેલી ચાંચો મૃદુતાથી ગ્રહવાનો પ્રયાસ કરી રહી છે. તેના શિરોભાગે, ડોક ઉપરથી સરકતી-ફરફરતી અલંકૃત કલગી અને જરા લાંબેરી પણ લાવણ્યપૂર્ણ ડોક, તેમ જ પીછડાંનો કલ્પવલ્લી શો શોભન ઉછાળ ચક્રવાકને તેના સગોત્રી 'હંસ'થી અલગ તારવવામાં મદદરૂપ બની રહે છે. ડોકની નમણાશ બાકીનાં સુડોળ શરીરના સ્થિરીભૂત બની રહેલા ચાંચલ્યને સંતુલિત કરે છે.

જમણી બાજુની જોડીના ક્રીડાભિપ્રાયમાં અને એથી એની દેહભંગિમાં ભિન્નતા લાવી શિલ્પીએ વૈવિધ્ય આણવાનો સફળ પ્રયાસ કર્યો છે. તેમાં ડાબી તરફનું ચક્રવાક તો અગાઉ ચર્ચેલ ચક્રવાકને મળતી દેહસ્થિતિ અને સ્થિરાયમાન બનતી ગતિની ક્ષણ બતાવે છે; પરંતુ તેના સાથીદારને, પોતાની ગરદન માર્દવપૂર્ણ વળાંકથી નીચી નમાવી, નહોર વતી ખણવાની પંખી-જીવની સહજ ચેષ્ટામાં મૂર્ત કરી, ચક્રવાકની નૈસર્ગિક લાવણ્યરેખાને પૂરી ખૂબસૂરતી સાથે કંડાર્યું છે. અવલોકન દ્વારા નિસર્ગમાંથી મળ્યું તેટલું ગ્રહી, તેની યથાર્થવાદી અભિવ્યંજના ઉઠાવવાને બદલે અહીં ચક્રવાકની વિવિધ, સુલલિત દેહભંગિઓના રેખારસના નિચોડને પરિષ્કૃત કરી, વાસ્તવમાં એકી પળે ન સંભવી શકે, ન જોવા મળે તેવી નયનોત્સવ શી રૂપલીલાનું શિલ્પીએ અનાયાસે સર્જન કર્યું છે.

ચક્રવાકની રેખાઓનાં ભાસ્કર્યદર્શનમાં ચિત્રકારીની પીછીના વળાંકો છતા થાય છે, જેનાથી આકારની પ્રવાહિતા નિશ્ચિત બનવા સાથે નર્મ ચેતોભાવ, અને શિલ્પાંકનમાં સામાન્યતઃ ન ઊપસતું એવું અભિનવ ચિત્રક્ષમ સૌંદર્ય પ્રકટે છે. કંઠના આ ચિત્રાભાસી ચક્રવાકોના ઉપરના ભાગમાં સિંહમુખોની હાર કંડારીને શિલ્પીએ વિપર્યાસ અને વિરોધાભાસ દ્વારા અદ્ભુત રસ ઉપજાવવા પ્રયત્ન કર્યો છે, તો બીજી બાજુ જમણી તરફ સવાર સહિત કૂદી રહેલા 'વ્યાલ'નું પૂર્ણ ભાસ્કર્ય દૃશ્યમાં નાટ્યાત્મકતા આણવા સાથે પોતાના ત્રીજા પરિમાણના ઊંડાણના વિરોધાભાસથી સમસૂત્રે કંડારેલ ચક્રવાકોની ચિત્રાશયતા વિશેષ છતી કરે છે.

ચિત્રકારીનાં લક્ષણોને વ્યક્ત કરતું એક બીજું ઉદાહરણ એકવીસમા નંબરની ગુફાના મંડપની દ્વારશાખામાં મળે છે: (ચિત્ર ૨ પાછલા પૂઠામાં). અહીં ત્રિશાખાદ્વારની (જમણી બાજુની) કમલપત્રોથી સર્જાતી 'બાહ્ય શાખા' 'પર્ણશાખા'ના વર્ગમાં આવે છે. પછીની (વચલી) નળાકારે ઉપસાવેલી, મુક્તાસેર અને કુસુમના ચોરસ પદ્દકોથી મંડિત 'માલશાખા'ને છોડી છેલ્લી શાખા 'પત્રશાખા'—પર કંડારાએલ વલ્લીને અહીં વિશેષ ધ્યાનથી જોઈશું. ત્યાં નીચેના ભાગમાં ઝીણેરા ગુહા-ખત્તકમાં સ્થિત પ્રતિહારના ઉપરના ભાગમાં કોરેલી આછેરી મણિપટ્ટિકાની ઉપર, પહોળા ફલકમાં કરેલો મૃણાલવલ્લીનો વિસ્તાર-પ્રસ્તાર શિલાકામ કરતાં ચિત્રકારીનો વિશેષ દ્યોતક હોવાનું પ્રથમ દર્શને જ જણાઈ આવે છે. વચ્ચેના





ચિત્ર ૪. ગુફા નં ૨૩ની પડસાળના એક અર્ધસ્તંભ પરના અર્ધ-દર્પણમાં માતંગ-નક્ર (ગજ-મકર)નું બલિષ્ઠ રૂપ. જમણી બાજુ : ચિત્ર-૬ ૨૬મી ગુફાના એક ભિત્તિસ્તંભ પરનું શિલ્પાંકન. તેમાં નીચેથી મુક્તા દામનો પટ્ટ, તે પર બે પોયણુંપટ્ટીની વચ્ચે મણિમય પટ્ટ અને ઉપર પૂર્ણ દર્પણમાં સપરિચારક નાગદંપતી. (જુઓ આ અંકના પૂઠા પરનું તેનું વિપુલદર્શન)

ભાગમાં ચાપાકાર ગતિએ વહેતી કમળવેલની ગાંઠેગાંઠે નીપજતાં કમલ અને મુકુલદલ સમગ્ર ચિત્રની કેન્દ્રસ્થ પ્રમુખ રેખાને તથા તેના પ્રવાહ-ના દિગ્માનને કુમક આપવા ઉપરાંત ફલકમાં અંતરે અંતરે પડી જતા અર્ધમંડલાકાર અવકાશને પણ કલાત્મક રીતે ભરી દે છે. અહીંનું વલ્લી-વિધાન પહેલા અને બીજા નંબરની ગુફાઓના ચિત્રિત વિતાનોના મધ્યવર્તી મહાપદ્મને ચોકઠામાં સમાવતી શોભન-પટ્ટીઓમાં દેખાતી અમ્બૂવલ્લીઓની નિકટનું, અને એકાદ પેઢી પછીનું—લગભગ પાંચમા શતકનાં અંતિમ વર્ષોનું હોય તેવું લાગે છે.[૧]

અજંતાનાં ગુહાગૃહોના મુક્ત સ્તંભોમાં મોટા ભાગના તો કંડારિત શોભન-મેખલા યુક્ત, અને પોતિકાઓ(શરા)ના મુખદર્શનમાં વ્યાલ-વિદ્યાધરાદિ રૂપો તેમજ પાર્શ્વદર્શનનાં ગ્રાસમુખ અને વલ્લીમંડલ તથા ગાંધર્વયુગ્માદિથી અલંકૃત એવા 'મિશ્રક' પ્રકારના છે. પણ આ મુક્ત સ્તંભોથી સવિશેષ અને કેટલીક દૃષ્ટિએ આગવી કહી શકાય તેવી અલંકારભૂષાથી મંડિત તો છે ભીંતમાં જડાએલા અર્ધસ્તંભો કિંવા કુડ્ય-સ્તંભો, જેનાં, ત્યાંની જુદીજુદી ગુફાઓમાંથી ચૂંટેલાં ચારેક જેટલાં દૃષ્ટાંતો અહીં નોંધીશું : (ચિત્ર ૨, ૩, ૫ પાછલા પૂઠામાં). અજંતાની પહેલા અને બીજા નંબરની ગુફામાંના એવા જ નમૂનાઓ કરતાં આ ચારેય એકાદ પેઢી પછી બનેલા છે, પણ તેમાં કંડારની સૂક્ષ્મતા તેમ જ ઉત્કૃષ્ટતા વિશેષ સચવાએલી હોઈ પ્રસ્તુતિ અર્થે અહીં તેને જ પસંદ કર્યા છે.

'વાસ્તુતિલક' ગ્રંથ (૭મા શતક)માં આ પ્રકારના સ્તંભોને 'મન્મથ' જાતિના કહ્યા છે.[૨] તેમાં બહુધા નીચેનો ભાગ ચોરસ, ઉપરનો ભાગ અષ્ટાસ્ર, દ્વાદશાસ્ર કે ષોડશાસ્ર, અને ફરીને ચોરસ એવી રીતે તેનાં ઘાટ-ઘટકોનું આયોજન મોટે ભાગે હોય છે. કંડારકામ સ્તંભના નીચલા અર્ધ-ઝાઝેરા ભાગને છોડી ઉપરના અર્ધ-ભાગમાં કરેલું જોવામાં આવે છે. કંડારેલા ભાગમાં ચોરસામાં વર્તુળાકારે કે અર્ધમંડલાકારે 'દર્પણ' કાઢી તેમાં જીવરૂપ શોભન મૂકી, તેને ફરતી મુક્તામાલા અને પદ્મની પાંખડીઓ કાઢીને દર્પણનું કાઠું કરી, તેને ફરીને મુક્તાસરથી વીંટી પૂર્ણવિરામ આપવામાં આવે છે. ગુહા નં. ૨૩ની પડસાળના આવા એક અર્ધસ્તંભ (ચિત્ર ૩ પાછલા પૂઠામાં) નીચેના અર્ધ-દર્પણમાં અશ્વમુખી 'ઈહામૃગ' અને ઉપરના સમદર્શી દર્પણમાં ચક્રવાકની આકૃતિ કંડારી છે. ત્યાં સામેના પ્રતિદર્શી સ્તંભમાં ઊપરના ભાગે 'માતંગ-નક્ર' (ગજ-મકર)નું બલિષ્ઠ રૂપ ઉપસાવ્યું છે (ચિત્ર ૪). ગુહા નં. ૨૪ની પડસાળના એક અર્ધસ્તંભ (ચિત્ર ૫ પાછલા પૂઠામાં)

(અનુસંધાન પૃષ્ઠ ૨૭૧)

૧ *Cf.* G Yazadani, *Ajanta* (Plates), pt. II. London (Undated), pl. XXX.

૨. આ ગ્રંથનું શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા અને આ લેખક દ્વારા હાલ સંપાદન થઈ રહ્યું છે.

૭ અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

વિભાગ બીજો

૭ પંદરમા સૈકાનું ગદ્ય



વિલિયમ કૅક્સ્ટન →

ચૌદમા સૈકાની જેમ જ પંદરમા સૈકામાં પણ ગદ્યની—સમર્થ સાહિત્યિક ગદ્યની અછત વરતાય છે. સારા ગણાતા લેખકો લૅટિન ભાષાનો જ મહિમા કરતા રહ્યા એ તેનું એક મહત્ત્વનું કારણ ગણાય. ચૌદમા સૈકાની તુલનાએ પંદરમા સૈકામાં શિક્ષણનો પ્રસાર પણ વ્યાપક બન્યો હતો. લોકોમાં વાચનભૂખ ઊઘડી હતી. પણ અંગ્રેજી ગદ્ય અનુકરણ અને અનુવાદમાં જ રાચતું રહ્યું. પ્રજાની પ્રકૃતિને રોચક અને પ્રેરક નીવડે તેવી શક્તિ અંગ્રેજીમાં એ જમાનામાં પ્રગટી નહિ.

એ અરસામાં રેજિનલ્ડ પીકૉક (Reginald Pecock) ધર્મગ્રંથોના અને પાદરીઓના સંકુચિત આદેશો સામે ઝુંબેશ ચલાવવા માટે, લોકો સમજી શકે તે સારુ અંગ્રેજીમાં લેખો લખવા માંડ્યા. એના લખાણમાં વિચારની સ્પષ્ટતા એ મોટો ગુણ છે. લોકોને પોતાની વાત ગળે ઊતરે તે માટે તેણે ઘરગથ્થુ દૃષ્ટાંતોનો ઉપયોગ કર્યો. તેનું ભાષાભંડોળ પણ ઠીક સમૃદ્ધ હતું. અંગ્રેજી ગદ્યના ખેડાણમાં તેનો ફાળો નોંધપાત્ર ગણાય.

પૅસ્ટન લેટર્સ

અંગ્રેજીમાં લખાએલા 'પૅસ્ટન લેટર્સ' (Paston Letters)નું અહીં સ્મરણ કરી લેવું જોઈએ. પૅસ્ટન કુટુંબની ત્રણ પેઢીના આ પત્રવહેવારમાં પંદરમા સૈકાના અંગ્રેજી મધ્યમ વર્ગની સામાજિક રહેણીકરણીનું સુરેખ ચિત્ર મળે છે. એ જમાનામાં લોકો પૈસાની લેણદેણમાં કેવા પ્રવૃત્ત રહેતા, મિલકતની વ્યવસ્થા કેવી કુશળતાથી કરતા, લોકો કેવા પ્રકારનાં પુસ્તકો વાંચતા, બાળકોને કેવું સખ્તાઈપૂર્વક શિક્ષણ આપવામાં આવતું,—માબાપો પોતે જ સખ્તાઈનો આગ્રહ રાખતા—પતિપત્ની વચ્ચેના સંબંધોમાં કેવું ગાંભીર્ય હતું, ઘરવહીવટમાં તેઓ કેવું સાથે જ સંચાલન કરતાં એ બધી રસપ્રદ વાતો એ પત્રોમાં મળે છે. પણ એ પત્રલેખકોએ ઉચ્ચ સાહિત્યિક ગદ્યમાં લખવાની ખેવના રાખી જ નથી; પોતાની વાત સામાને પહોંચે એ જ તેમનો સંતોષ જણાય છે, એટલે એ પત્રોમાંનું અંગ્રેજી ગદ્ય સરળ કે પ્રવાહી નથી.

વિલિયમ કૅક્સ્ટન

અંગ્રેજી ગદ્યને ત્યારે કશો આકાર ન હતો, જોમ ન હતું, તાજગી ન હતી. હજુ એ ભાંખોડિયાં ભરતું હતું. એ સમયે, એટલે કે પંદરમા સૈકાની છેલ્લી પચ્ચીસીમાં વિલિયમ કૅક્સ્ટને અંગ્રેજ પ્રજા સમક્ષ મુદ્રણયંત્ર પહેલી વાર (ઈ. ૧૪૭૬) વેસ્ટમિન્સ્ટર એબીમાં પ્રસ્તુત કર્યું. એ વિલિયમ કૅક્સ્ટન (William Caxton)નો સમયગાળો ઈ. ૧૪૨૧થી ૧૪૯૧નો. અંગ્રેજી ભાષાની અનવસ્થાથી તેને ત્રાસ થયો. પ્રજાને પ્રસન્ન કરે તેવી ભાષા લખવાનો–ઘડવાનો તેનો મનોરથ હતો. તેણે મુદ્રણકલાની શોધને સૌપ્રથમ ઈંગ્લૅંડમાં આણી તે અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં સીમાચિહ્ન ગણાય. એ શોધને કારણે પ્રજાની જ્ઞાનપિપાસા તૃપ્ત થવા માંડી; નવા વાચન–નવા વિચારને વેગ મળ્યો. નવજાગૃતિ આણવામાં–વિસ્તારવામાં કૅક્સ્ટનની શોધનો ફાળો ખૂબ મહત્ત્વનો બની રહ્યો.


કૅક્સ્ટન ફ્રેન્ચ ભાષાસાહિત્યનો સારો અભ્યાસી હતો. તેણે ફ્રેન્ચમાંથી અનેક પુસ્તકોના અંગ્રેજી અનુવાદ કર્યા. એ વહેવારકુશળ માણસ હતો. લોકોને કયા પ્રકારનાં પુસ્તકો રોચક નીવડે તેનો તેને સારો અંદાજ હતો. જૂના રોમાન્સ ને વીરરસની કથાઓ ને મુદ્રણ માટે પસંદ કરવાનું વલણ તેણે અપનાવ્યું. ચૉસર તેનો પ્રિય કવિ હતો. તેની 'કૅન્ટરબરી કથાઓ' અને 'ટ્રૉઈલસ-ક્રીસીડા'ને તેણે પ્રસિદ્ધ કરી. લીડગેટ ને ગાવરનાં પુસ્તકો માટે પણ તેણે અવકાશ રાખ્યો અને ટૉમસ મૅલરી (Thomas Malory)ના આર્થર (Morte 'd Arthur) વિષેના રોમાન્સ પણ પ્રસિદ્ધ કર્યા. એ તેની અમોલી સેવા છે. તેણે કેટલાંક પુસ્તકોની પોતે લખેલી પ્રસ્તાવનામાં તેના તાજગીભર્યા ગદ્યની અને વ્યક્તિત્વની પ્રતીતિ થાય છે. રાજા રિચર્ડ ત્રીજાએ તેના મુદ્રણકાર્યમાં સારું એવું પ્રોત્સાહન આપ્યું, અને કૅક્સ્ટને પુસ્તક પ્રકાશનમાં જ પોતાનું શેષ જીવન વિતાવ્યું તથા અંગ્રેજ પ્રજાને રસદાયક પુસ્તકો પૂરાં પાડયાં. અંગ્રેજી ગદ્યને પણ તેણે વિકાસની દિશામાં ગતિમાન કર્યું.

ટૉમસ મૅલરી

ટૉમસ મૅલરીના જીવન વિષે વિગતવાર ચોક્કસ માહિતી પ્રાપ્ય નથી; પણ તે ઈ. ૧૪૪૫માં પાર્લમેન્ટમાં હતો, અને પછી તે બળવાખોર બન્યો ને હિંસક કૃત્યો માટે તેને જવાબદાર ગણી કેદમાં પૂરવામાં આવ્યો. ત્યાં તેણે રાજા આર્થરના જીવનની રોમાંચક કથાઓ લખી એમ કહેવાય છે. એના આધાર માટે આર્થર વિષેના ૧૩મા સૈકામાં ફ્રેન્ચ ભાષામાં ગદ્યમાં લખાએલા નમૂના તેને સુલભ હોય એ સંભવિત છે. તેણે જૂની કૃતિઓનાં અનેક કથાઓ તથા વર્ણનોનાં જાળાં દૂર કરીને આર્થરની કથાઓને એક સુસંગત રૂપે રજૂ કરી. ઈંગ્લૅન્ડમાં પ્રત્યેક માનવીને રોચક નીવડે તેવી આર્થર વિષેની ગદ્યમાં રચાએલી કથાઓ પહેલી વાર રજૂ કરવાનો યશ ટૉમસ મૅલરીને ઘટે છે.

રાજા આર્થરની કથાઓ

કૅક્સ્ટનને ઈ. ૧૪૮૫માં એ કથાશ્રેણી પ્રગટ કરી. એ રોમાંચક સંગ્રહમાં તેણે આર્થરનો રાજ્યાભિષેક, તેનાં સાહસો, બળવાખોરો સામેનાં તેનાં પરાક્રમો, રોમના રાજા સામે તેનું યુદ્ધ અને તેનો વિજય વગેરેની કથા છે. તેમાં આર્થરની રાણી ગીનીવર (Guenever)ના, એક સરદાર લૅન્સિલૉટ (Launcelot) સાથેના પ્રેમની કરુણ કથા અતીવ રસપ્રદ છે. લૅન્સિલૉટ બે પ્રકારની વફાદારી વચ્ચે રહેંસાય છે. આર્થર પ્રત્યે તેને


Thus endeth thys noble and joyous book entytled le morte Darthur / Notwythstondyng it treateth of the byrth / lyf / and actes of the sayd kyng Arthur / of his noble knyghtes of the rounde table / theyr meruayllous enquestes and aduentures / thachyeuyng of the sangreal / & in thende the dolorous deth & departyng out of thys world of them al / Whiche book was reduced in to englysshe by syr Thomas Malory knyght as afore is sayd / and by me deuyded in to xxi bookes chaptyred and enprynted / and fynysshed in thabbey westmestre the last day of Juyl the yere of our lord / M / CCCC / lxxxv /

Caxton me fieri fecit

કૅક્સ્ટને ઈ. ૧૪૮૫માં છાપેલા મૅલરી કૃત 'આર્થરની કથા'ના પુસ્તકનો છેવટનો ભાગ

પરમ આદર છે. આર્થરનો તે વિશ્વાસપાત્ર છે, એ સાથે રાણી ગીનીવરનો પ્રેમ તેને ખેંચે છે. જેને તે ચાહે છે તેની સામે જ સંગ્રામ ખેલવાનું કર્તવ્ય તેને બજાવવાનું આવે છે. આર્થર સામે બળવો થાય છે ને આર્થર મૃત્યુ પામે છે; પણ લૅન્સિલૉટ રાણી ગીનીવર સાથે લગ્ન કરી શકતો નથી. તેમના પ્રેમનો કરુણ અંજામ આવે છે. ગીનીવર સાધ્વી બને છે. લૅન્સિલૉટ પણ, ધર્મવૃત્તિથી પ્રેરાઈને નહિ પણ પ્રેમમાં નિરાશ થવાથી સંસારનો ત્યાગ કરે છે.

ટૉમસ મૅલરી પ્રેમનો મહિમા સમજાવે છે. ગીનીવરને લક્ષ્યમાં રાખીને તે લખે છે: પ્રેમી અપ્રાપ્ય હોય તેના પ્રત્યે પ્રેમ રાખવો એ પ્રેમની કરુણતા છે. (It is a pity if love be spent upon one who happens to be inaccessible.) છતાં કુમારિકાનો કે પત્નીનો પ્રેમ સારો જ હોય. બધો પ્રેમ સારો જ હોય. પણ પ્રેમ પહેલાં ઈશ્વર પ્રત્યે અને પછી પોતાની પ્રિય વ્યક્તિ પ્રત્યે હોય એ ઈષ્ટ છે.

મૅલરી આ કથાઓના વાચકને એક રમ્ય કાવ્યપ્રદેશમાં ખેંચી જાય છે. પરીકથાની યાદ આપે તેવી તેની શૈલી છે. તેનો મુખ્ય ઝોક વાર્તામાં ફિલસૂફી કે સિદ્ધાંતો પ્રત્યે નહિ પણ કાર્યવેગ અને પ્રયોજન તરફ છે. તેની શૈલી સરળ છે ને ગદ્ય વારંવાર કાવ્યની છટા પ્રગટ કરે છે. પંદરમા સૈકાના ગદ્યના ઉત્તમ નમૂના તરીકે આર્થરની આ કથાશ્રેણીને ધરી શકાય. મૅલરીએ આ કૃતિમાં રોમાન્સની સાથે કરુણ વાસ્તવિકતાને પણ વણી છે, એટલે આ રોમાંચક કથામાં જીવનનું ગાંભીર્ય અને નિરાશાનો સૂર પણ પ્રગટ થાય છે. વિલિયમ કૅક્સ્ટને મૅલરીની આ વાર્તામાળા પ્રસિદ્ધ કરીને ઇંગ્લૅન્ડની પ્રજાને રસપલ્લવિત કરી. અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં આ એક મહત્ત્વની ઘટના ગણાય.

બર્નર્સ

મૅલરીની આર્થર વિષયક કથાઓ પછી અંગ્રેજી ગદ્યનો સારો નમૂનો પ્રગટ કરતું બીજું એક પુસ્તક તે બર્નર્સે ફ્રોઈસર્ટ (Froissart)નાં ક્રૉનિકલ્સ (Chronicles)નો ફ્રેંચમાંથી કરેલો અનુવાદ છે. બર્નર્સના આ અનુવાદમાં અંગ્રેજી ભાષાની છટા અને તાઝગી દેખાય છે. એ બર્નર્સ (૧૪૬૭–૧૫૩૩) હેન્રી ૮માના નિકટના સંપર્કમાં હતો અને હેન્રીની વિનંતીથી જ તેણે ઉપર્યુક્ત કૃતિનો અનુવાદ કર્યો હતો સ્પૅનિશ ભાષામાંથી પણ તેણે 'The Golden Book of Marcus Aurelius'નો અનુવાદ કર્યો હતો. વિવેચક લગવી (Legouis)ના મત પ્રમાણે બર્નર્સ એ બે જુદા યુગના ગદ્ય વચ્ચે સેતુરૂપ હતો. (વિભાગ બીજો પૂરો)

અનુસંધાન] **મરણ** [પૃષ્ઠ ૨૫૧થી

રસ્તામાં મણિલાલને એકાએક ગાંડા માણસ જેવી ઇચ્છા થઈ આવી. એને થયું, શબને મારી ઑફિસને રસ્તે લઈ જવાય તો કેવું સારું. છેલ્લી વાર મારા એ ત્રીસ વર્ષના રસ્તાને જોઈ લઉં. છેલ્લી વાર બે મિનિટ માટે મારી ઑફિસનાં એ પગથિયાં ચડી લઉં. પચ્ચીસ વર્ષ જૂના મારા ટેબલના ખાનાની ચાવી ખિસ્સામાંથી ફંફોસી જોઉં. મારી કલમ ને ચોપડા જોઈ લઉં. મારી બનાવેલી ફાઇલો ઉપર છેલ્લી વાર એક હાથ ફેરવી લઉં.

મણિલાલને થયું, છેલ્લી વાર હવે મગન પટાવાળાને મળી લઉં. છેલ્લી વાર એના ઘરનો કોયડો ધ્યાનથી સાંભળી લઉં. છેલ્લી વાર એને ઉકેલ માટે એક સાચી સલાહ દઈ દઉં.

મણિલાલને થયું, છેલ્લી વાર હવે ડાહ્યાભાઈ ચા-વાળાની અડધો કપ મસાલેદાર ચા પી લઉં. આપણે ખાતે કેટલા બાકી છે તે એને પૂછી લઉં. રકમ નાની હોય તો ચૂકવી દઉં. ડાહ્યાભાઈ આશ્ચર્યથી મારી સામે જોઈ રહે કે 'કેમ? આગલે મહિને કહેતા હતા ને?' તો ડાહ્યાભાઈને પ્રેમથી હાથ જોડીને કહી લઉં: 'ડાહ્યાભાઈ, હવે રામરામ!'

મણિલાલને થયું, છેલ્લી વાર હવે એક બિલ પણ બનાવી લઉં! અને એમ કરીને ત્રીસ વર્ષની જિંદગીનો એક પિંડ વાળી દઉં!

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર–૩૦

અજીર્ણ

અજીર્ણને સાંપ્રત વિજ્ઞાનમાં Indigestion અથવા Dyspepsia કહે છે. અપચનનો આ રોગ છે. પાચકાગ્નિ મંદ પડી જતાં આ રોગ થાય છે. પાચકાગ્નિ મંદ પડવામાં આપણી ભોજનપદ્ધતિ જ કારણભૂત છે. ભૂખ ન લાગે છતાં ખાવું, ખાધા ઉપર ખાવું, પ્રમાણથી વધારે ખાવું, વારંવાર ખાવું, વારંવાર ચા–નાસ્તો કરવા છતાં એક પણ ટંકનું ભોજન ન છોડવું, નિત્ય ભારે અને મીઠા પદાર્થો ખાવા વગેરે અનિયમિતતાઓ અજીર્ણનું કારણ છે. શરીરશ્રમ વિનાનું, બેઠાડુ જીવન, વધારેપડતી ઊંઘ કે વધુ પડતા ઉજાગરા, ચા–તમાકુ–દારૂ કે અફીણ જેવાં હાનિકર દ્રવ્યોનું વ્યસન અજીર્ણ પેદા કરે છે. આ સ્થિતિ ટાળવી જ જોઈએ, કારણ કે અજીર્ણ મોટા ભાગના રોગોનું મૂળ છે તેમ આયુર્વેદ માને છે.

લક્ષણ

ભૂખ મરી જાય, ખાધેલું પચે નહિ, પેટમાં ડબડબા જેવું લાગે, મળપ્રવૃત્તિ બરાબર ન થાય, મળ ચીકણો અને દુર્ગંધયુક્ત આવે, સ્ફૂર્તિ ઘટી જઈને આળસ જણાય, ખાવાની રુચિ ચાલી જાય, અધોવાયુ ભારે અવાજ સાથે અસહ્ય દુર્ગંધયુક્ત બની રહે, શરીરમાં જડતા આવે, અપચાના છારિયા ઓડકાર આવે અને મોઢું ચીકણું રહે. આ બધાં અજીર્ણનાં લક્ષણો છે.

ઉપચાર

૧) અજીર્ણ જણાતાં ઓછામાં ઓછા એકાદ દિવસ ઉપવાસ કરી નાખવો. શરીરમાં પચ્યા વિના પડી રહેલા આહારને ઉપવાસથી પાચનની તક મળશે.

૨) 'અજીર્ણે ભેષજં વારિ.' અજીર્ણમાં પાણી જ ઔષધ છે. પરંતુ આ પાણી ઉકાળેલું હોવું જોઈએ. માત્ર ઉકાળેલા ગરમ પાણી ઉપર રહીને ઉપવાસ કરવાથી ઝડપી ફાયદો થશે.

૩) રાત્રે સૂતી વખતે હરડેનું ચૂર્ણ લેવું.

૪) સૂંઠ, મરી, પીપર, તુલસી ને ફુદીનાવાળો ઉકાળો પીવો.

૫) ગોળ ઘીને ઘઉંના લોટની પાતળી રાબ સૂંઠ નાખી પીવી.

૬) શિવાક્ષાર પાચન ચૂર્ણ, હિંગાષ્ટક ચૂર્ણ, લવણભાસ્કર ચૂર્ણ, રસોનાદિ વટી, આમપાચક વટી કે ચિત્રકાદિ વટી પણ અજીર્ણ દૂર કરવામાં સહાયભૂત થશે.

૭) લીંબુનાં બે ફાડિયાં પર સૂંઠ-સિંધવ-મરી-સંચળ-હિંગ વગેરે મૂકી અગ્નિ ઉપર ખદખદાવવું, ને ઠંડુ થયે ચૂસી જવું.

૮) જમતાં પહેલાં આદુનો રસ કે આદુના સિંધવ ચડાવેલા ટુકડાનું સેવન કરવું.

૯) ઉપવાસ પછી હલકો ખોરાક ખાવો. અઠવાડિયે એક દિવસ એકટાણું કરવું. ખોરાક ગરમગરમ, પ્રમાણસર અને ભૂખ હોય તેથી થોડો ઓછો ખાવો. કેફી પીણાંનો ત્યાગ કરવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

પણ એટલામાં મણિલાલને સહેજ ચમકારો થયો. મણિલાલે જોયું, કે પોતે સ્મશાનમાં આવી પહોંચ્યો હતો, ચિતા ગોઠવાઈ ગઈ હતી, દેહ તેના પર મુકાઈ ગયો હતો, દીવાસળી સળગી ચૂકી હતી!

મણિલાલે ઝડપથી અગ્નિ મૂકનારનો હાથ પકડયો: 'ભાઈ! પછી મારું એક કામ કરજો ને! મારા શેઠની કૅબિનમાંથી મારા નામની બૂમ પડે, તો કહેજો ને, કે મણિલાલ તો પૂગી ગયો હવે ભગવાનના ઘેર!' □

પાબ્લો પિકાસો

(ગત અંકના અનુસંધાને સંપૂર્ણ)

લેખક
વિનાયક
પંડ્યા



યુરોપના ઇતિહાસમાં બાલે નૃત્યનાટિકાના ક્ષેત્રે સૌથી પ્રખ્યાત રશિયન બાલે-સર્જક ડીઆઘીલેવે પોતાની મંડળીમાં પિકાસોનો સાથ લીધો. ક્યૂબિઝમ પછી પિકાસોના જીવનમાં ફરી નવો પ્રવાહ શરૂ થયો. પિકાસોએ એનાં બાલે માટે પોશાકો, પરદા અને બીજી અનુષંગી સામગ્રીઓનાં ડિઝાઈન કરવા માંડયાં. આ બધું પણ ઉચ્ચ કોટિનું કામ હતું અને તેની સર્જનશક્તિનું દ્યોતક હતું; પણ પિકાસોનાં મહત્ત્વનાં કાર્યોમાં એની ગણના થઈ શકે નહિ. આ ગાળા દરમિયાન બાલેમાં કામ કરતી એક રશિયન નર્તકી ઓલ્ગા ખોક્લોવા સાથે એણે લગ્ન કર્યું. બાલેનાં કામ માટે કરેલા ઇટાલીના પ્રવાસ દરમિયાન ત્યાં યુરોપના ઐતિહાસિક કલાવારસાનો પણ એને પરિચય મળ્યો. હવે એ પત્નીના પ્રયત્નથી શ્રીમંતોમાં શ્રીમંત તરીકે ફરતો થયો અને એના પ્રથમ બાળક પુત્ર પૉલનો જન્મ થયો. પરંતુ એ લગ્નજીવન લાંબું ટક્યું નહિ.

ઈટાલીના કલાસંગ્રહોના દર્શનથી તથા પોતાના પ્રથમ બાળકના અસ્તિત્વની અસરમાં એનું ધ્યાન હવે ફરી પાછું પ્રચલિત વાસ્તવિક ચિત્રણ પ્રતિ દોરાયું અને એણે નારી અને માતૃત્વ વિષેનાં અનેક ચિત્રો કર્યાં, જેની ગણના એનાં શ્રેષ્ઠતમ સર્જનોમાં થાય છે.

આ સાથે એણે પોતાના જૂના ચિત્રવિષયો લઈને પણ નવું સર્જન કર્યું. શાંત, સ્થિર અને તંદુરસ્ત પાત્રો તેની પીંછીમાંથી નીપજી રહ્યાં. સાથોસાથ એની કુદરતની સુંદરતા જોવાની ઉત્કટતા પણ, જે અત્યાર સુધી અંદર ભંડારાઈ રહી હતી તે હવે પ્રકટ થઈ. વિગતપૂર્ણ સુંદર વાસ્તવિક ચિત્રસર્જન માટે વિખ્યાત ફ્રાન્સના કલાકાર ઈન્ગ્રેસની શૈલીએ પણ પિકાસોએ હવે કામ કર્યું. આમાં પોતાનો શોખ કે રુચિ બદલવાનો ખયાલ નહોતો, પણ ખ્યાતનામ ઉસ્તાદોની ક્લાસિકલ કલા જેવું સર્જન પણ પોતે કરી શકે છે એ બતાવી આપવાની નેમ હતી. એને પોતાને પણ સંવાદિતા-હાર્મની-તરફ જવાની જરૂર હતી. આ ઉપરાંત, એણે ગ્રીસ-રોમની પુરાણકથાઓ, સ્પેઈનના આખલાયુદ્ધ (બુલ ફાઈટ), કલાકાર અને એનું મૉડેલ, ગ્રીક દંતકથાના પશુ-માનવ વગેરેનાં ચિત્રો પણ કર્યાં. અતૃપ્ત વાસનાની વેદના અને પોતામાં રહેલા પશુત્વને વ્યક્ત કરવા માટે આ વિષયોની એની પસંદગી સ્વાભાવિક હતી. ફૉન (અજ-માનવ) અને નિમ્ફ (વનદેવી)નાં ચિત્રોમાં માણસની અર્ધહાસ્યાસ્પદ દયામણી સ્થિતિ બતાવી શકાય. ફૉનનાં ચિત્રોમાં ઉત્સવ ને મુક્ત આનંદની લાગણી વ્યક્ત થઈ શકે. એણે અવારનવાર આ વિષયો ચીતર્યા જ કર્યા છે.

સર-રીઆલીઝમ

પિકાસો પારી(સ) આવ્યો ત્યારથી જ ત્યાં સાહિત્ય, નાટક, આદિમાં સર-રીઆલિઝમની અસર ચાલતી હતી. બાહ્ય વાસ્તવિકતા સાથે માનવમનનાં સ્વપ્નો ને સુષુપ્ત-ગુપ્ત ભાવો વગેરેને વ્યક્ત કરવામાં એક કલ્પનાયુક્ત વાસ્તવિક અભિવ્યક્તિનું સ્વરૂપ ભળ્યું જેને સુપર રીઆલિઝમનું નામ અપાયું. આધુનિક પ્રવાહોની અસર ઝીલવા તૈયાર અને અંતરગત વિરોધાભાસનો ઉકેલ શોધવા મથનાર પિકાસો પર તો એની છાપ પડે જ એ સ્વાભાવિક છે. એણે પણ આ રીતે થોડા પ્રયોગો કર્યા, પણ એમાં બહુ રસ પડયો નહિ. મનમાન્યા ઘાટ ઉતારવા માટે એને આ રીત અપર્યાપ્ત લાગી, અને આધ્યાત્મિક તત્ત્વોમાં એને રસ નહોતો. એણે કહ્યું: 'આપણા અંતરમનનાં બળો તો જબરાં છે જ. ગમે તે કરશો તો યે તમારી કૃતિઓમાં એ ભાગ ભજવશે જ; પણ એટલા માટે જ આપણે એને શરણે જઈને બધું તેને જ કરવા દેવું ન જોઈએ.' પિકાસોએ એવાં થોડાં ચિત્રો કરેલાં. પણ તે પછી એમાંથી માત્ર આકૃતિઓના કેટલાક પ્રયોગોનો એણે ભવિષ્યમાં ઉપયોગ કર્યો.

સ્પેઇન અને 'ગર્નિકા'

ઈ. ૧૯૩૪માં તેણે એક સ્ત્રીમિત્ર સાથે સ્પેઈનનો પ્રવાસ કર્યો. તેમાં આનંદ અને પ્રેરણા પામવા સાથે એણે માતૃભૂમિમાં રહેલાં શક્તિ, જોમ અને સાહસિકતાનાં દર્શન કર્યાં. બુલફાઈટ, કૂકડાની સાઠમારી વગેરેનાં ચિત્રો એણે ત્યારે કર્યાં. આ બધું ઉશ્કેરાટ ને શૌર્યભર્યું ખરું પણ કરુણાંત છે. એમાં મનોહર ચિત્રાત્મકતા નથી, પણ બળનો દોરીસંચાર છે.

સ્પેઈનની લોકસત્તાની ચળવળનો એ પક્ષકાર અને સહાયક બન્યો. એ લોકસત્તાએ આંતરવિગ્રહના આરંભમાં પિકાસોને મૅડ્રિડના વિખ્યાત પ્રાડો મ્યૂઝિયમનો ક્યૂરેટર બનાવ્યો. જનરલ ફ્રાંકોની નિંદા કરતું લખાણ 'ફ્રાન્કોનું સ્વપ્ન અને જુઠાણું' એણે લખ્યું ને તે એનાં ચિત્રો સાથે છપાયું.

સ્પેઈનના આંતરયુદ્ધ વેળા ગર્નિકા નામક એક ગામને ફાસિસ્ટોએ બૉમ્બમારાથી તારાજ કરી નાખ્યાના ખબર ૧૯૩૬માં પારી(સ)માં પિકાસોએ જ્યારે સાંભળ્યા ત્યારે એ અમાનુષીતાથી એને અત્યંત આઘાત લાગ્યો અને એથી પ્રેરાઈ, સંખ્યાબંધ આલેખનો કરી એ પરથી એક વિશાળ ચિત્ર કર્યું, જે પારી(સ)માં યોજાએલા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં પ્રદર્શિત થયું. એ 'ગર્નિકા' આજે દુનિયાભરમાં એની એક શ્રેષ્ઠ કૃતિ તરીકે વિખ્યાત છે, ને મનાય છે કે છેલ્લી અરધી સદીમાં આવી પ્રભાવક કૃતિ સરજાઈ નથી. એની રેખાઓ તલવાર જેવી તીક્ષ્ણ છે. છાયા અને પ્રકાશ અવકાશને તોડી નાખે છે. પાત્રો આવેગથી ભરેલાં છે. એનાં રૂપકો પિકાસોનાં પોતાનાં છે. કોઈ ચોક્કસ બનાવને તેમાં હૂબહૂ કર્યો નથી. તેમાં કોઈ ગામ નથી, હુમલો કરનાર વિમાન નથી કે બૉંબના ધડાકા નથી; દિવસ કે રાતના સમયનો નિર્દેશ નથી કે વર્ષ યા સદીનો ખયાલ નથી. એમાં કેવળ આવી અમાનુષીતા સામેનો એક જબ્બર વિરોધભાવ છે. પાત્રોનાં અંગ (ઘોડાની જીભ કે માતાનાં સ્તન) એ બધાંમાં એણે સૂક્ષ્મ શારીરિક ચેતના મૂકીને આપણી આંખ સમક્ષ નર્યું દુ:ખ રજૂ કર્યું છે. એ દુ:ખ દ્વારા જ એણે વિરોધ વ્યક્ત કર્યો છે અને એના દ્વારા આપણી જિજીવિષાને એણે સીધી અપીલ કરી છે. વિનાશની સામેનો એમાં પડકાર છે. છતાં સંસ્કૃતિનો પ્રકાશ હમેશાં જલતો રહેશે તેમ પણ તેણે આ ચિત્રમાં દીવો મૂકીને બતાવ્યું છે. ત્યાં ફાસિસ્ટોની જીત પછી બીજાઓ જ્યારે હતાશાથી નસીબને દોષ દેતા હતા ત્યારે એણે પોતાની એ શ્રદ્ધાને રજૂ કરી છે. ઉત્કટ મિજાજ સાથે સમર્થ શક્તિ ધરાવનાર જ આવું સર્જન કરી શકે અને એ પિકાસોએ કરી બતાવ્યું છે.

સામાન્ય ઓરડાની આખી દીવાલ ઢાંકી દે એવડા આ વિશાળ ચિત્રમાં એણે કેવળ બે કે ત્રણ ભૂખરા રંગો જ વાપર્યા છે. એમાં ઘોડાના મોંમાં દેખાતી તીણી ખંજર જેવી જીભ અને દાંતમાં વેદનાની સાથે મૃત્યુ સામેનો પડકાર પણ વ્યક્ત થાય છે. વધસ્તંભ પર જડાએલા ઈસુ ખ્રિસ્તનાં અનેક ચિત્રો થયાં છે પણ તેમાંથી કોઇમાં મૃત્યુની વેદના ને કરુણતા કે તેની સામેનો પડકાર કોઈ મોટા કલાકાર બતાવી શક્યા નથી તે પિકાસોએ આ ઘોડાના મોં દ્વારા સચોટતાથી બતાવ્યો છે એમ ઘણાનો મત છે. યુરોપની કલા જ્યારે કેવળ શોભનાત્મક વલણ અને અંગત રુચિ તરફ ઢળતી જતી હતી ત્યારે કલાને જીવનનાં વ્યાપક બળો સાથે સંબંધ

આજની મૉડર્ન આર્ટમાં ફૅશનનું જોર છે, જીવનનું જોર નથી.

હોઈ શકે છે એ તરફ પિકાસોએ આ ચિત્ર દ્વારા ધ્યાન ખેંચ્યું છે.

આગળ જતાં પિકાસોએ 'યુદ્ધ' અને 'શાંતિ' વિષયક બે મોટાં ચિત્રો પણ કર્યાં છે; કોરિયામાં થએલી માનવહત્યાને પણ એણે ચિત્રિત કરી છે; પણ એમાં 'ગર્નિકા' જેટલી સફળતા સિદ્ધ થઈ નથી. જેમાં એ પોતે સંકળાએલો હોય તેવી કૃતિઓમાં એ પોતાનું જોમ વધુ સચોટતાથી પૂરી શક્યો છે. એ જ્યારે શાંતિ પરિષદમાં હતો ત્યારે એણે કરેલાં પારેવાંનાં સાદાં ચિત્રોમાં પણ એ અજબ જીવંતપણું લાવી શક્યો છે. બીજા વિશ્વયુદ્ધ વખતે એણે બિલાડી અને બીજાં પ્રાણીઓનાં ચિત્રો દ્વારા ક્રૂરતા અને દુરાચારના ભાવને સચોટતાથી રજૂ કર્યો છે.

બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે ફરી એ એકલો પડી ગયો. શરૂમાં એ દરિયાકિનારે ગયો, પણ પછી તો લડાઇનો આખો ગાળો પારી(સ)માં રહ્યો. એ સમયની એક કથા પ્રચલિત છે. એક જર્મન અમલદારે 'ગર્નિકા' જોઇને એને પૂછેલું કે 'આ શું તેં કર્યું છે?' પિકાસોએ જવાબ આપ્યો : 'મેં નહિ, આ તમે કર્યું છે!' યુદ્ધકાળ દરમિયાનની એની કૃતિઓમાં એના દિલનું દુઃખ અને ક્રોધ, આસપાસ ચાલી રહેલી હિંસા અને દુરાચારના ભાવો વ્યક્ત થાય છે. બેઠેલાં સ્ત્રી પાત્રો કે ગોઠવેલા પદાર્થો યા પક્ષી-પ્રાણી આલેખતાં એ બધાં ચિત્રોમાં એના મનની આશંકાઓ, ક્રોધ અને વિદ્રોહ વ્યક્ત થતાં દેખાય છે. એણે કહ્યું છે કે 'યુદ્ધ દરમિયાન મેં લડાઈનાં ચિત્રો કર્યાં નથી, કારણ કે ફોટોગ્રાફરની માફક હું વિષયની શોધમાં જનારો કલાકાર નથી, પણ મારાં એ સમયનાં ચિત્રોમાં લડાઈ દેખાયા વિના રહેશે નહિ.'

મહાન કૃતિઓનાં રૂપાંતર

આ પછી પિકાસોના સર્જનમાં નવો ઝોક દેખાય છે. વેલાસ્કવીઝના 'લા માનિનાસ', માનેના 'લંચન ઓન ગ્રાસ', દ લા ક્વાના 'વીમેન ઑવ અલ્જિઅર્સ' વગેરે ચિત્રો પરથી એણે આગવી રીતે અનેક રૂપાંતરો કર્યાં. એમાં કેટલાંક તો એ ચિત્રોના અમુક ભાગ પરથી પણ એણે બનાવ્યાં, જેમાં એની પૃથક્કરણ શક્તિ અને બુદ્ધિનો ખયાલ મળે છે. જો કે એક રીતે તો આ માત્ર રમત જેવું લાગે છે, પણ બીજી બાજુ તે એના દ્વારા આપણને મૂળ ચિત્રોને નવી રીતે જોતાં શીખવે છે. છતાં આ સિવાય એમાં પિકાસોનું કોઈ નવું આગવું તત્ત્વ મળતું નથી. એ પોતાની વિશિષ્ટ કલમ ચલાવી રહ્યો છે ખરો, પણ તેમાં નવા ગંભીર વિષયોનો અભાવ જ દેખાય છે. એનું કારણ એ લાગે છે કે એ ત્યારે ખૂબ એકાંતસેવી બની ગયો હતો. અને એ તો એક એવો કલાકાર છે કે જે પોતાના અંગત અનુભવોને જ વ્યક્ત કરે છે. આ અનુભૂતિનું ક્ષેત્ર જ જો સીમિત બની જાય તો પછી વિષયની પસંદગી પણ મર્યાદિત બની જવાની. વય વધવા સાથે એનાં જૂનાં 'સ્ત્રી-પાત્રો'નું જાદુ પણ ઘટતું જાય છે. એ પોતાના જ જૂના ચિત્રવિષયો ફરી ફરી ચીતરે છે યા અન્ય કલાકારોનાં ચિત્રોનાં રૂપાંતરો કરે છે.

પિકાસો જબરો શક્તિશાળી અને બુદ્ધિવાન હતો એની ખબર એના સમકાલીન કલાકારો અને મિત્રોને હતી જ. આથી તેઓ પિકાસોને પોતાનાં ચિત્રો બતાવતાં ખચકાતા. એમને દહેશત રહેતી કે પિકાસો એમના કામ પરથી કશુંક પકડી લઈને એમના કરતાં પણ કંઈક વધુ સારું કરી બતાવશે અને એથી નુકસાન થશે. પિકાસોએ આવું કર્યું પણ છે. પણ કયો ચિત્રકાર બીજા પાસેથી કંઈ ને કંઈ લેતો નથી? અને પિકાસો પાસેથી પણ બીજા કેટલાકોએ લીધું જ છે ને?

પિકાસોના પાછલા જીવનમાં વિષયોના અભાવ વિષે બ્રિટનના કલા-વિવેચક અને લેખક જૉન સાર્જંટે લખ્યું છે કે પોતાની આજુબાજુ કંઈક ઉત્તેજક બની રહ્યું છે એમાં રાચતો પિકાસો કદાચ ભારત આવ્યો હોત તો તેને નવા વિષયોની પ્રેરણા મળી જ રહેત. એક તરફ ગરીબી અને અજ્ઞાન તથા બીજી બાજુ શ્રીમંતો અને ઊંચી સંસ્કૃતિની સાથેસાથે બસો વર્ષની ગુલામીમાંથી છૂટીને નવસર્જનને માર્ગે જતી જગતની એક આ મહાન પ્રજાના ધબકારા અને ઘર્ષણ પિકાસોને ઘણા વિષય પૂરા પાડી શકત. ભારતના કલાકારોને પિકાસોની પ્રેરણાથી મહાન સર્જનો કરવા કોઈ રોકતું નથી. પણ આજની મૉડર્ન આર્ટમાં ફૅશનનું જોર છે, જીવનનું જોર નથી. પિકાસોનું જીવન અને કાર્ય દુનિયાના મૉડર્ન આર્ટના ઉપાસકોને આધુનિક કલાનો માર્ગ કેવો હોવો જોઈએ તેનું માર્ગદર્શન આપી શકે તેવું છે. પિકાસોનો અભ્યાસ આ રીતે મદદરૂપ છે જ.

ચિત્રકાર નહિ, કલાકાર

આ ત્યાર સુધી પિકાસોને આપણે એક ચિત્રકાર તરીકે જોયો છે, પણ તેને માટે કલાકાર શબ્દ જ વાપરવો જોઈએ. તે એક પ્રતિભાશાળી વ્યક્તિ હોઈ ચિત્ર ઉપરાંત એચિંગ, એક્વાટિન્ટ, લિથોગ્રાફ, લિનોકટ, ગ્રંથચિત્રો, ફોટોગ્રાફને કાપીને કરેલી રમતો, માટીનાં વાસણો અને શિલ્પ વગેરે જેવાં કલાનાં અન્ય પાસાંમાં પણ એ દીપી નીકળ્યો છે. આ બધાંમાં પણ એણે યાદગાર કામ કર્યું છે. કેટલાકને મન તો એ ચિત્રકાર કરતાં યે વધુ સારો શિલ્પી છે. જીવન દરમિયાન કોઈ પણ શિલ્પી કરે એટલી કૃતિઓ એણે પણ કરી છે. તૈયાર ચીજોનો ઉપયોગ કરવાની આજે સામાન્ય બની ગએલી દિશામાં પણ પિકાસોએ પહેલ કરી બતાવી છે. ગૅસના ચૂલાનું મોઢિયું એમ ને એમ મૂકી દઈ તેમાં સ્ત્રીપાત્રને જોવાનું એણે બતાવ્યું. રમકડાની મોટરોને એક બીજા પર ઊંધી ગોઠવી એણે એમાં વાંદરાના મોઢાને એવી રીતે દર્શાવ્યું કે આવી ચીજવસ્તુઓને જોવાની આપણી રીત બદલવી જ પડે. સાંઠીના ટોપલામાં બકરીનું પેટ, સાઈક્લની સીટ અને હૅન્ડલને ભેળાં કરીને તેમાં આખલાનું માથું દેખાડતી એની રચનાઓ તો ખ્યાત છે. એ કહે છે : 'હું સાઈકલ જોઉં છું ત્યારે મને એમાં આખલો પણ દેખાય છે, પણ સાઈકલવાળાને મારા આખલામાં સાઈકલ દેખાશે. એ સીટ અને હૅન્ડલ જુદાં પાડી જોશે. આમાં મન અને શરીર બન્નેની જરૂરિયાતો સંતોષાય છે. તૈયાર પદાર્થોને પદાર્થ તરીકે નહિ, પણ તેના ગુણો સાથે જોવાથી કંઈક કલ્પના આવે છે. આમ કરવાથી લાક્ષણિક તત્ત્વોનો ઉપયોગ કરીને નવી વાસ્તવિકતા વ્યક્ત કરી શકાય છે. આંખ તો સીટ કે હૅન્ડલ જ જુએ છે, પણ મન આખલાને સ્વીકારે છે. હું આંખને છેતરવા કરતાં મનને છેતરવાનું વધુ પસંદ કરું છું. ...હું સીધી રીતે શિલ્પ કરતો નથી, કારણ કે મારી રીતમાં જોનાર જે ભૂલી ગયો હોય છે તેને ફરી શોધવામાં મદદ મળે છે. સ્ત્રીનો પીઠ ભાગ ફૂલ જેવો છે એ ચવાઈ ગએલી સરખામણી છે. હું ફૂલો લઈ તેમાંથી સ્ત્રી બનાવું છું! જૂનાં લક્ષણોને સામી બાજુ લઈ જઈ તેને નવું જીવન આપું છું. જોનાર સાધારણ રીતે ચાલુ પ્રણાલિ પ્રમાણે જુએ છે એટલે આ અચાનક નવા સંબંધો તેના મનને ક્ષુબ્ધ કરી નવી લાગણીઓ ઉત્તેજે છે...નવી શોધ કરતાં ડરવું ન જોઈએ,' બીજા કોઈ પણ શિલ્પી કરતાં પિકાસોએ નવીનતા અને વિવિધતા વધુ દાખવી છે. જીવનનાં પાછલાં વર્ષોમાં એણે ધાતુનાં પતરાંથી કરેલાં શિલ્પને ચિત્ર જેવાં અને ચિત્રને શિલ્પ જેવાં કરીને અનેક હૃદયંગમ કૃતિઓ કરી છે.

ગ્રાફિક્સ

આ જ બાબત એનાં ગ્રાફિક્સને પણ લાગુ પડે છે. પ્રિન્ટ-સર્જકોમાં પિકાસો મહાકાય છે. કહેવાય છે કે રેમ્બ્રાં પછી સાધનોના પોતાના ગુણોનો સૌથી વધુ ઉપયોગ કરીને કલાભિવ્યક્તિ કરનારા માત્ર બે જ

કલાકારો પાક્યા છે: એક ગોયા અને બીજો પિકાસો.

સાહસના નવા પ્રદેશો શોધવાની ઇચ્છામાંથી એણે ગ્રાફિક આર્ટમાં નવી રીતો અને નવી આકૃતિઓ અજમાવી છે, અને એમાં એણે એટ્રુસ્કન, ચાઈનીઝ, પ્રીમિટિવ, નિગ્રો, ગ્રીક, રોમન અને જૂની ચિત્રપોથીઓ, રંગીન કાચની કળા વગેરે બધાંને પોતાનાં કરીને મૂક્યાં છે. એનાં ગ્રાફિક્સની સહજતા અને પ્રવાહિતા એનાં ચિત્રો કરતાં યે વધુ સારી છે. ગ્રંથચિત્રોમાં પણ એનું સર્જન પ્રેરણાદાયક છે. એનું આલેખન અને રેખાંકન પ્રાચીન ગ્રીક વાઝ પરનાં ચિત્રો જેવું સહજ અને ચોટદાર છે.

મૃદ્પાત્રો (પૅાટરી)માં એ પિકાસોનું રમતિયાળપણું દેખાય છે. ગમ્મતની સાથે યે સુંદરતા રજૂ કરે છે ને તેમાં સ્વયંભૂ કલ્પનાનાં ઉડ્ડયનો જોવા મળે છે. ચિત્રકામ સિવાયની એની આવી બધી ઈતર પ્રવૃત્તિઓમાં એણે સાધનોની શક્તિ અને શક્યતાને પૂરેપૂરી વાપરી છે. જોનારને આ બધું આનંદ તો આપે જ છે, પણ એ સાથે ભવિષ્યને માટે એ આ રીતે એક જબરું ભાતું મૂકી ગયો છે.

બીજા કરતાં જુદો

બીજા વિશ્વયુદ્ધ પછી પિકાસો ફ્રાન્સની કૉમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયો. સ્પેઈનના આંતરયુદ્ધમાં અને વિશ્વયુદ્ધમાં કૉમ્યુનિસ્ટોએ જે બહાદુરી બતાવી અને નવા જીવનની આશા જગાડી હતી તેનાથી તેમ જ એ સમયના યુરોપ-અમેરિકાના ઘણા પ્રખર બુદ્ધિજીવીઓ તથા સંસ્કારસ્વામીઓ કૉમ્યુનિઝમ તરફ ઢળતા હતા તેથી એને પણ લાગ્યું કે નવા જગતના નિર્માણમાં એ બધા સાથે પોતે પણ સાથ આપવો જોઈએ. એમાં થોડો વખત તો એ પોતાની પ્રતિભા અને બહારના જગતની વાસ્તવિકતા સાથે મેળ મેળવી શક્યો, પણ એ સ્થિતિ લાંબો સમય ટકી નહિ. પોતાના મતાગ્રહ માટે જાણીતા કૉમ્યુનિસ્ટો સાથે એને ફાવ્યું નહિ.

પિકાસોનાં ચિત્રોમાં એની માનવતા જોવા મળે છે. વ્યક્તિ તરીકે પણ એ ઘણો મોટો હતો. પોતાનાં મહામૂલાં ચિત્રો એ ભેટ તરીકે પણ આપી દેતો. એક નાનો પ્રસંગ નોંધનીય છે: ઈ. ૧૯૬૬માં તેને સન્માનવા ફ્રાંસની સરકારે અને પારી(સ) નગરે એની કૃતિઓનું એક વિશાળ પ્રદર્શન યોજ્યું હતું. ફ્રાંસના એક પ્રાન્તની નાની કલાશાળાના વીસેક વિદ્યાર્થી અને શિક્ષકોને એ જોવાની ઇચ્છા હતી. પારી(સ) જવા-આવવાનું ભાડું અને ત્યાંના રોકાણનો ખર્ચ કાઢવા તેમણે પોતાની કૃતિઓનું એક પ્રદર્શન યોજ્યું, પણ કશું વેચાયું નહિ. પિકાસોને એની જાણ થતાં એણે પોતાનું એક નાનું ડ્રૅાઇંગ મોકલ્યું અને સાથે લખ્યું 'ટ્રાઈ ધિસ' (આ અજમાવી જુઓ). અને એ આખા મંડળને એ ડ્રૅાઇંગના વેચાણમાંથી જોઈતી રકમ તુરત મળી ગઈ ને તેઓ પારી(સ) આવી શક્યા.

જગતમાં શાંતિની શોધ ચાલુ છે ત્યાં સુધી અને શાંતિ સ્થપાયા પછી પણ પિકાસોનું પારેવું દુનિયાના તમામ લોકો જોયા જ કરશે. એક સાદી રજૂઆતમાં ઊંચી કલાની આવી વિશ્વવ્યાપક ભેટ આપનાર બીજો કોઈ કલાકાર છે ખરો?

બીજા કરતાં પિકાસો બહુ જુદો છે અને એટલે એને સમજવો અઘરો છે. સુંદરતાના વ્યાપક ખયાલોને અનુસરવાને બદલે એણે તદ્દન નવું જ કરી બતાવ્યું છે. એનું કહેવાનું ઘણું ગહન છે. જેમ વિજ્ઞાનમાં આઈન્સ્ટાઈને તેમ કલાક્ષેત્રમાં પિકાસોએ મૂળભૂત શોધ કરીને કલાનાં સ્વરૂપ અને સમજણ બદલી નાખ્યાં છે. કલાને એણે સમૃદ્ધિ અને પ્રગતિ આપી છે. એ કહે છે: 'બીજાઓ જેમ આત્મકથા લખે છે. તેમ હું ચિત્ર કરું છું. મારાં ચિત્રો પૂરાં કે અધૂરાં, મારી રોજનીશીનાં પાનાં છે. ભવિષ્યમાં સૌ તેમાંથી પોતાની પસંદગી કરશે, પણ હું તે કરતો નથી...મારાં ચિત્ર ખરીદનારને ખબર છે કે તે મારા લોહીની શીશી ખરીદી રહ્યા છે. મારું એક ચિત્ર જતાં મારું મન એક અંગ ગુમાવ્યા જેવું લાગે છે. હું ચિત્રમાં મારું જીવન મૂકું છું.'

પિકાસોએ કલામાં સ્થિર હકીકતો રજૂ કરી નથી, પણ પદાર્થોનું ઘડતર અને તેની હલચલ વચ્ચેના સંબંધો, ઘનતા અને અવકાશ વચ્ચે થતી અસરોની ક્રિયા, ચિત્રમાં મૂકેલું ચિહ્ન અને તેમાંથી બદલાતી વાસ્તવિક્તા વચ્ચેની આંતરિક ક્રિયા તથા આ બધાથી મન પર થતી અસરોની પ્રક્રિયામાં જ એને રસ છે. આથી એનાં ચિત્રો વધુ જોવાથી જ સમજાય છે. સુંદરતાના નિયમો કરતાં એને માનવતત્ત્વ વધુ મહત્ત્વનું લાગે છે. આથી સુંદરતાની અપેક્ષા રાખીને એનાં ચિત્રો જોવાથી એ સમજવાં મુશ્કેલ બને છે.


પિકાસો સતત જીવંત રહ્યો છે. અંગત ગમગીની નીચે એણે પોતાની શક્તિને ઢીલી પડવા દીધી નથી, એના કામને એણે મંદ પડવા દીધું નથી. રાજકીય દૃષ્ટિએ એક વ્યક્તિ તરીકે એ ચીડિયો કે વક્રદૃષ્ટિ બન્યો નથી, પ્રતિગામી કે દ્રોહી થયો નથી.

છેલ્લા શતકમાં થએલા ઘણા ક્રાંતિકારક ફેરફારોમાં પિકાસોનો પણ ફાળો છે. કલાનું ધ્યેય કોઈ આકારોની સુંદરતાની સંપૂર્ણતા સિદ્ધ કરવાનું છે એવા ચાલુ વિચારને બદલે લાગણીના વેગ કે અનુભવોને વ્યક્ત કરવાનું એ એક ચોટદાર માધ્યમ છે એવો ખયાલ પસારવામાં પિકાસોનો મોટો ફાળો છે. આકૃતિઓના ગોપિત સૌંદર્યને જોતાં એણે શીખવ્યું છે.

આરંભથી જ એને સફળતા મળી હતી, પણ એણે ત્યાં ન અટકતાં નવા માર્ગો શોધવા હિંમત કરી. એની પહેલાંના ઈમ્પ્રેશનિસ્ટ, ફાઉન ઘણે અંશે સર-રીઆલિસ્ટ પણ સુંદરતાના જૂના ધોરણને વળગી રહ્યા હતા. ચિત્રકારો બે પ્રકારના હોય છે: એક પોતાની અંતરપ્રેરણાને બળે ચાલનારા. એમને કોઈ મહેનત કે લડત કરવી પડે છે એવું લાગતું નથી. જાણે કે કુદરતી વિકાસ જ હોય તેમ તેમને સર્જન અંગે જણાય છે. આવા કલાકારની કૃતિ બુદ્ધિમાંથી ચળાઈને આવતી નથી. બીજો કલાકાર પોતાના ઊંડાણમાંથી શોધીને કૃતિને બહાર આણે છે. પિકાસો આરંભમાં પહેલી કક્ષાનો હતો. પરિવર્તન કરીને એ બીજી કક્ષાનો થયો. એથી જ એની કલામાં બંને પ્રકારનું કામ જોવા મળે છે. એક જ ચિત્રમાં એ બેચાર શૈલીને કુશળતાથી સંયોજી શકે છે, પરસ્પર વિરોધી રીતોને એ ભેળવી શકે છે ને શૈલીને તદ્દન બદલી પણ શકે છે. મનના અજાણ્યા પ્રદેશમાંથી શોધ કરવાની એની હિંમત કાયમ રહી છે. માનવ આકૃતિને મારવા-મચડવાની એણે કોઈ હદ રાખી નથી અને છતાં બીજા કોઈ પણ કલાકાર કરતાં એણે માનવીની વેદના તરફ વધુ સહાનુભૂતિ દાખવી છે. અને એ સંવેદના એ આપણામાં પણ ઊભી કરી શકે છે.

પ્રણાલિની એને સમજણ છે અને એ એને ગમે પણ છે, છતાં એ ક્રાંતિકારક છે. જીવનતત્ત્વોને રસપૂર્વક વ્યક્ત કરવા છતાં મૃત્યુ પણ એના મનમાં રહ્યા કરે છે. બાળકની જેમ નવી શોધો તેને મોહિત કરે છે.

પિકાસોનું સર્જન આજની દુનિયાનું પ્રતિબિંબ જ માત્ર નથી, પણ ભવિષ્ય તરફ લઈ જનારું છે. એની કલા આંખને ખુશ કરવા નહિ, પણ નવી દૃષ્ટિ આપવા માગે છે. એની આ ઝંખના આપણે ઝીલીએ. □



પચ્ચીસ વર્ષ પહેલાં

જુલાઈ ૧૯૪૮-સળંગઅંક ૨૯૫

ઇંગ્લૅંડ આદિ ઠંડા પ્રદેશોમાં વરસાદને બદલે ઘણી વાર બરફ (Snow) પડે છે. એ આપણા કરા જેવો નહિ. પણ રૂના બારીક પોલ જેવો અત્યંત ઝીણા કણોના રૂપમાં વરસે છે. બરફના એ કણો યા સ્ફટિકો હોય છે તો સોય જેવા લાંબા, પરંતુ કુદરતની અદ્‌ભુતતા એ છે કે જ્યારે તે ઉપરથી નીચે પડી એકબીજા સાથે જોડાય છે ત્યારે હંમેશ ૬૦ અંશને ખૂણે જ જોડાય છે! અને એ રીતે ષટ્કોણ આકારની અસંખ્ય અનુપમ સૌન્દર્યમય આકૃતિઓ રચે છે. સૂક્ષ્મદર્શક યંત્ર કે કાચમાંથી જોતાં એ મબલખ વૈવિધ્યવાળા અનેક મનોહર ષટ્કોણી આકારો સ્પષ્ટ થાય છે. દરેક આકૃતિ જુદી, દરેકનું સૌંદર્ય જુદું, દરેકની રચના જુદી! એવી બે-પાંચ નહિ પણ હજારો-લાખો નવીનવી આકૃતિઓ બને છે! તેમાંની વાનગી પચ્ચીસ વર્ષ પહેલાં આપેલી તે અહીં ઉતારી છે. □

કલાવાર્તા

કલાકાર રસિક રાવલ






કલાકાર રસિક રાવલનાં (પક્ષી, પ્રાણી અને માનવ-ચિત્રણાનાં) ચાર લાક્ષણિક ચિત્રો: ઉપર વૃષભ. નીચે: ડાબી બાજુ 'ઉડ્ડયન' અને 'ત્રિપુટી'. જમણી બાજુ 'કદલીના સાનિધ્યમાં'.

આ અંકના આરંભમાં જેમનું એક રંગીન ચિત્ર આપ્યું છે એ કલાકાર રસિકલાલ દુર્ગાશંકર રાવલ પોતાનાં, રંગ ને રેખાના સ્વપ્નમય કાવ્ય સમાં ચિત્રોથી ખ્યાત છે. ઈ. ૧૯૨૮માં સાબરકાંઠા (ગુજરાત)માં એમનો જન્મ. મુંબાઈની સર જે. જે સ્કૂલ ઑવ આર્ટ્સમાં કલાભ્યાસ કર્યા પછી નિજી પ્રદર્શનો ઉપરાંત બૉમ્બે આર્ટ સોસાઍટીના પ્રદર્શનમાં ભારતીય શૈલીની રજૂઆત માટે પ્રથમ પુરસ્કાર, દિલ્હીની લલિતકલા અકાદમીનું પ્રથમ ઈનામ ને કલકત્તાની ઍકેડેમી ઑવ ફાઈન આર્ટ્સનો સુવર્ણચંદ્રક મેળવી એમને પોતાની પ્રતિષ્ઠા સ્થાપી છે. ભારતમાં 'માર્ગ' અને લંડનમાં 'સ્ટૂડિયો મૅગેઝિન' જેવાં વિખ્યાત કલાસામયિકોમાં પણ એમની કૃતિઓ રજૂ થઈ છે. આ ઉપરાંત પણ અનેક સામયિકોએ એમની કલાને બિરદાવી છે. જાહેર તેમજ ખાનગી અને દેશના તથા વિદેશના અનેક કલાસંગ્રહોમાં એમની સંખ્યાબંધ કૃતિઓ સંઘરાઈ છે.

એમની કૃતિઓનાં પાત્રો ને રંગાવટ, દશ્યો અને વિષયમાં ભારતીયતા સ્પષ્ટ ઊપસી આવે છે, પણ એમાં જૂનવાણી અસર નથી દેખાતી. એમની રંગાવટ ગાઢી છે અને લાલ, લીલા ને ભૂરા રંગની સાથે સહેજ પિરોજીનો પ્રયોગ એમને જાણે વધુ ગમતો લાગે છે. નિરાળા સ્વરૂપની એમની રેખા પણ એમનાં ચિત્રસર્જનને આગવો સ્પર્શ આપે છે. —જયંત સિદ્ધપુરા







રસિક રાવલનાં ચિત્રોમાં ચાતુરીભરી ગૂઢતા નથી, પોતાની ચિત્રરીતિ દ્વારા એમણે કોઈ નવું અર્થઘટન પણ સમજાવ્યું નથી, ચિત્રાલેખનનો કોઈ નવો સિદ્ધાંત પણ એમણે સ્થાપ્યો નથી, મૉડર્નને નામે દાયકાઓ પહેલાંની પશ્ચિમની ચિત્રશૈલીની નકલ પણ એમણે કરી નથી. કે પોતાનો કોઈ અલગ ચોકો પણ એમણે રચ્યો નથી. પણ પ્રત્યેક ચિત્રકારમાં જે જરૂરી છે એવી, પોતાના ચિત્રવિષયને પ્રામાણિક રહીને એમણે આગવી રીતે પોતાની ઓળખ સ્થાપી છે. ભારતીયતાનો સ્પર્શ એમની કૃતિઓમાં સ્પષ્ટ છે. સાદગી અને લાઘવભરી એમની રચનાઓ રંગ અને રેખાના કાવ્ય સમી લાગે છે. પ્રાચીન શૈલી જેવી પીઢતા સાથે એમની આગવી રજૂઆતમાં આધુનિકતાનું સંમિશ્રણ દેખાય છે. નવીનતાને ખાતર જ નવીનતા લાવ્યા વિના પોતાને જે કહેવું છે એ તેઓ સ્પષ્ટ રીતે કહી શકે છે અને એટલે એમને પોતાનાં ચિત્રોમાં આડાંતેડાં ચવિત્રાં કરવાની જરૂર રહેતી નથી. અણિશુદ્ધ રેખાંકનોથી ઊપસતી એમની માનવઆકૃતિઓ પ્રલંબ છતાં અમાનવીય જણાતી નથી, કે નથી લાગતી ભાવવિહીન. માણસની સહી જેમ જ એમના આલેખનનું આગવું વ્યક્તિત્વ છે, અને એટલે જ એ એમની પોતાની આગવી ચિત્રણા બની રહે છે, એટલે જ એમના ચિત્રવિષયો પરિચિત છતાં નવતર લાગે છે. —એ. એસ. રામન

સિક્કા-સંગ્રાહક ત્ર્યંબકલાલ દવે

અમદાવાદની કૅલિકો મિલમાં એક સીનિયર ક્લાર્ક તરીકે વર્ષોથી કામ કરતા અને હાલ પાંસઠેક વર્ષની વયે પહોંચેલા એક ભાઈ છે. શાળાનો અભ્યાસ તો એમણે બહુ નથી કર્યો, પણ સિક્કા-સંગ્રહનો વ્યાસંગ કેળવીને એમણે એ દ્વારા ભારતના ઇતિહાસ અને વિવિધ રાજવંશ વગેરેનું ઘણું સારું જ્ઞાન સંપાદિત કર્યું છે.

ત્ર્યંબકલાલ દવે એમનું નામ. દસેક વર્ષ પહેલાં ઘરના દેવઘરમાં રાખેલા સોનાના કેટલાક પ્રાચીન સિક્કાઓ જોઈ એમને કુતૂહલ જાગ્યું



અને તપાસ કરતાં જે કંઈ જાણવા મળ્યું તેમાંથી એમને પ્રાચીન સિક્કાઓ સંઘરવાનો શૉખ લાગતાં પછી એની પાછળ સતત મચી રહીને એમણે આજે અવનવા અને સંગ્રહની તેમજ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વના એવા ત્રણેક હજાર જેટલા સિક્કા એકઠા કર્યા છે. પંચમાર્કવાળા સિક્કાઓ, જહાંગીરે બહાર પાડેલા રાશિચિત્રોવાળા સિક્કા, બ્રિટિશ સત્તાના આરંભથી માંડી તેઓ હિંદ છોડી ગયા ત્યાં સુધીના એમણે બહાર પાડેલા બધા જ સિક્કા, મુઘલકાલીન અન્ય હિંદી રાજ્યોના સિક્કા, એમ અનેક સિક્કાઓ ઉપરાંત એમની પાસે ગુજરાતના સુલતાનની વંશાવલીના ઉલ્લેખવાળો સિક્કો, મુઝફ્ફર ત્રીજાનો અરબીના બદલે ઉર્દૂ ભાષાના લખાણવાળો સિક્કો, બિજાપુરના આદિલશાહ બીજાનો ચીપિયા જેવા આકારનો સિક્કો, વગેરે કેટલાક તો દુર્લભ સિક્કા છે.

સિક્કા માટે સતત સજગ રહી, અનેક સ્થળે રખડીભમી મળે ત્યાંથી માહિતીઓ અને સિક્કાની વિવિધ લાક્ષણિકતાઓ વિષે જાણકારી મેળવીને એમણે પોતાના સંગ્રહ અને જ્ઞાનમાં સતત વૃદ્ધિ કરી છે. સિક્કા ઉપરાંત પ્રાચીન કારીગરીવાળી અનેક વસ્તુઓ, વિવિધ કલાકૌશલવાળી સંખ્યાબંધ સૂડીઓ, અવનવાં પાત્રો, ક્ષતિવાળી ચલણી નોટો, ટપાલટિકિટો વગેરેનો પણ એમણે સારો સંગ્રહ કર્યો છે. પોતાના નિવાસસ્થાને આ સમગ્ર સંગ્રહનું તેઓ એક જાહેર સંગ્રહાલય કરવા ઇચ્છે છે.

પોતાના અનુભવો પરથી એમણે નવા સંગ્રાહકો માટે કેટલાંક સૂચનો કર્યાં છે જે આ નીચે આપ્યાં છે:


સિક્કા સંઘરનારે સૌપ્રથમ તો એના પરની લિપિ ઉકેલવા પૂરતું વિવિધ લિપિઓનું જ્ઞાન મેળવવું જોઇએ. પ્રાચીન ભારતીય સિક્કા માટે સંસ્કૃત, અરબી ને ઉર્દૂ લિપિનો પરિચય ખાસ જરૂરી છે. સિક્કા પરની સાલના આંકડા ઓળખવા માટે જે તે લિપિના આંકડાઓનો પરિચય તો જોઈએ જ. આ માટે એક નાની ડાયરી સદા પાસે રાખવી. એમાં વિવિધ રાજવંશો ને રાજાનાં નામ તથા એમના શાસનકાળની નોંધ રાખવી. વળી, જે કંઈ નવી માહિતી મળે તે પણ તેમાં ટપકાવી લેવી. ગમે ત્યારે હાથ ચડેલા સિક્કાને ઓળખવામાં સહાય રૂપ બની રહેશે.

ઐતિહાસિક સિક્કાઓ અંગે સચિત્ર માહિતી ને એનું મહત્ત્વ તથા કિંમત વગેરે દર્શાવતાં અનેક કૅટલૉગ પણ મળે છે. લખનૌ, પટણા, કલકત્તા, મુંબાઈ વગેરે શહેરના સંગ્રહાલયોનાં આવાં કૅટલૉગ મળે છે. પરદેશમાં તો આ વિષયનાં ખાસ સામયિકો પણ બહાર પડે છે, તેનો શકય એટલો લાભ લેવો. વળી, અન્ય સંગ્રાહકો, ભંગાર તથા પ્રાચીન સિક્કા વેચનારાઓ સાથે પણ સતત સંપર્ક રાખવો જોઈએ.


હાથ આવેલા સિક્કા પરનો મેલ સાફ કરી એને પ્લાસ્ટિકના ફોલ્ડર કે આલ્બમમાં શૉખ પ્રમાણે સાલવાર, રાજવંશવાર કે એમ અનુકૂળ એવી વ્યવસ્થિત રીતે સાચવીને રાખવા સાથે એ દરેક સિક્કા વિષેની માહિતી પણ લખી રાખવી જોઇએ. ટપાલટિકિટોની માફક કેટલાક પ્રાચીન સિક્કાઓમાં પણ અમુક ક્ષતિઓ રહી ગઈ હોય છે. આવી બાબતોની પણ જાણકારી સંગ્રાહકને હોવી જોઈએ.

અનુભવે અને અંગત જરૂરિયાત પ્રમાણે બીજી ઘણી બાબતો પણ જાણી શકાય છે. પણ સૌથી વધુ અગત્ય તો છે પોતાનો સંગ્રહ અને જ્ઞાન વધારવા અંગેની સતત જાગૃતિ અને કરેલા સંગ્રહની ચીવટભરી જાળવણીની.

—જગદીશ બિનિવાલે



જહાંગીરે ગાદીએ બેઠા પછી ૧૪મા વર્ષે આગ્રાની ટંકશાળમાંથી બહાર પાડેલા સિક્કા જેની એક તરફ એકએક, એમ બારે રાશિનાં ચિત્રો હતાં. જમણી બાજુ: સિદ્ધરાજ જયસિંહનો એક સિક્કો. તેની એક બાજુ પર હાથી અને બીજી તરફ જયસિંહના નામ નીચે 'પ્રિય' શબ્દ છે.



આ માસના આકાશમાં ૭ [જુલાઇ-ઑગસ્ટ

આકાશમાં સિંહ રાશિ પછી સૂર્યનો ક્રાંતિમાર્ગ વિષુવવૃત્તની દક્ષિણે ઢળતો જાય છે. તેના પર છું ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રથી માંડી, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા અને મૂલ નક્ષત્ર સુધીમાં કન્યા (Virgo), તુલા (Libra) અને વૃશ્ચિક (Scorpius)નાં તારામંડળો વિસ્તરેલાં છે. આ ત્રણે નામ પ્રમાણે ત્રણે મંડળોમાં અનુક્રમે કન્યા, તુલા (ત્રાજવું) અને વૃશ્ચિક (વીંછી)ની આકૃતિ કલ્પેલી છે.

કન્યામાં એક માત્ર ચિત્રા નક્ષત્રનો ચિત્રા (Spica) તારો સૌથી વધુ ધ્યાન ખેંચે છે. લગભગ ક્રાંતિમાર્ગ પર જ આવેલો એ પ્રથમ વર્ગનો નીલશ્વેત તારો આપણાથી ૨૨૦ પ્રકાશવર્ષ દૂર છે. ઉત્તરા ફાલ્ગુની, હસ્ત (Corvus) અને ચિત્રામાં સૂર્ય હોય ત્યારે આકરો તાપ પડે છે જે 'ઓતરા ચિતરાના તાપ' તરીકે ઓળખાય છે. આમાં યે સૂર્ય હસ્ત નક્ષત્રમાં હોય ત્યારે વરસાદ ઓછો ને ગડગડાટ ઝાઝો થતો હોઈ 'ગગન ગાજે હાથી-ઓ' જેવી ઉક્તિ લોકસમાજમાં પ્રચલિત થઈ છે. ચિત્રામાં સૂર્ય પ્રવેશે ત્યારે વરસાદ થાય છે. જ્યોતિષીઓ કહે છે કે ચિત્રામાં જન્મેલ જાતક સુંદર નેત્ર અને અંગવાળો હોય છે. કન્યા રાશિના આ વિસ્તારમાં સંખ્યાબંધ તારાવિશ્વો પથરાએલાં છે.


તુલાનું મંડળ નાનકડું અને ઝાંખા તારાઓવાળું છે. અને એના દર્શનની કોઈ ખાસ વિશિષ્ટતા નથી. એમાંના વિશાખા નક્ષત્રનું એક નામ રાધા પણ છે. કહે છે કે વિશાખામાં જન્મેલો જાતક કાંતિવાળો, વાચાળ, પણ ક્લેશ કરાવનારો, લોભી અને ઈર્ષાખોર હોય છે.

રાધા પછીનું એટલે અનુરાધા નક્ષત્ર વૃશ્ચિકના મસ્તકને સ્થાને જોવા મળે છે. ભાદરવા સુદ છઠના દિવસે આ નક્ષત્ર હોય તો વર્ષ સારું નીપજે છે, એટલે એ એક શુભ નક્ષત્ર મનાય છે. વૃશ્ચિકના મસ્તક સ્થાને અને એના બંને બાજુના ચીપિયામાં ફેલાએલા આ નક્ષત્રના મુખ્ય ત્રણ તારા તુરત પકડી શકાય તેવા છે. આકાશમાં કલ્પેલા આકાર પ્રમાણે આ વૃશ્ચિકનું મંડળ જ પૂરા અર્થમાં સાર્થનામ છે. દક્ષિણાકાશમાં એનો દેખાવ ભવ્ય સુંદર લાગે છે. એનો મોટા ભાગનો વિસ્તાર આકાશગંગા પર પથરાએલો છે. આ વૃશ્ચિકના હૃદયસ્થાને આવેલો પારિજાત (Antares) તારો, મંગળના ગ્રહ જેવી એની તેજસ્વિતાને કારણે તુરત જ ધ્યાન ખેંચે છે અને જો મંગળ એની આજુબાજુમાં જ હોય તો અજાણી આંખે બંનેને અલગ તારવવા પણ મુશ્કેલ બને છે. કદાચ એટલે જ એને 'મંગલારિ' નામ પણ અપાયું છે. કદમાં પારિજાતનો વ્યાસ સૂર્ય કરતાં ૨૯૦ ગણો વધારે છે, પણ એના વાયુમય સ્વરૂપને કારણે એનું ઘનત્વ સૂર્ય કરતાં લાખોમા ભાગનું ઓછું છે. આપણાથી એ ૪૦૦ પ્રકાશવર્ષ દૂર છે. પારિજાત અને એની આજુબાજુના બે તારાઓ મળીને જ્યેષ્ઠા નક્ષત્ર ગણાય છે.

જ્યેષ્ઠા પછીનું મૂલ નક્ષત્ર વૃશ્ચિકની પૂછડીના સ્થાને સુંદર વળાંક લઈ પડયું છે. જ્યોતિષીઓ આને એક ભારે નક્ષત્ર ગણે છે. તેમાં જન્મેલ જાતક માતાપિતાને ભારરૂપ અને ઉત્તરાવસ્થામાં દરિદ્ર ને રોગી થાય છે. મૂલ નક્ષત્ર પાસે કેટલાંક તારકગુચ્છો છે.

વૃશ્ચિકના લગભગ બધા તારા તેજસ્વી હોઈ એનું દર્શન પ્રભાવક લાગે છે.

વછેરાને પાઠ



લીલાછમ ઘાસથી હર્યુંભર્યું એક મેદાન હતું. તેમાં થઈને પાણીનું એક ઝરણું વહેતું હતું. એ ઝરણાને કાંઠે ફૂલો પણ ખિલતાં અને એથી મેદાન બહુ સુંદર લાગતું. આ મેદાનમાં એક ઘોડો રહેતો. એને એક વછેરો હતો. ઘોડાનો એ એકનો એક દીકરો હતો. ઘોડો એને લાડથી ઉછેરતો હતો. મેદાનમાં ઘણું ઘાસ હતું એટલે નાના વછેરાને પૂરતું ખાવાનું મળી રહેતું. પીવા માટે ઝરણાનું શીતળ મીઠું પાણી મળતું. રોજ એ મેદાનમાં ચરતો, ઝરણાનું પાણી પીતો, મન ફાવે ત્યારે નાચતોકૂદતો અને થાકે ત્યારે છાંયામાં આરામ કરતો કે ઈચ્છા થાય તો ઝરણામાં પડી નાહતો. બીજું કંઈ કામ કરવાનું હતું નહિ એટલે એને લહેર પડતી.

કંઈ કામ કરવાનું ન હોય અને બસ ખાવાપીવાનું ને હરવા-ફરવાનું હોય તો એવું સુખ કોને ન ગમે? પણ સુખમાં ને સુખમાં ઊછરવાથી વછેરાના શરીરમાં ચરબી ચડવા લાગી અને અંગમાં આળસ ભરાયું. પછી તો એને આ સુખમાં યે કંટાળો આવવા લાગ્યો. અંતે એક દિવસ એણે બાપને કહ્યું, 'થોડા દિવસથી મને ક્યાંય ચેન પડતું નથી. આ અહીંનું ઘાસ પણ હવે તો ભાવતું નથી અને આ ઝરણાનું પાણી યે ગંદું લાગે છે. વળી, અહીંની હવા પણ સ્વચ્છ નથી લાગતી. કદાચ હું અહીં મરી જઈશ તો?'

દીકરાની વાત સાંભળી ઘોડો વિચારમાં પડી ગયો. ને પછી બોલ્યો. 'ભલે દીકરા, તારા માટે હું કાંઈ પણ કરવા તૈયાર છું. તને હવે અહીં ન ગમતું હોય તો આપણે બીજે ચાલ્યા જઈશું.'

વછેરાને એ સાંભળી આનંદ થયો. બીજે દિવસે બાપ-દીકરો એ મેદાન છોડી બીજે જવા ચાલી નીકળ્યા.

રસ્તામાં વછેરો તો આનંદથી હણહણવા લાગ્યો ને થનગનતો ચાલવા લાગ્યો. નવા સ્થળે જવાની કલ્પનાથી એ ગેલમાં આવી ગયો હતો. પણ એના બાપુ તો ધીરે ધીરે શાંતિથી ચાલ્યા જતા હતા. બંને જણ એક પહાડી પ્રદેશમાં પહોંચ્યા. ત્યાંની હવા તાજગી ભરી હતી પણ એથી વધુ બીજું કંઈ નહોતું. ખાવા માટે એમને ત્યાં બહુ ઓછું ઘાસ મળ્યું ને પાણી તો એથી યે ઓછું. રાતે બંને જણને ભૂખ્યા પેટે જ સૂઈ જવું પડ્યું.

બીજે દિવસે વળી તેઓ આગળ ઊપડ્યા. પણ આગળ તો બહુ જ ઓછું ઘાસ મળતું હતું. વછેરો હવે ભૂખ્યો ભૂખ્યો બાપની બાજુમાં ધીરે ધીરે ચાલતો હતો. અને બહુ જ ઓછું બોલતો હતો. નવી જગ્યા જોઈને હવે એ હણહણતો ય નહોતો ને કૂદતો યે નહોતો. જેમ જેમ તેઓ આગળ જતા ગયા તેમ તેમ એમની ભૂખ પણ વધતી ગઈ.

આખરે વછેરાએ ઘોડાને કહ્યું, 'બાપુ, હવે તો ભૂખના માર્યા મારાથી ચલાતું યે નથી. મારાથી હવે આગળ જઈ શકાય તેમ નથી.'

ઘોડો કહે, 'ધીરજ રાખ બેટા, સાંજ પડવા આવી છે. આપણે થોડા વધુ આગળ જઈએ. કદાચ આપણને ખાવાનું મળી રહેશે.'

બંને બાપદીકરો ધીરેધીરે આગળ ચાલ્યા. રાત પડી ગઈ હતી અને ભૂખ્યા વછેરાને હવે પોતે ક્યાં જાય છે એ જોવામાં રસ નહોતો રહ્યો. બાપની પાછળ નીચું માથું કરી એ ધીરે ધીરે ચાલતો હતો. છેક મોડી રાતે બંને જણ એક મેદાનમાં આવી પહોંચ્યા. ત્યાં પુષ્કળ લીલુંછમ ઘાસ હતું અને પાણી માટે એક ઝરણું પણ હતું. વછેરો તો એ જોઈ રાજીરાજી થઈ ગયો. અને ઘાસમાં મોં નાખી ખાવા જ લાગ્યો. થોડું ઘાસ પેટમાં ગયા પછી એનામાં શક્તિ આવી. ઝરણામાંથી થોડું પાણી પીધું અને પછી બોલ્યો, 'બાપુ, અંતે આપણને સરસ જગ્યા મળી ખરી. આ ઘાસ પણ કેવું કૂણું અને સ્વાદિષ્ટ છે, અને આ પાણી પણ મીઠું અને સ્વચ્છ છે! અહીંની હવા પણ તાજગીભરી લાગે છે. આપણે હવે અહીં જ રહીશું. આથી વધુ સારી જગ્યા માટે હવે આપણે રખડવું નથી.' આટલું કહી એ તો પાછો ઘાસ ખાવા લાગ્યો.

ધીરે ધીરે પરોઢિયું થયું અને અજવાળું વધવા લાગ્યું. ખાઈ-ખાઈને ધરાએલા વછેરાએ ચારે બાજુ નજર કરી તો જણાયું કે આ તો તેઓ પહેલાં જ્યાં રહેતા હતા એ જ મેદાન હતું. આ બધું જોઈ એ મૂંઝાઈ ગયો અને શું બોલવું એ પણ એને ન સૂઝ્યું.

ઘોડો એ જોઈ રહ્યો હતો. વછેરાને મૂંઝાએલો જોઈ એણે નરમાશથી કહ્યું, 'હા, આ આપણે રહેતા એ જ મેદાન છે. જ્યારે આપણી પાસે બહુ છત થઈ જાય ત્યારે એનો આપણને થાક અને કંટાળો લાગવા માંડે છે. પણ હવે તને સમજાયું હશે કે સુખી થવું હોય તો જે કંઈ મળે એમાં આનંદ માનવો અને એને ત્યજી દેતાં પહેલાં પૂરતો વિચાર કરવો. વધુ સારું મેળવવાની લાલચે ખોટાં વલખાં મારવાં નહિ.' □

શબ્દકથા: આયતન · આયત્ત

સંસ્કૃતમાં 'આયતન' શબ્દ વૈદિક સમયથી પ્રચલિત છે. 'આયતન'નો મૂળ અર્થ છે: સ્વસ્થાન, ગંતવ્ય કે પ્રાપ્ત કરવાનું સ્થાન, આશ્રયસ્થાન, વાસસ્થાન, સ્વાભાવિક વાસસ્થાન કે ઘર, આવાસ.

દેવાયતન એટલે દેવ માટેનું પવિત્ર સ્થાન, પછી તે મંદિર હોય, ચોતરો હોય કે સ્થાનક હોય. પાછળના કાળે 'આયતન'નો અર્થ 'પ્રતિમા' એવો પણ થવા લાગ્યો. 'દેવતાયતન' એટલે દેવતાની પ્રતિમા. 'પંચાયતન' એટલે ગણપતિ, દેવી, સૂર્ય, વિષ્ણુ ને શિવ એ પાંચ ઉપાસ્ય મૂર્તિનો સમૂહ.

'આયતન'ના મૂળમાં રહેલા 'આ+યત્' એવા ધાતુ ઉપરથી થએલા ભૂતકૃદંત 'આયત્ત'નો અર્થ છે 'આશ્રિત' કે 'અધીન'. 'સ્વાયત્ત' એટલે સ્વાધીન અને 'પરાયત્ત' એટલે પરાધીન. ભટ્ટ નારાયણના સંસ્કૃત નાટક 'વેણીસંહાર'માંના કર્ણના તેજસ્વી પાત્રની એક પ્રખ્યાત ઉક્તિ છે:

'દૈવાયત્તં કુલે જન્મ, મદાયત્તં તુ પૌરુષમ્'

'અમુક કુળમાં જન્મ થવો તે દૈવાધીન છે, પણ પૌરુષ બતાવવું તે તો મારે પોતાને જ અધીન છે.'

ગુજરાતીમાં ઊતરી આવેલા બેત્રણ શબ્દોના સમાસમાં 'આયતન' વિશિષ્ટપણે વપરાયો છે. આપણા 'શૂરાતન' અને 'પુરુષાતન'નાં મૂળ સ્વરૂપ 'શૂરાયતન' અને 'પુરુષાયતન' હોવાનું જણાય છે. શૌર્યનું આશ્રયસ્થાન એટલે કે શૌર્ય, અને પૌરુષનું આશ્રયસ્થાન એટલે કે પૌરુષ—એ રીતે તેમનો અર્થ ઘટાવવો જોઈએ. જૂની ગુજરાતીના એક વીરકાવ્ય 'કાન્હડદે-પ્રબંધ'માં 'વીરાયતન વંદિઉ' (એટલે 'વીરત્વને વંદન કર્યું') એવો પ્રયોગ મળે છે.

એક મતે આ શબ્દોમાં અપભ્રંશના સમયથી પ્રચલિત ભાવવાચક પ્રત્યય 'ત્તણ' છે. પણ એમ હોય તો નિયમ પ્રમાણે ગુજરાતી શબ્દોમાં 'ણ'કાર હોવો જોઈએ, 'ન'કાર નહિ. સંસ્કૃત 'અવિધવા', અપભ્રંશ 'અઈહવ' શબ્દ ઉપરથી થએલા 'હેવાતણ' અને 'હેવાતન'માં બંને મળે છે.

હૉલંડના એક પ્રખર સંસ્કૃત વિદ્વાન ગૉન્ડાએ 'આયતન' શબ્દના સંસ્કૃત સાહિત્યમાં થએલા અનેક પ્રયોગોને આધારે તે શબ્દની વિવિધ અર્થછાયાઓનો નિર્ણય કરતો એક એંશી પૃષ્ઠનો અભ્યાસનિબંધ પ્રકાશિત કર્યો છે!

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

ત્રણ નોંધપાત્ર પ્રકાશનો

ધીરુ પરીખ

કવિની શ્રદ્ધા: મૂર્ધન્ય કવિ–વિવેચક શ્રી ઉમાશંકર જોષીના ૧૭ લેખોના આ વિવેચન-સંગ્રહમાંનો સૌપ્રથમ લેખ 'કવિની શ્રદ્ધા' એ દિલ્હીમાં ભરાએલી સાહિત્ય પરિષદના પ્રમુખ-સ્થાનેથી આપેલું વ્યાખ્યાન છે, જેમાં એમણે કવિની શ્રદ્ધા શબ્દ પર કેટલી દૃઢ છે અને પરિણામે એ શબ્દ પાસેથી નિતનિત કેવું નૂતન પ્રકારે કામ લેતો આવ્યો છે તે વિશદતાથી દર્શાવ્યું છે. પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય કવિ–પંડિતોના દૃષ્ટાંતોથી, કાવ્યસર્જનની પ્રક્રિયા દરમિયાન કવિની શ્રદ્ધા કેવી સક્રિય રહેતી હોય છે તે સમુચિત રીતે એમાં ચર્ચ્યું છે; તો અંતિમ લેખમાં પોતાની કવિ તરીકેની ઘડતરકથાનો લાઘવયુક્ત આલેખ આપ્યો છે. આથી આ બંને લેખો સાથે વાંચવા જેવા બની રહે છે. અન્ય પંદર લેખોમાં 'શેક્સ્પિયર', 'મૅકબેથ', 'શેક્સ્પિયર: પ્રતિભા·છબી', 'આરોહણ અને ટિન્ટર્ન ઍબી', 'કલા પોતે પણ એક જીવનમૂલ્ય' વગેરેને સારા ગણાવી શકાય. કવિ રૉબર્ટ ફ્રૉસ્ટની મુલાકાતમાં કે સુન્દરમ્‌ની કવિતાની વિશેષતા દર્શાવવામાં, એમ જ અખાની 'અખે ગીતા'ની કે પ્રેમાનંદના 'દશમસ્કંધ'ની ચર્ચામાં ઉમાશંકરની સૂક્ષ્મ સૂઝ અને અચ્છી વિવેચનશક્તિનાં દર્શન થયા વગર નહિ રહે.

સંગ્રહના લેખો જોતાં pure અને applied બન્ને પ્રકારની વિવેચનામાં લેખકની શક્તિનો, એમની બહુશ્રુતતાનો, રસળતી શૈલીનો, તાટસ્થ્ય ને તર્કબદ્ધતાનો, મર્મજ્ઞતા ને સર્જકતાનો સારો પરિચય મળી રહે છે. (વૉરા ઍન્ડ કં., ગાંધીરોડ, અમદાવાદ. પાકું પૂઠું, પૃ. ૨૪૧, રૂ.૭)

લછમન ઉરમૈલા: સિદ્ધહસ્ત નવલકથાકાર શિવકુમાર જોષી આ લઘુ નવલમાં સમાજના નીચલા થરના લછમનને નાયક બનાવી સુખી-સમૃદ્ધ લલિત–નલિનીના કુટુંબમાં તેને મૂકીને haves અને have notsના સંઘર્ષની કથા બનાવવા કરતાં એ બન્ને સ્તરના પરસ્પર મેળ અને મમતાની માનસશાસ્ત્રીય વાર્તા વણે છે. લછમન (લક્ષ્મણ) બિહારનો અણઘડ, અબૂધ, અકિંચન કામવાળો છે. કલકત્તાનિવાસી વેપારી લલિતની પત્ની નલિની એને ઘડવામાં, માણસ બનાવવામાં જહેમત ઉઠાવી સફળ થાય છે. એમનો પુત્ર દીપંકર પણ આ 'યજ્ઞ'માં ઉપયોગી નીવડે છે. લલિત પણ પત્ની અને પુત્રના-આ માનવતાવાદી કાર્યમાં સક્રિય બને છે. ધીમે ધીમે લછમન ઘડાય છે, વાંચતાં-લખતાં શીખે છે, પશુ જેવી હાલતમાંથી સુધરીને માણસ બને છે. ઉમરલાયક થતાં એને ઉરમૈલા (ઊર્મિલા)—પત્ની—નાં સ્વપ્નો જગાડવામાં આવે છે. એ સમગ્ર પરિવારમાં લછમન એકરૂપ બની ગયો છે. પણ એક વાર ઉનાળામાં લલિત સકુટુંબ પાંચ સપ્તાહના પ્રવાસે જાય છે—વિશ્વાસુ લછમનને આખુંય ઘર ભળાવીને! પાછાં ફરતાં નલિનીને ખયાલ આવે છે કે તે ચાવી કબાટમાં જ ભૂલી ગઈ હતી. સહુ ઘરે આવીને જુએ છે તો ચાવી તેમની તેમ. લછમન પરનો વિશ્વાસ વધી જાય છે. પણ લલિતે મૂકેલી મોટર ચાલુ થએલી છે એ એને સમજાય છે, અને એનામાં ત્યારથી લછમન વિષે શંકાનાં બીજ રોપાય છે. પછી તો લછમનની હીલચાલ સમજવા પિતા–પુત્ર ડિટેક્ટિવની ઢબે પ્રયત્નશીલ બને છે. સમાજકથા રહસ્યકથા બનતી જાય છે. ઘડીમાં સહાનુભૂતિ, ઘડીમાં શંકા–વાર્તા વહે જાય છે. આખરે બસ્તીમાં રહેતો લછમન ઉરમૈલાને લાવવા ડ્રાઈવિંગનું લાઇસેન્સ લઈ આવે છે; અને આમ 'ડ્રાઈવર'ની લાયકાત મેળવી કોઈ બંગાળણ તારિણી—ઉરમૈલા—પરણી લાવે છે. લછમનની ધૂન હવે વધતી જાય છે, એ તારિણીમય બનતો જાય છે; પણ એનાથી નારાજ થએલી તારિણી ચાલી જાય છે. એને લેવા એ સાસરે જાય છે. માર ખાઈને પાછો આવે છે. દવાખાનેથી દવા લઈને એક વાર તે લલિતને ઘરે આવીને ઊભો રહે છે. કદી ક્રોધે ન ભરાનારે લલિત એને કાઢી મૂકે છે—કારણ કે પાનવાળા પાસેથી એની બદચાલ વિષે એને જાણવા મળ્યું હતું. નલિની અને દીપંકર લછમનના બચાવ પક્ષે આવે છે, પણ વ્યર્થ! લછમન ઘર છોડી, કામ છોડી, તારિણીનાં સ્વપ્નાં જોતો ચાલી નીકળે છે.

લેખકે લલિત, નલિની અને દીપંકરનાં પાત્રો દ્વારા લછમનના પાત્રનો સાહજિક વિકાસ સાધી બતાવ્યો છે. હરભજન, પન્નાલાલ ને રિક્ષાવાળા સંજ્જુની વહુ સાથેના ગૌણ પ્રસંગોમાં પણ લછમનના વ્યક્તિત્વની બાઘાઈ, ભોળપણું વગેરે રેખાઓ નૈસર્ગિક રીતે પ્રગટ થઈ છે. વાર્તામાં તાલમેલિયા પ્રસંગો કે ઘાણી ફૂટે તેવા સંવાદો નથી, અને છતાં યે લછમનના સૂક્ષ્મ મનોભાવોને ધીરે ધીરે ઉચિત અને પ્રતીતિકર અભિવ્યક્તિ મળી છે. વચમાં વચમાં લેખકે સામાજિક, આર્થિક અને રાજકીય કટાક્ષો વેરીને તથા પાત્રાનુરૂપ ભાષાશૈલીનો ઉપયોગ કરીને કથાને રોચક બનાવી છે. વર્ગવિગ્રહના શમનનો માર્ગ સહાનુભૂતિમાં ને અન્યોન્યને સાચી રીતે સમજીને વર્તવામાં છે તે લેખકે કુશળતાથી સૂચવી બતાવ્યું છે. અથેતિ જિજ્ઞાસા જાળવી રાખતી આ લઘુ નવલ, ભલે કલાનું કોઈ ઊંચું શિખર આંબતી નથી તો પણ, રસભર વાચન પૂરું પાડે છે. (પ્રકાશક ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૧૧૮, રૂ. ૩-૫૦)

ગુજરાતની હાસ્યધારા: કાવ્ય, વાર્તા

અને એકાંકી ક્ષેત્રે આપણે ત્યાં જે કેટલાંક ગણનાપાત્ર સંપાદનો થયાં છે એ જ પદ્ધતિએ શ્રી વિનોદ ભટ્ટ સંપાદિત હાસ્યલેખોનો (રતિલાલ 'અનિલ'નું તો પદ્ય પણ ખરું!) આ સંગ્રહ દલપતરામથી માંડીને સંપાદક વિનોદ ભટ્ટ સુધીની ૪૫ કૃતિઓ રજૂ કરે છે. આ હાસ્યધારાને 'ગુજરાત'ની કહીને સંપાદકે એને ગુજરાતી હાસ્યરસની કૃતિઓના પ્રતિનિધિ સંગ્રહ લેખે રજૂ કરવા ધાર્યો છે, પણ બધી જ કૃતિઓ ગુજરાતી હાસ્યરસની ઉત્તમ પ્રતિનિધિ કૃતિઓ છે ખરી?—એવો પ્રશ્ન હાસ્યરસની કૃતિઓનો સુજ્ઞ વાચક વિનોદ ભટ્ટને નહિ પૂછે, ને ભોળો વાચક તો એ માની જ લેવાનો. આમ છતાંય ગુજરાતી હાસ્યરસનું જે ખેડાણ થતું રહ્યું છે તેનો ઐતિહાસિક અણસારો આમાં (ક્રમની ગોઠવણીમાં) મળી રહેશે. વચ્ચે નરોત્તમ વાળંદ, રામચંદ્ર ઠાકુર, પ્રદ્યુમ્ન જોષીપુરા, પન્નાલાલ પટેલ વગેરે છૂટી (કે છટકી?) ગયા છે તે જુદી વાત. હાસ્યરસના ઉત્તમ અંશોને જ રજૂ કરતી કૃતિઓ મૂકવાની સંપાદકની એકમાત્ર નેમ હોય તેમ ખુદ એમને પણ નહિ લાગ્યું હોય, તો પછી અન્યોએ એવી અપેક્ષા રાખવાની શી જરૂર? લેખકે પ્રસ્તાવનામાં લખ્યું છે: 'ગુજરાતી હાસ્યસાહિત્યમાં આટલો મોટો સંપાદન-સંગ્રહ કદાચ આ પહેલો જ છે. છેલ્લો ન બને તો સારું.' આ બીજું વાક્ય સંપાદકને પોતાને જ માટે બધી જ બળકટ કૃતિઓના અન્ય સંપાદન માટેનું માર્મિક આહ્વાન બની રહે છે. સર્વશ્રી જ્યોતીન્દ્ર દવે અને મધુસૂદન પારેખના બે લેખો (જે લેખોની અપેક્ષા સંપાદક પાસેથી હોય) ઉપયોગી છે. (સર રમણભાઈ નીલકંઠના 'હાસ્યમંદિર'માંથી અહીં કશુંક રજૂ થઈ શક્યું હોત તો?) શ્રી પારેખે પોતાના આ લેખમાં મધ્યકાલથી અર્વાચીન કાલ સુધીના ગુજરાતી હાસ્યસાહિત્ય પર જે પ્રકાશ પાડ્યો છે, ને તે તે સર્જક-સર્જનની સદૃષ્ટાંત મિતાક્ષરી મુલવણી કરી છે તેમાં તેમની ઊંડી સૂઝ અને બહોળા અભ્યાસનાં દર્શન થયા વગર રહેશે નહિ. શ્રી પારેખે આ રીતે આપણા હાસ્યસાહિત્યનો લાઘવયુક્ત ઇતિહાસ આંક્યો છે તે સૌથી વિશેષ ઉપયોગી છે. બાકી તો 'ગુજરાતની હાસ્યધારા', ગુજરાતી ભોજનથાળ જેવી સમતોલ વ્યવહારુ છે—એમાં સાત્ત્વિક (તાત્ત્વિક?) અને ચટાકેદાર બધો જ આહાર ઉપલબ્ધ છે. (પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૪૯૮, રૂ. ૧૩-૫૦.)

વોરા ઍન્ડ કંપની
ગાંધી ચેમ્બર્સ · ગાંધી માર્ગ · અમદાવાદ-૧

કુટુંબધર્મ: લોકપ્રબોધક વિચારોને સરળ અને લાઘવયુક્ત શૈલીમાં રજૂ કરવાની ફાવટવાળા ફાધર વાલેસના આ પુસ્તકમાં કુટુંબની વ્યક્તિઓ વચ્ચે સહૃદય સંબંધો કઈ રીતે વિકાસ પામે તેની સમાજોપયોગી ચર્ચા જોવા મળે છે. હિંદુ સંસારમાં કુટુંબ એ જ સમાજ માટેનો પાયો છે તે તથ્યને કેન્દ્રમાં રાખી મા-બાપ, દાદા, ભાઈ-બહેન વગેરે કુટુંબપાત્રોની ફરજો શી છે તે સદૃષ્ટાંત રજૂ કરવામાં આવી છે. વ્યક્તિના ઘડતરમાં અને વિકાસમાં કુટુંબ કેટલું મહત્ત્વનું છે તે આ વીસ લઘુલેખોથી જોઈ શકાશે. પ્રત્યેક કુટુંબે વાંચવા જેવું પુસ્તક. (કાચું પૂઠું; પૃ. ૧૪૨; રૂ. ૩)

રૂપકથા: યુવાન વાર્તાકાર મધુ રાયની શૈલીના નવોન્મેષો પ્રગટાવતી અને આકારના પ્રયોગો દ્વારા કલાકૃતિઓ સિદ્ધ કરવાના પ્રયાસ સમી ૨૮ વાર્તાઓનો આ સંગ્રહ સીમિત ભાવજગત છતાંય સચોટ નિરૂપણપદ્ધતિથી આકર્ષણ જમાવી રહે છે. 'કાચની સામે કાચ', 'એક અમુક ટાઈપનો માણસ' જેવી વાર્તાઓની પ્રયોગલક્ષિતા, તો 'રૂપકથા', 'હાર્મોનિકા' વગેરેમાં ગદ્યની લયછટાઓ આકર્ષક બની રહે છે. ત્યારે વળી 'કવિતા એ તો આત્માની કલા છે' જેવી કૃતિ સફળ પરિણામ લાવી શકતી નથી તે પણ જોઈ શકાશે. એકંદરે આ સંગ્રહ વાર્તાકારની કલાસૂઝનો સારો પરિચય કરાવી જાય છે. (પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૮.)

સભા: મધુ રાયના 'કુમારની અગાશી' નામક ત્રિઅંકી રહસ્યપ્રધાન નાટકનું આ સફળ ન કહી શકાય તેવી નવલકથામાં રૂપાંતર છે. સંવાદની પ્રચુરતા કાર્યવેગ આગળ વધારવામાં વિઘાતક નીવડે છે, તો તેની બોલચાલની લઢણ વાસ્તવિકતાની તાજગીનો આસ્વાદ પણ કરાવી જાય છે. કૃતિને એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં ઢાળતાં પહેલાં લેખક પાસે તે વિષયની સ્વરૂપક્ષમતાનાં સૂઝ અને વિવેકની પૂરતી અપેક્ષા રહે છે તેની પ્રતીતિ આ નવલકથાના અસફળ પરિણામથી થયા વગર રહેતી નથી. (પાકું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૪-૫૦.)

નજરું લાગી: ઈ. ૧૯૬૫માં શ્રી સુરેશ દલાલ અને ભાલ મલજીએ કરેલા ગેય રચનાઓના સંપાદનનું આ પુનર્મુદ્રણ છે. ગીતો, ગઝલો અને માત્રામેળ રચનાઓને સંગીતક્ષમતાની દૃષ્ટિએ આ સંગ્રહમાં સ્થાન મળ્યું છે. (પાકું પૂઠું; પૃ. ૩૩૨; રૂ. ૯).

છંદોલય: નિરંજન ભગતની ઈ. ૧૯૫૬ સુધીની અગ્રંથસ્થ રચનાઓ તેમજ 'છંદોલય', 'કિન્નરી' અને 'અલ્પવિરામ'માંથી મૂર્ધન્ય કવિ-વિવેચક ઉમાશંકર જોશીએ ચૂંટેલાં કાવ્યોના સંગ્રહની બીજી આવૃત્તિ (કાચું પૂઠું, પૃ. ૧૭૯, રૂ. ૩-૫૦.)

રાજસ્થાનની રસધાર: રાજસ્થાનની સંસ્કૃતિનાં પ્રેમ, શૌર્ય, સ્વાર્પણ આદિને કેન્દ્રમાં રાખી ત્યાંના દુહાઓ પર આધારિત આ ૧૯ કથાઓના લેખક છે અનવર આગેવાન. ભાષાશૈલી અને ભાવની દૃષ્ટિએ લોકવાતાવરણ ખડું કરવાનો લેખકે સારો શ્રમ ઉઠાવ્યો છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૩-૫૦.)

સૌરાષ્ટ્રની લોકગાથાઓ—ભાગ ૧, ૨ અને ૩: પ્રેમ, શૌર્ય, ત્યાગ, ચારિત્ર્યશુદ્ધિ જેવાં લોકસંસ્કૃતિનાં વિવિધ અને વિલક્ષણ પાસાંઓને નિરૂપતી આ લોકવાર્તાઓમાં હરિલાલ ઉપાધ્યાયે અનુરૂપ કથનશૈલી દ્વારા તત્કાલીન સમાજચિત્ર અને વાતાવરણ ખડું કરવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. (ત્રણેનું કાચું પૂઠું. પ્રત્યેકના રૂ. ૩. ભાગ-૧, પૃ. ૧૦૫, ભા. ૨, પૃ. ૧૦૪, ભા. ૩, પૃ. ૯૯)

સરદાર વલ્લભભાઈ પટેલના જીવનપ્રસંગો: ઊગતી પેઢીને જીવનઘડતરમાં પથદર્શક થઈ પડે એવા મહાપુરુષોના જીવનપ્રસંગો આલેખતી મુકુલ કલાર્થીની 'જીવનપ્રસંગમાળા'નું આ કિશોરભોગ્ય પ્રથમ પ્રકાશન સરદારશ્રીના મહાનુભાવ, નિષ્ઠાવાન ને પોલાદી વ્યક્તિત્વને નિરૂપે છે. (કાચું પૂઠું, પૃ. ૭૯, રૂ. ૨.)

શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવનપ્રસંગો: ઉક્ત શ્રેણીના આ ચોથા પ્રકાશનનું વાચન ભારતના મહાન ધર્મપુરુષ રામકૃષ્ણ પરમહંસના પ્રેરક જીવનપ્રસંગોથી કિશોરોને પોતાના જીવનઘડતરમાં મહત્ત્વનો ફાળો આપી રહે તેવું છે. (કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૨.)

થોડા સંક્ષેપો

આવતી પેઢી તથા નવા વાચકોને સાહિત્યની ખ્યાતનામ અને પ્રતિષ્ઠ ઉચ્ચ કૃતિઓનાં વાર્તારસ ને ભાવનાની તેજસ્વિતાનો આસ્વાદ લગાડી મૂળ કૃતિ વાંચવા પ્રેરવાના ઉદ્દેશથી પ્રકાશિત થતા 'સંક્ષેપો'ની ઢબે ગુજરાતી સાહિત્યની કેટલીક ઉત્તમ કૃતિઓના સંક્ષેપ આ પ્રકાશકે જે બહાર પાડ્યા છે તે નીચે છે:

જયંત: વિખ્યાત નવલકથાકાર સ્વ. ર. વ. દેસાઈની પ્રથમ જ પ્રસિદ્ધ થએલી નવલનો શ્રી અક્ષયકુમાર ર. દેસાઇએ કરેલો સમુચિત સંક્ષેપ. (કાચું પૂઠું, પૃ ૧૫૨, રૂ. ૩-૫૦.)

દરિયાલાલ: સાગરકથાના સુખ્યાત લેખક ગુણવંતરાય આચાર્યે પોતાની જ ઉક્ત-નામી નવલના કરેલા સચિત્ર સંક્ષેપની પાંચમી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૧૯૦, રૂ. ૩-૫૦.)

ખેતરને ખોળે: ગ્રામજીવનનું વાસ્તવદર્શી નિરૂપણ કરતી પોતાની આ જ નામની નવલકથાના પીતાંબર પટેલે કરેલા સંક્ષેપની બીજી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૩.)

જનમટીપ: ઈશ્વર પેટલીકરની એ અતિ

લોકપ્રિય નવલકથાના પોતે જ કરેલા સંક્ષેપની આ નવમી આવૃત્તિ એની વધતી લોકપ્રિયતાની પ્રતીતિરૂપ છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૨, રૂ. ૩)

ચોખેરવાલી: મહાન સર્જક ટાગોરની યુગપ્રવર્તક નવલકથાના રમણલાલ સોનીએ કરેલા સંક્ષિપ્ત અનુવાદની દ્વિતીય આવૃત્તિ. (કાચુ પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૩.)

ગોરા: ટાગોરની એ અપૂર્વ નવલકથાના રમણલાલ સોનીએ કરેલા સંક્ષિપ્ત અનુવાદની બીજી આવૃત્તિ. (કાચુ પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૩.)

ગોદાન: હિંદી સાહિત્યના નવલકથા સમ્રાટ સ્વ. પ્રેમચંદજીની પ્રસિદ્ધ નવલકથાના રમણલાલ સોનીએ કરેલા સંક્ષિપ્ત અનુવાદની ત્રીજી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૧૨૬, રૂ. ૩.)

શાકુન્તલ: મહાકવિ કાલિદાસની અમર નાટ્યકૃતિનું મૂળના કથાપ્રવાહને યથાતથ જાળવીને રમેશ જાનીએ કરેલું સરસ ને બાલભોગ્ય વાર્તાંતર (કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૩)

ત્રણ સરદારો અને હીરાનો હાર: વિખ્યાત ફ્રેંચ નવલકથાકાર ઍલેક્ઝાન્ડર ડુમાની સુખ્યાત કૃતિ 'ધી મસ્કેટીઅર્સ ઍન્ડ ક્વીન્સ નેકલેઈસ'નું ગુણવંતરાય આચાર્યે કરેલું સંક્ષિપ્ત રૂપાંતર. (કાચું પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૩)

છોટમના છબરડા: વર્તમાન માનવજીવનની કેટલીક વિશેષ પરિસ્થિતિઓ, વ્યક્તિની ખાસિયતો વગેરે પર આધારિત ટુચકાઓનો સંગ્રહ. (લે. છોટમ; પ્રકા. પોતે જ, મનસુખ નિવાસ, ૧૬મી ગલી સામે, ૧૮૮ ખેતવાડી બૅક રોડ, મુંબઈ-૪. કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૨)

ભાષાના ભૂર

શું વર્તમાનપત્રોમાં કે શું સામયિકો ને પુસ્તકોમાં, ભલભલા લખનારાને હાથે જે એક શબ્દ બિફામપણે ખોટો વપરાયા કરે છે તે છે 'આવકારદાયક'. અમુક કામ, પ્રવૃત્તિ કે વલણ સ્વીકારવા યોગ્ય હોય તેને માટે ખોટી રીતે વપરાતો આ શબ્દ વસ્તુતઃ 'આવકારપાત્ર' કે 'આવકારલાયક' હોવો જોઇએ. 'આવકારદાયક' એટલે તો 'આવકાર દેનારું-આપનારું.' જેમ કે 'બલદાયક', 'પુષ્ટિદાયક', 'સ્ફૂર્તિદાયક' વ.

અને છેલ્લે

વિદ્વદ્વર્ય આનંદશંકર ધ્રુવ જેવા પ્રગાઢ વિચારક અને તત્ત્વચિંતક હતા એવા જ એ વિદ્વત્તા અને પોતાની ગર્ભશ્રીમંતાઇને છાજે તેવા અભિજાત અને ગંભીર ગૌરવમૂર્તિ હતા. એમને કોઇએ કદી મિજાજ ગુમાવીને પોતાની જાતને ઊણી દર્શાવતા જાણ્યા નથી. એક વાર ઘરના નોકરના વર્તનથી કોઈ કારણસર એમને ઘણો ક્રોધ ચડયો ત્યારે પોતાના પુત્રને બોલાવીને કહ્યું: 'ધ્રુવભાઈ, ચાકરને વઢો.'

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી ખુશવંતસિંહ

૧ 'ઇલેસ્ટ્રેટેડ વીકલી'ના તંત્રી તરીકે આપનું ધ્યેય શું છે?

ઉ. આહ્લાદક વાચન અને ચિત્રમય રજૂઆત સાથે જનતાને વર્તમાન આફતો, આંટીઘૂંટીઓ અને પ્રશ્નો પરત્વે સજગ ને માહિતગાર કરી શકય એટલી સમાજસુધારણા કરવી.

૨ આપને નથી લાગતું કે લોકમાનસ પર અણુઆંખ કરતાં યે શબ્દની ચિનગારી મર્મવેધી અસર કરે છે? મહાનુભાવો ને રાજપુરુષોની વાણી કરતાં કલમનું કૌશલ વધુ વેધક છે?

ઉ. ના. કારણ કે આપણાં સામયિકોની શક્તિ પરિમિત છે. ભાગ્યે જ વસ્તીના બે ટકા સુશિક્ષિત સજ્જનો આપણાં સામયિકો વાંચતા હશે. આથી ધારી અસર સાધી શકાતી નથી.

૩ એ ખરું, પણ મુત્સદ્દી કે રાજપુરુષ કરતાં સુજ્ઞ તંત્રી વધુ લોકપ્રિય, અસરકારક નથી હોતા?

ઉ. કદાચ હોય પણ ખરા.તકવાદી મુત્સદ્દી કે ચલતાપુર્જા પ્રધાન કેટલીક વાર સત્તાશોખને લીધે વિદૂષક કે ઠઠારાશાહી પણ લાગે છે, જ્યારે પ્રજ્ઞ તંત્રીની વાણીની પ્રભા ધારી અસર કરે છે.

૪ જગતભરમાં આપને શ્રેષ્ઠ તંત્રી કોણ લાગ્યા અને તે શાથી?

ઉ. 'ન્યૂ સ્ટેઈટ્સમૅન'ના કિંગ્સલે માર્ટિન. એમની નિર્ભયતા અને ચોટદાર લખાણના કારણે.

૫ આપનો પ્રિય લેખક? કવિ? પુસ્તક?

ઉ. લેખક તરીકે આલ્ડસ હક્સલી, કવિ ટી. એસ. એલિયટ અને પુસ્તક ઑસ્કર વાઈલ્ડનું 'ડ પ્રોફન્ડિસ'.

૬ અને વેધક વિવેચક? **ઉ.** સિરિલ કૉનોલી.

૭ આટલી સતત પ્રવૃત્તિ ને સાફલ્ય પછી યે આપ સુખી છો ખરા?

ઉ. હા. પણ સફળતાને લીધે મેળવેલા માનભર્યા સ્થાનને લીધે નહિ, પરંતુ મારી અંગત સંતોષાત્મક જીવન-ફિલસૂફીને કારણે.

૮ આપના કોઈ ખાસ શૉખ? **ઉ.** ચાલવાનો ને પક્ષીનિરીક્ષણનો.

૯ સૌન્દર્યની દષ્ટિએ કયું સ્થળ વધુ ગમ્યું છે?

ઉ. ઉત્તર ઈટલીની પર્વતમાળા અને સરોવરો મને ખૂબ જ ગમે છે. સુંદર અને સુદૃઢ માણસ પણ ગમે.

૧૦ આપ પ્રારબ્ધમાં માનો છો કે પુરુષાર્થમાં?

ઉ. કેટલાકના જીવનમાં ભાખ્યા પ્રમાણે બન્યું હશે ખરું, પણ મને પ્રારબ્ધમાં શ્રદ્ધા નથી.

૧૧ આપને લખવાની-સાહિત્યસર્જનની પ્રેરણા શામાંથી મળે છે?

ઉ. નહિ માનો, પણ જ્યારે અધકચરાં ને ખરાબ લખાણો જોઉં છું ત્યારે હું વધુ સરસ અને સંગીન લખાણ લખી શકીશ એમ મનમાં થઈ જાય છે. વળી, બડેખાંઓ, નામલોલુપો ને ફૂલણજીઓ મને મળે છે ત્યારે એમના પ્રત્યેના અણગમાને લીધે પણ હું લખવા પ્રેરાઉં છું. સખત કામ કરવું મને ગમે છે. પીણાંનો શૉખ મર્યાદિત છે.

૧૨ પ્રભુ અને ધર્મ અંગે આપની શી માન્યતા છે?

ઉ. હું અનીશ્વરવાદી છું. ધર્મ કરતાં યે માણસની માનવતાની મહત્તા વધારે છે.

ખુશવંત સિંહ

જન્મ: ૨-૨-૧૯૧૫ના રોજ હડાલી (હાલ પાકિસ્તાનમાં) ગામમાં. નવી દિલ્હીના સર શોભાસિંહ અને વીરાં સિંહના એ બીજા પુત્ર. લંડનની કિંગ્સ કોલેજમાંથી બૅરિસ્ટર. ૧૯૩૯થી '૪૭ લાહોરની હાઈકોર્ટમાં વકીલાત પછી ઇંડિયન ફોરેન સર્વિસમાં જોડાઈ લંડન અને ઓટાવામાં રહ્યા બાદ 'પંચ'થી 'યુનેસ્કો'માં. ઑક્સફર્ડ, રોચેસ્ટર, પ્રિન્સ્ટન, હવાઈ અને સ્વાર્થમોર યુનિ.માં વિઝિટિંગ લેક્ચરર. શીખ પ્રાર્થના 'જપજી', શીખ લોકોનો ઇતિહાસ, વગેરે શીખ ધર્મવિષયક ગ્રંથો સાથે મહારાજા રણજિતસિંહ, પંજાબનું રાજ્યપતન, આજના શીખ, શીખ સામ્રાજ્યનો સૂર્યાસ્ત, ગુરુ નાનકનાં ભજનો વગેરે પુસ્તકો, 'માર્ક્સ ઍન્ડ વિમેન', 'ટ્રેઈન ટુ પાકિસ્તાન', 'આઈ શેલ નૉટ હીયર ધ નાઈટિંગેલ', 'ધ વૉઇસ ઑફ ગૉડ', 'ઑ આઈ ડૉન્ટ કેર' 'ધ સાહિબ' વગેરે કથાઓના લેખક અને ઉમરાવજાન અદા (લખનૌની ગણિકા), ધ સ્કેલેટન (અમૃતા પ્રીતમ કૃત), [illegible] તથા રાજેન્દ્રસિંહ બેદી કૃત 'આઈ ટેઈક ધીસ વુમન'ના અનુવાદક [illegible] સાથે 'શ્રી રામ' (ચરિત્ર)ના લેખક.

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૪૬] કરાવનાર · જલન માતરી



'નકાબ'

તત્ત્વજ્ઞાન અને જ્યોતિષશાસ્ત્રમાં ઊંડો રસ ધરાવનારા, વ્યવસાયે દવાના વેપારી હોવા છતાં ખૂણાના સાધક તરીકે ગઝલની સેવા બજાવીને છેલ્લાં સાતેક વરસથી સામયિકો અને મુશાયરાની દુનિયામાં સારા ગઝલકાર તરીકે પ્રકાશમાં આવેલા શ્રી સતીશ દવાવાળાને ગુજરાતી ગઝલના ચાહકો 'નકાબ'ના નામે ઓળખે છે.

પ્રસિદ્ધિના મોહથી પર રહીને એમણે ગઝલસાહિત્યની સેવા બજાવી છે. એમની ગઝલોમાં ચિંતન છે અને ગુંજતો ધ્વનિ છે. દર્દને એમણે 'ગુંજન' સ્વરૂપે પ્રગટ કર્યું છે.

મુંબાઈમાં તા. ૧૬-૯-'૪૮ના રોજ એમનો જન્મ. બી.કૉમ સુધીનો અભ્યાસ છે. પણ સ્વભાવે મિલનસાર અને ખૂબ વિવેકી આ શાયરે સર્જેલી ગઝલો જોઈને લબ્ધપ્રતિષ્ઠ શાયરો પણ ઝૂમી ઊઠ્યા છે. આંખમાં ભીનાશ લાવીને જીવનની શુષ્કતા નીરખી રહેલા, વાસ્તવિકતા હકીકત હોવા છતાં વાસ્તવિકતા કલ્પના જેવી આનંદદાયક નથી એવું વિધાન કરનારા, એક છે છતાં દેખાતો નથી અને એક નથી છતાં દેખાય છે એવી વ્યથા પ્રગટ કરીને ઈશ્વર અને ઝાંઝવાંનો ફરક સમજાવી રહેલા આ નવજવાન શાયરના શે'રોને માણીએ :

ખ્યાલ આવ્યો ન્હોતો આટલું સારું છે છળકપટ,
મૃગજળના પીઠબળથી તો સસ્તો થઈ ગયો!
શોધો તો આમ અહીં છે ઘણા માણસો મહાન,
શોધ્યા વિના મળ્યો એ ફિરસ્તો થઈ ગયો.
એણે 'નકાબ' કેટલું રડવું પડ્યું હશે,
હંમેશ માટે જે હવે હસતો થઈ ગયો.

~

દીવાલો થઈ મને ઘેરી વળું છું,
હું મારી જાતનું રક્ષણ કરું છું!
કદી મુજ આંખમાં ભીનાશ લાવી,
જીવનની શુષ્કતા જોયા કરું છું.

~

ચાલતાં ઠોકર જો વાગી જાય તો
શીશ ઉન્નત રાખવાથી શું વળે?
હસ્ત-રેખાઓ તો રહેવાની જ છે,
એમ મુઠ્ઠી વાળવાથી શું વળે!
કોઈ પણ જો યાદ આવે તો 'નકાબ',
જાતને ભૂલી જવાથી શું વળે?

~

મારા ઘરમાં એ કદી યે આવશે નહિ જાણું છું,
એ જ કારણથી તો હું મારા ઘરે રહેતો નથી!
હું જ તો એને છુપાવી દઉં છું થઈને 'નકાબ',
એટલે એનો ચહેરો જોઈ હું શકતો નથી.

~

થાકી ગયો તો શું થયું બેસી જશું 'નકાબ',
ચાલી શકાય જ્યાં સુધી મંઝિલ ત્યાં આપણી.

~

લો, ઘર મહીં જવાની કદી હામ ક્યાં ભીડી?
રસ્તાઓ આવી આવીને પાછા વળી ગયા!

~

જિંદગી પર તો નજર નાખી નથી,
સ્વપ્ન પણ આંખો મીંચી જોયા કર્યાં!
એ જ બ્હાનું જીવવાનું થઈ ગયું,
જીવવાનાં બ્હાનાંઓ શોધ્યા કર્યાં!

ભૂલ જે સૌ કરે એ મેં કીધી નહીં,
એ જ મારી ખતા? હું નથી માનતો.
સૌની આંખોની સામે ફરું છું 'નકાબ',
જોયા કરશે બધા, હું નથી માનતો.

~

કોમળ ન હોય આટલું મારું હૃદય કદી,
માનું છું હું આ તારું હૃદય હોવું જોઈએ!
ઉત્સાહ દિલને થાય છે કાં આજ આટલો!
લાગે છે કોઈ દર્દ નવું મળવું જોઈએ!

~

મુજને મનમાં એમ કે ભર ઊંઘમાં સૂતો હશે,
એક હલેસું મારતાં દરિયાએ પડખું ફેરવ્યું!
એક નાનકડી ગલી પર મારી આંખો જ્યાં ઠરી,
રીસમાં આવી જઈ રસ્તાએ પડખું ફેરવ્યું.

~

સમજણ પડી નહીં કે હું ભૂલ્યો છું ભાન, કે
આવી ગયો છું ભાનમાં તમને મળ્યા પછી!
પાછા તમે મળો ન મળો સરખું છે હવે,
કોઈ વાત ક્યાં છે ધ્યાનમાં તમને મળ્યા પછી?

~

ફૂલ કરમાઈ ગયું એ ક્યારનું,
બાગને પૂછશો તો કાંટો બોલશે!
ચૂપ રહીને તું તમાશો કર 'નકાબ',
ખુદ તમાશો દેખનારો બોલશે!

~

એ મદદ કોઈની નહિ માગે,
પૂરેપૂરો જે પાયમાલ હશે!

~

એ કેવે સમયે આપશે ભગવાન સજાઓ,
કે જ્યારે નહિ હોય ગુનાઓની મજા યાદ.

~

હો ભલે મીઠાં નદીનાં નીર પણ,
અંતમાં ખારાં જ બનતાં હોય છે.

મારા પગથી જે પડે પગલાં એ ભૂંસી નાખું છું,
કોઈ ખોવાઈ જશે જો મારે પગલે ચાલશે.

~

આટલી મૂંઝવણ મને
ક્યારે ય ન્હોતી થઈ 'નકાબ',
એમ લાગે છે હવે
જીવનમાં પલટો આવશે!

~

હજી ય આવી રહી છે સુવાસ એમાંથી,
કે હમણાં ખાલી થઈ ફૂલછાબ લાગે છે!
બહાર આવી ગઈ હોવી જોઈએ અહિંયાં
કે આખા બાગની હાલત ખરાબ લાગે છે!

~

મુજને તો છે જ ખ્યાલ કે ગમશે નહિ સવાલ,
પૂછતો નથી હું ચાલ છતાં તું જવાબ આપ!

~

પ્રતિબિંબ સ્પર્શવા ન દે દર્પણનું આવરણ,
જેના સિવાય આંખને ચ્હેરો જડે નહિ.
પ્રતિબિંબ મારું પણ તો એક અસ્પૃશ્ય દૃશ્ય છે.
એમાં ને ઝાંઝવાંમાં પછી શો રહ્યો ફરક?
કંઈ થયું નહિ ત્યારે મુજ
ઉત્સુકતા સંતોષાઈ નહિ!
કંઈ થશે એ ડરથી જો કે
આંખ મેં મીંચી લીધી!

~

કંઈ એવી એની સાથ મેં વાતો કર્યા કરી,
કે મારી સાથે રાત સદાની રહી ગઈ!

~

બંધ આંખે કેવાં કેવાં મેં દૃશ્યો રચ્યાં હતાં,
આંખો ઉઘાડતાં જ તમાશો થઈ ગયો.

~

કહે છે સુવાસ ફૂલની પ્રસરી છે બાગમાં,
જો કે હું શ્વાસ તો લઈ શકતો નથી હવે!

~

એક તારી ગેરહાજરી, કંઈ છે તો એ જ છે,
એક મારી હાજરી જે કશું પણ નથી રહી.

~

એક તારી ઝુલ્ફ કે તને સંતાડતી રહી.
એક મારી ગૂંચવણ કે ઉઘાડો કર્યો મને.

~

એક તારો ઇંતજાર કે થઈ જાય જિંદગી,
એક મારી જિંદગી કે થઈ ગઈ છે ઇંતજાર.
કે ન્હોતી ખબર ક્યાં ક્યાં
જઈ અટકત આ વિચારો,
લો, સારું થયું આપ
મને આવી ગયા યાદ!

~

દોરી જશે કદીક મને સાચા જળ તરફ,
મૃગજળને પણ તો એક વખત પ્યાસ લાગશે!

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા - ઊમરેઠ) ની સલાહ

૧ થાક ઉતારવા ચા-કૉફી યોગ્ય છે કે અયોગ્ય? અન્ય ઉપાય ખરા?

ઉ. ચા અને કૉફીમાં રહેલા કૅફિનના લીધે એ પીવાથી શરીરમાં ઉત્તેજના, સ્ફૂર્તિ અને ઉલ્લાસ વરતાય છે. કૅફિનની અસર મુખ્યત્વે મગજનાં ઉચ્ચ કેન્દ્રો—જ્ઞાનતંત્ર ઉપર હોઈ ચા-કૉફી પીધા પછી થાકની લાગણી દૂર થઈ શારીરિક અને માનસિક કામગીરીની શક્તિ વધે છે, મન સ્પષ્ટ બની બુદ્ધિ સતેજ થાય છે. પણ આ સાથે મૂત્રનું પ્રમાણ વધે છે. પાંચ પ્યાલા ચાના કૅફિનથી પેશાબનું પ્રમાણ ૪૦૦ થી ૫૦૦ ટકા વધે છે. કૅફિનનો અવિવેકી ઉપયોગ થાકેલા ઘોડાને ચાબુક ફટકારવા જેવો છે. વધુ પડતી ચાથી અનિદ્રા, શિરોવેદના અને મનોદૌર્બલ્ય (નર્વસનેસ) પેદા થાય છે.

ચાના ટેનિનથી અપચો ને બંધકોષ થતો હોવાનું કહેવાય છે. પોષણશાસ્ત્રી હચિન્સન લખે છે, 'આરોગ્યમાં ચા-કૉફીથી પાચનનો બગાડો નહિવત્ છે. પાચન મંદ હોય યા કોઈ વ્યક્તિ ચા-કૉફી અંગે શીઘ્રભાવ-ગ્રાહી (સેન્સિટિવ) હોય તો આ પીણાથી બચવું જોઈએ.'

થાક દૂર કરવાનો બીજો ઉપાય ધૂમ્રપાનનો છે, પણ એનું વ્યસન આરોગ્ય બગાડતું હોવાનું સુવિદિત છે.

અન્ય ઉપાયમાં કામકાજ છોડી બારી બહાર નજર ફેંકી કુદરતનું સૌન્દર્ય માણવાનો અગર તો ખુલ્લામાં થોડા આંટા મારવાનો છે. વચ્ચે વચ્ચે રમૂજ ટોળટપ્પાં પણ મનને પ્રફુલ્લ કરે છે.

૨ તંદુરસ્ત જણાતા માણસો પણ હાથપગના દુખાવાની ફરિયાદ કરે છે એનાં કારણ અને ઉપાય?

ઉ. આહારમાં પોષણદ્રવ્યોની સમતુલા ન જળવાય તો પુષ્ટ દેખાતા માણસ માટે આ ફરિયાદ સામાન્ય બની રહે છે. એના ઉપાયમાં રોજ લગભગ દસ ઔંસ જેટલા પ્રમાણમાં લીલાં શાકપાન લેવાં જોઈએ. વળી તંદુરસ્ત માણસે રોજ દસ ઔંસ જેટલું દૂધ પણ લેવું જ. જોઈએ. એનાથી વિટામિનો અને કૅલ્સ્યમ મળે છે. દૂધ અને દૂધની નીપજો, શકધાન્ય, કઠોળ, તાજાં શાકપાન અને માંસાહારીને અવારનવાર માંસના સમતોલ આહારથી ઈપ્ટમાન શારીરિક કાર્યક્ષમતા, શરીરનો બાંધો અને રોગાવસ્થામાંથી મુક્તિ મળે છે.

૩ મારા છ વર્ષના બાબાને આંખ ઉપર વારંવાર આંજણી થાય છે. આંજણી વગર પણ પોપચાંની ધાર લાલ રહે છે. આંજણી ન થાય એવો કોઈ ઉપાય બતાવશો?

ઉ. સ્ટેફિલોકોકસ ઑરિયસ નામના જીવાણુઓથી ફોલ્લી, ગૂમડાં અને આંજણી થાય છે. આ જીવાણુઓ નાકમાં વસે છે. ઘણુંખરું તો એકાદ બે આંજણી થઈ મટી જાય છે, પણ વારંવાર થાય ત્યારે ધ્યાન ખેંચાય છે.

આંખ ઉપર ગરમ પાણીના શેક સાથે 'આંખનો પેનિસિલિનનો મલમ' પોપચાંની ધાર ઉપર, ને નાકમાં પણ, દિવસના બે વાર લગાડવો. સલ્ફા ને ઍન્ટિબાયોટિક ઔષધ પણ ઉપયોગી છે. ઉપરાંત બાળકના હાથ અને મોં લાઈફબૉય કે નિકો સાબુ વતી બરાબર સાફ રાખવાં. છતાં જો ફેર ન પડે તો સ્ટેફિલોકોકાઈ ટૉક્સૉઈડનાં ઈન્જેક્શન આપવાં.

૪ ચામડીનો શ્યામ વર્ણ ઊજળો થઈ શકે ખરો?

ઉ. શ્યામ વર્ણથી શરમાવાની જરૂર નથી જ. લાવણ્ય વિનાનો ગોરો વાન નકામો છે. પ્રભાવશાળી ચહેરો, નિર્મળ તેજસ્વી આંખો, મધુર અવાજ, આકર્ષક દેખાવ અને શિષ્ટાચારમાં લાવણ્ય સમાએલું છે. વળી, બુદ્ધિમત્તા, બીજાઓ પ્રત્યે સમભાવ, વ્યવહારજ્ઞાન, આગવી દૃષ્ટિ, વગેરે પણ વ્યક્તિત્વનાં વિશિષ્ટ પાસાં છે. આ બધાં વિના માત્ર ગોરી ચામડી એ તો એક પ્રકારનું મ્હોરું છે.

કૉસ્મેટિક્સ અને ટૉઇલેટરીઝથી વ્યક્તિત્વને ઓપ મળે ખરો. ક્રીમ, પાવડર, અંજન વગેરે કૉસ્મેટિક્સ છે તો સાબુ, ટાલ્કમ પાવડર, પરસેવાની ગંધ દૂર કરનાર ડીઓડેરન્ટ વગેરે ટૉઇલેટરીઝ છે. ચામડીનો વાન ઉઘાડવા 'વ્હાઈટનિંગ' ક્રીમ અમુક અંશે ગુણ કરે છે. એ માટે લૅનોનિન ૧ ઔંસ, બદામનું તેલ ૧/૪ ઔંસ, હાઇડ્રોજન પૅરોક્સાઈડ ૧/૨ ઔંસ અને ગ્લિસરીન ૧/૨ ઔંસ લઈ પ્રથમ ગરમ પાણી ઉપર લૅનોનિન ઓગાળવું અને તેમાં ગ્લિસરીન અને બદામનું તેલ ભેળવી દેવું. ઠંડુ પડે ત્યારે તેમાં હાઇડ્રોજન પૅરોક્સાઈડ નાખી સુગંધ માટે મનપસંદ અત્તર કે એસેન્સનાં થોડાં ટીપાં ઉમેરવાં અને ઉપયોગમાં લેવું.

ફૂલપાંદડી જેવી અંગકાંતિ માટે દૂધની મલાઈ અને લીંબુના રસનો પ્રયોગ પણ આવો જ અસરકારક છે. વાળ લાંબા ને ચમકદાર બનાવવા અરીઠાં ને ચિકાખાઈથી એને ધોવા.

અનુસંધાન] **અજંતાનાં શિલ્પાંકનો** [પૃષ્ઠ ૨૬૧થી

નીચેના પૂર્ણદર્પણમાં મકર અને ઉપરના અર્ધદર્પણમાં ચક્રવાકનાં જીવંત લલિત અને બારીકાઈથી કંડારેલાં શોભનો જણાય છે.

અજંતાની છેલ્લી ૨૬ અને ૨૭મી ગુફાઓ શૈલીની દૃષ્ટિએ પણ સૌથી મોડા કાળની છઠ્ઠા સૈકાના પ્રારંભની છે. તેનાં સ્તંભશોભનોમાં વિશેષ પ્રચુરતા અને ઝીણવટ જોવા મળે છે. ગુહા ૨૬ના એવા એક ભિત્તિ-સ્તંભ પર (ચિત્ર ૬) ચોરસાની નીચે પણ ભૂષા કરેલી છે. તેમાં સૌથી નીચે ભરચક મુક્તાદામનો પટ્ટ કાઢી તે પર બે પોયણાં-પટ્ટી વચ્ચે મણિમય પટ્ટ કોરી, તેની ઉપર ચોરસામાં પૂર્ણ-દર્પણ કાઢી તેમાં પોતાના આવાસમાં ગોષ્ઠી કરતું પારિચારકો સહિતનું નાગ-મિથુન બતાવ્યું છે.

આ બધા અર્ધસ્તંભોનું કંડારણ પથ્થર કરતાં કાષ્ઠકંડારની રીતિને વધુ અનુસરે છે તેવું પ્રથમ દૃષ્ટિએ પણ જણાઈ આવે છે. આવા સ્તંભો આન્ધ્ર-શુંગકાલીન સ્તૂપોની વેદિકાઓના સ્તંભો પરથી ઊતરી આવ્યા છે. અજંતામાં દેખાતું સ્વરૂપ ઘણું વિકસિત દશાનું છે. તેના પુરોગામી તરીકે પાંચમા શતકના પ્રારંભે રાજસ્થાનમાં રચાએલા મુકુંદ-દર્રાના ગુપ્તકાલીન મંદિરના સ્તંભો[૩] અને એથી યે પૂર્વે નાસિકની ત્રીજા સૈકાની એક બૌદ્ધ ગુફાના ભિત્તિસ્તંભો લેખી શકાય.[૪] પણ મુકુંદ-દર્રાના સ્તંભોનાં દર્પણોમાં કોરણી કરી નથી, અને નાસિકના દૃષ્ટાંતમાં હજુ પ્રારંભિકતા વરતાય છે. એ બંનેના મુકાબલે અજંતાના સ્તંભોના ઘાટ અને કોતરણી વાકાટક કાળમાં સિદ્ધ થએલી કંડાર-પરિપક્વતાનાં દ્યોતક છે.[૫] □

૩. આ મંદિર વિષે લેખકના મિત્ર Michael Meister દ્વારા વિગતવાર ચર્ચા થઈ રહી છે.

૪. *Cf.* Jeanne L. Tarabold, *A Chronology of Indian Sculpture: The Sātavāhana Chronology at Nasik*, *Artibus Asial*, Vol. XXXII. fig. 7.

૫. અજંતાના આવા ભિત્તિસ્તંભો તેની કલાચર્ચા કે રીતિ અંગેનાં ટિપ્પણો આપ્યા સિવાય તાજેતરમાં બે પ્રકાશનોમાં પ્રકટ થયા છે: *See* Walter Spink, 'Ajanta to Ellora', *Marg*, Vol. XX, No. 2, figures on pp. 57, 59, 60, & 61; and Philippe Stern, *Les Colomns Indiennes D' Ajanta et Ellora*, Paris 1972, fig. 42.

શતરંજ .... આલેખાઇનની એક વધુ રમત

ગયા અંકમાં આપણે શતરંજના ઉસ્તાદ ખેલાડી ઍલેક્ઝાંડર આલેખાઈનના પરિચય સાથે એની એક રમત જોઈ. અહીં ઈ. ૧૯૨૭ની કાપાબ્લાન્કા સાથેની સ્પર્ધાની એમની રમત જોઇએ. આમાં સફેદ મહોરાં કાપાબ્લાન્કાનાં અને કાળાં આલેખાઈનનાં છે. પદ્ધતિ Q. C. D.

1 P–Q4, P–Q4; 2 P–QB4, P–K3; 3 N–QB3, N–KB3; 4 B–N5, QN–Q2; 5 P–K3, B–K2; 6 N–B3, O–O, 7 R–B1, P–QR3; 8 P–QR3?

આ મૅચની ૨૩, ૨૫ અને ૨૭મી રમતમાં કાપાબ્લાન્કા અહીં 8 P×P! રમ્યા હતા.

8..., P–R3; 9 B–R4, P×P; 10 B×P, P–QN4!

આ મૅચની ૧૩, ૧૫, ૧૭ અને ૧૯મી રમતમાં આલેખાઈન 10..., P–QN3 રમ્યા હતા અને રમત ડ્રૉ થઈ હતી.

11 B–K2, B–N2; 12 O–O, P–B4; 13 P×P, N×P; N–Q4 (અહીં સફેદે 14 Q×Q, KR×Q; 15 KR–Q1 રમીને રમતને સરળ બનાવવાની જરૂર હતી.)

14..., R–B1; 15 P–QN4, (અહીં 15 B–B3, Q–N3; 16 Q–K2 વગેરે વધુ સારી ચાલ બની શકત.)

15..., QN–Q2; 16 B–N3. (હવે જો 16 B–B3 રમે તો 16..., Q–N3; 17 N–K4, R×R; 18 Q×R, R–B1 પછી સફેદ વજીરને માટે કોઈ સારી જગ્યા રહેતી નથી તેથી 16 B–N3 જ વધુ સારી ચાલ છે.)

16..., N–N3; 17 Q–N3, KN–Q4 (આ સુંદર ચાલથી 18..., N×N; 19 R×N, B–Q4; 20 Q–N2, R×R; 21 Q×R, Q–R1 અને 22..., R–B1ની ધમકી ઊભી થાય છે.)

18 B–B3, R–B5! 19 N–K4, Q–B1; 20 R×R (અહીં 20 Q–N1 વધુ સારી ચાલ હતી. હાથીને આ ખાના ઉપર મારતાં ત્યાં ઘોડો આવી જાય છે અને ત્યાં તે ઘણો જ અસરકારક બની રહે છે.)

20..., N×R; 21 R–B1, Q–R1! (22..., N×NP કે KP; 23 P×N, B×N; 24 B×B, Q×Bથી પ્યાદું જીતવાની ધમકી આપે છે.)


22 N–B3 (ઘોડો જો QB5 પર જાય તો કાળાને 22..., B×N; 23 P×B, R–B1; 24 B–K2, R×P; 25 B×N, Q–QB1 થી પ્યાદું મળે છે.)

22..., R–B1 આ ચાલથી 23..., N–Q7; 24 Q–any, N×Bch; 25 P×N, N×N; 26 R×N, R×R; 27 Q×R, B×Pથી પ્યાદું જીતીને જોરદાર હુમલાની ધમકી આપે છે.)

23 N×N, B×N; 24 B×B, Q×B; 25 P–QR4, B–B3; 26 N–B3 (અહીં સફેદ 26 R–Q1 રમે તો કાળો 26..., P×P; 27 Q×P, N–N7; 28 Q×P, R–R1 થી જીતી શકત).

26..., B–N7 (P–K4 રમતાં પહેલાં ઊંટને છૂટો કરવા. આ સિવાય હવે હાથી ઉપર હુમલો છે અને એને ખસવા માટે કોઈ સારી જગ્યા નથી. જુઓ આકૃતિ.)

આલેખાઈન



કાપાબ્લાન્કા

27 R–K1, R–Q1; 28 P×P, P×P; 29 P–R3, P–K4; 30 R–N1, P–K5; 31 N–Q4 (આ સિવાયના વિકલ્પોમાં પણ કાળો જીતે જ છે. દા. ત. 31 N–K1, Q–Q7; 32 Q–B2, Q–Q; 33 N×Q, R–Q7; 34 N–K1, N–R6 અથવા તો 31 N–R2, Q–Q6! 32 R×B!, Q×Q; 33 R×Q, R–Q8ch; 34 N–B1, N–Q7; 35 R–R3, N×N અને છૂપી શેહની ધમકી સામે સફેદ કંઈ કરી શકે તેમ નથી.)

31..., B×N, 32 R–Q1 (આ ચાલથી અંત નજીક આવે છે. 32 P×B, Q×P પછી પણ રમત બહુ લાંબી ચાલત નહિ.)

32..., N×P; 33 Resigns.

અહીં 33 P×N, B×Pch; અને પછી 34..., Q×Rch; 35 Q×Q R×Qch અથવા 33 Q×N, B×Q; 34 R×Q, B×Pch; 35 B×B, R×R પછી કાળાની જીત નિશ્ચિત છે માટે. **સુરેશ મોદી**

રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં ગુજરાતનો પ્રવેશ

જ્યારથી શતરંજની રાષ્ટ્રીય ટુર્નામેન્ટના 'અ' અને 'બ' એમ બે વિભાગ પડ્યા છે ત્યારથી આજ સુધીમાં કોઈ ગુજરાતી ખેલાડી 'અ' ટુર્નામેન્ટ સુધી પહોંચી શક્યા નહોતા, પણ હમણાં અમદાવાદમાં રમાએલી 'બ' ટુર્ના.માં ૧૫માંથી ૯½ પોઈન્ટ મેળવી ગુજરાતના ગૌરાંગ મહેતાએ 'અ' ટુર્ના.માં રમનાર પહેલા ગુજરાતી તરીકેનું માન પ્રાપ્ત કર્યું છે.

આ વખતની 'બ' ટુર્ના.માં પહેલી જ વાર દરેક પ્રાંતીય એસોસીએશનને ચાર ને બદલે છ ખેલાડીઓ મોકલવાની તક મળી હતી. પરિણામે ૯૮ ખેલાડીઓની સ્પર્ધાવાળી આ ટુર્નામેન્ટ આ કક્ષાની સૌથી મોટી ટુર્ના. બની રહી. એમ પણ જાણવા મળ્યું છે કે ગુજરાત રાજ્યના શતરંજ એસોસીએશન તરફથી કરવામાં આવેલી વ્યવસ્થા પણ સૌથી સારી હતી.

આ 'બ' ટુર્ના.માં આગળ આવેલા નીચેના બાર ખેલાડીઓ હવે 'અ' ટુર્ના.માં રમશે:

(૧) મોહન બાપુર (મહારાષ્ટ્ર)–૧૧½ પોઈન્ટ, (૨) હૃદયનાથ મંગલિક (ઉ.પ્ર.)–૧૧પો; (૩) આનંદકુમાર ઘોષ (પ. બંગાલ)–૧૧ પો., (૪) શ્રીકૃષ્ણ સાખળકર (મહારાષ્ટ્ર)–૧૦ પો., (૫) અબ્દુલ જબ્બાર (મહા.)–૧૦ પો., (૬) રવિવર્મા દાંડેકર (મહા.) ૧૦; (૭) અવિનાશ આવતે (મહા.)–૧૦; (૮) ફારુક અલી (આંધ્ર પ્રદેશ)–૯½; (૯) રામચંદ્ર સપ્રે (મહા.)–૯½; (૧૦) હેમંત દેશમુખ (મહા.) ૯½, (૧૧) ગૌરાંગ મહેતા (ગુજરાત) ૯½ અને (૧૨) રાજેશ બહાદુર (મધ્ય પ્રદેશ) ૯½.

આ ઉપરાંત સિમલામાં રમાએલી રાષ્ટ્રીય 'અ' ટુર્ના.ના પહેલા છ ખેલાડી પણ આ વર્ષની 'અ' ટુર્ના.માં સીધા રમી શકશે. એ છે–મેન્યુઅલ ઍરન (તમિલનાડુ), મહમદ હસ્સન (આં. પ્ર.), અરુણ વૈદ્ય (મહા.), નસીર અલી (ઉ. પ્ર.), નસિરુદ્દીન ગાલિબ (આં. પ્ર.), અને સુરેશ શાલિગ્રામ (મહા.).

આમ રાષ્ટ્રીય 'અ' ટુર્ના.માં રમનાર કુલ ખેલાડીઓમાંથી ૯ મહારાષ્ટ્રના (અને તેમાં ય ૮ મુંબાઈના), ૩ આંધ્ર પ્રદેશના અને બંગાલ, ગુજરાત, તમિલનાડુ તથા મધ્ય પ્રદેશના એક એક ખેલાડી છે.

—સુરેશ મોદી

વૃક્ષ-વેલ-પારચય—૧૧ · જાંબુ



જાંબુથી તો સૌ પરિચિત છે. ચોમાસું બેસતાં એના બે પ્રકાર બજારમાં ઠેરઠેર મળે છે: મોટાં, લંબગોળ, નાના ઠળિયા ને વધુ ગરવાળા જાંબુ; તથા નાનાં, ગોળ, મોટા ઠળિયા ને ઓછા ગરવાળાં, થોડાં તૂરાં રાવણાં. રાયજાંબુ, જલજાંબુ, ભૂયજાંબુ, દેશીજાંબુ વગેરે એની બીજી અનેક જાત છે, પણ કદ રંગ અને આકાર સિવાય બધાં લગભગ સરખાં જ છે.

જાંબુનું વૃક્ષ કદમાં ઠીકઠીક વધે છે. એનાં લાંબાં ને છેડેથી સહેજ અણિયાળાં પાન ચીકણાં ને દળદાર હોય છે. વૃક્ષ બારેમાસ લીલું રહે છે. કાળી ચીકણી જમીન તથા સુક્કા પ્રદેશ સિવાય જાંબુ લગભગ બધે થાય છે, પણ ભેજવાળો અને નદીકિનારાનો વિસ્તાર એને વધુ માફક આવે છે. પાકાં ફળનો ઠળિયો વાવતાં એ ઊગે છે. મોટાં જાંબુની કલમ પણ થાય છે. પુખ્ત થતાં માર્ચથી મે દરમિયાન એને મહોર આવે છે અને પછી ઉનાળામાં ફળ બેસી ચોમાસું આવતાં પાકાં કાળાં જાંબુનાં ઝૂમખાં મન લોભાવે છે.

જાંબુનું થડ લગભગ લીસું હોય છે. એનું લાકડું મજબૂત અને ટકાઉ ઉપરાંત પાણીમાં સડતું નથી. તથા એની છાલ અને પાન ચામડું કમાવવામાં ને રંગવામાં ઉપયોગી છે. એનામાં પાણી સ્વચ્છ કરવાનો ગુણ છે. તળાવમાં જાંબુનાં ડાળાં નાખવાથી સેવાળ ઓછી થાય છે. જાંબુના વૃક્ષ પર ટસર રેશમના કીડા પણ ઉછેરાય છે.

જાંબુનો દારૂ ને સરકો બને છે. આયુર્વેદમાં જાંબુને પાચક, મધુર, રુક્ષ, રુચિકર, મલસ્તંભક, પિત્તનાશક, દાહશામક, કંઠને હિતાવહ તથા કૃમિ, શ્વાસ, શોષ, રક્તદોષ, કફ અને વ્રણનો નાશ કરનાર ગણ્યાં છે. મધુપ્રમેહમાં જાંબુ બહુ ગુણકારી છે. પેટની પીડામાં મીઠા સાથે જાંબુનો સરકો અપાય છે. □



મધુકરી

શ્રાવણ

વાદળની પેલે પાર કૈં ઝાંખો ઉજાસ છે,
સૂરજના માત્ર ભાસથી શ્રાવણ ઉદાસ છે,
ભીના વસનનો આભમાં પરદો કરી દીધો,
શ્રાવણ નથી આ સૂર્યનો એકાન્ત-વાસ છે.

—રતિલાલ 'અનિલ'

સ્વ. ગોળવેલકરજી

મહાભારતમાં ક્યાંક કહેવાયું છે કે જે કુળમાં સૌ મોટાઈ માટે, ને જે રાષ્ટ્રમાં સૌ નેતાપદ માટે ખેંચાખેંચીમાં સદા રત હોય છે એ કુળ અને રાષ્ટ્ર નાશ પામે છે. સત્તા માટેનાં જૂથબંધી કાકયુદ્ધો આજે જ્યારે જ્યાં ત્યાં મચી પડેલાં છે ત્યારે, નાખી દેતાં ય જેની પાસે લાખેકનું તો એવું શિસ્તબદ્ધ દળ છે કે જે પડચો બોલ ઝીલે, અને બીજા આઠનવ લાખ જેટલો જેને અનુયાયીગણ છે, એવા એકમાત્ર શિસ્તબદ્ધ દળના ખાસ્સા સવાત્રણેક દાયકા સુધીના એકમેવ અધિપતિ, પોતાના દળને સત્તા–બંડખેડા–કલહ–સ્વાર્થ માટે ન જ વાપરવાનો સંયમ જીવનભર દાખવે તે, અને મૃત્યુ નિશ્ચિત લાગતાં સૌની ક્ષમાયાચના કરતો પત્ર લખી એમાં મૃત્યુ બાદ પોતાનું કોઈ જ સ્મારક ન રચાય એ આદેશ આપતા જાય તે, જેની નોંધ લીધા વિના ન જ ચાલે તેવી રાષ્ટ્રીય ઘટના ગણાય. જેમને દાદા ધર્માધિકારીએ 'અખંડ રાષ્ટ્રીયતાનું પ્રતીક' કહ્યા છે અને જેમને વિનોબાજીએ 'રાષ્ટ્રીય દૃષ્ટિએ હમેશાં વિચારનાર, ...આધ્યાત્મસાધક અને પરધર્મ પ્રતિ આદર રાખનાર' (જુઓ 'ભવન્સ જર્નલ', જૂન ૨૪, ૧૯૭૩, પૃ. ૯૭) તરીકે ઓળખાવ્યા તે શ્રી માધવરાવ સદાશિવ ગોળવેલકરનું, નાગપુરમાં તા. ૫-૬–૭૩ની રાત્રે નવ ને પાંચ મિનિટે પોતાના કાર્યાલયની ખુરશીમાં, કાર્ય કરતાં કરતાં જ, અવસાન થયું છે. નિઃસ્પૃહી, વિનમ્ર, ધર્મનિષ્ઠ, ધ્યેયનિષ્ઠ—ધડો લેવા જેવું ત્યાગપરાયણ જીવન એ મૂકતા ગયા છે.

એ રાષ્ટ્રહિતૈષી હતા. એમની નિષ્ઠા સંક્ષેપે આ: 'વૈભવશાળી અને સમર્થ એવા રાષ્ટ્રના જીવનનું કેન્દ્રબિન્દુ રાજ્યસત્તા કદાપિ ન હોઈ શકે. સંસારનાં જે રાષ્ટ્રો રાજ્યસત્તાને જ કેન્દ્ર માનીને ચાલ્યાં, તેમનાં સમાજજીવન નાશ પામ્યાં. એથી વિરુદ્ધ, જેનું સમાજજીવન શુદ્ધ, પવિત્ર અને શક્તિશાળી રહ્યું ત્યાં પરદેશી શાસનો આવ્યાં ને ગયાં છતાં યે ત્યાંની સમાજસંસ્કૃતિ અક્ષુણ્ણ રહી... એનું એકમાત્ર કારણ એ કે એનું કેન્દ્રબિન્દુ રાજ્યસત્તા પર નિર્ભર નહોતું, પરંતુ રાષ્ટ્રીય તથા ધાર્મિક અનુષ્ઠાન પર જ એની એકાન્તનિષ્ઠા હતી.' 'હાલમાં આપણા દેશનું વાતાવરણ પારસ્પરિક અવિશ્વાસ તથા સદ્ભાવના અભાવથી ભરેલું છે. આ સ્થિતિ અત્યંત ખેદજનક છે છતાં નિરાશ થવાની જરૂર નથી. આનો ઉપાય એ છે કે આપણે પૃથકતાની બધી જ ભાવનાઓનો જડમૂળથી નાશ કરી દઈએ તથા માતૃભૂમિ પ્રત્યેની એકતા પ્રકટ કરવામાં બાધક હોય તેવી બધી જ વૃત્તિઓ પણ નિર્મૂળ કરી દઈએ. આ ઉદ્દેશ્યની પૂર્તિને માટે... ભારતમાં એવાં એક રાજ્ય, એક વિધાનસભા ને એક કાર્યપાલિકા સ્થપાય જે પ્રાદેશિક, સામ્પ્રદાયિક, ભાષિક યા અન્ય કોઈ પણ પ્રકારના પૃથક્તાવાદી અભિનિવેશથી મુક્ત રહે.' (શ્રી મા.ગ. રાંગણેકર-પ્ર૦ 'વ્યક્તિદર્શન'માંથી)



એમની આ રાષ્ટ્રીયતાને એ 'હિન્દુ' નામ આપે છે તે ધર્મમતદર્શક શબ્દ તરીકે નહિ,

છાલો-પાલો મરી-મસાલો] ૧૧ [જીરું

રોજિંદા વપરાશના મસાલાઓમાં ધાણાની સાથોસાથ જીરું પણ એટલું જ જાણીતું છે. ઘીમાં કરેલા જીરાના વઘારવાળી રસોઈની સોડમ અનેરી છે. ભારતમાં એ સર્વત્ર પેદા થાય છે. આપણી તરફ ઉત્તર ગુજરાતમાં એનું બહોળું વાવેતર થાય છે અને ઊંઝા એના વેપારનું એક મુખ્ય મથક છે. શિયાળાની ઠંડી ઋતુમાં એનું વાવેતર થાય છે. એકથી દોઢ ફૂટ જેવડા, અજમાના છોડ જેવા જીરાના છોડ પણ સુગંધીદાર હોય છે. ધોળું જીરું, કાળું કે શાહજીરું, અને કલૌંજી જીરું (કાળી જીરી) એમ એના ત્રણ પ્રકાર છે. ગુણમાં ત્રણે લગભગ સરખાં છે. રોજિંદા મસાલામાં ધોળું જીરું વપરાય છે, જ્યારે શાહજીરું અને કલૌંજી જીરું ખાસ કરીને દવાઓમાં. આ ઉપરાંત, ઓથમીજીરું અને શંખજીરું નામ પણ જાણીતાં છે પણ એ જીરું નથી. ઓથમીજીરું, ઘોડાજીરું કે ઈસપગુલને નામે પણ ઓળખાય છે ને કબજિયાતમાં દૂધમાં પલાળીને લેવાથી ફાયદો કરે છે. એનું સત્ત્વ ધાતુપૌષ્ટિક ગણાય છે. શંખજીરું એ તો વનસ્પતિ જ નથી.

જીરું રુક્ષ, તીખું, ઠંડું, કિંચિત ગરમ, અગ્નિ પ્રદીપ્ત કરનાર, મલરોધક, ગર્ભાશયને શુદ્ધ કરનાર, બલ વીર્ય અને રુચિ વધારનાર, નેત્રને હિતકારી, કફ, વાયુ, પેટનો આફરો, ગોળો ને ઊલટી મટાડનાર તથા તાવને દૂર કરનાર મનાય છે. ચરક જીરાને શૂળ મટાડનાર માને છે. સુશ્રુત એને વાતકફનાશક, અરુચિ દૂર કરનાર, દીપન અને આમઘ્ન ગણે છે. યુનાની હકીમો જીરાને ખુશબોદાર અને ગ્રાહી કહે છે. એમના મત પ્રમાણે જીરું મૂત્રલ છે, પેટના કૃમિને બહાર કાઢે છે. ગર્ભસ્થાનમાં સોજો આવી દરદ થતું હોય તો જીરાના પાણીનું કટિસ્નાન કરવાની એમની સલાહ છે. છાતીના દર્દમાં પણ તેઓ જીરાનો ઉપયોગ કરે છે અને આંખ ધોવાનું પાણી પણ તેઓ એમાંથી બનાવે છે.

આધુનિક વૈદક જીરાને હોજરી, યકૃત અને આંતરડાંને બળવાન બનાવનાર, કૃમિઘ્ન, મલબંધક, મલની દુર્ગંધનો નાશ કરનાર, ગર્ભાશયની શિથિલતા દૂર કરનાર અને રજશુદ્ધિ કરનાર ગણે છે. ઉદરશૂળ, આફરો ને પાચનની વિકૃતિ મટાડવામાં ઔષધોમાં જીરાનો ઉપયોગ કરે છે.

મસાલામાં ધાણા-જીરુંનો ઉપયોગ રસોઈને સોડમયુક્ત અને સ્વાદિષ્ટ બનાવવા ઉપરાંત રાઈ-મરચાં વગેરે જેવા ઉગ્ર ગરમ મસાલા સામે ઠંડકનું સમતોલ જાળવે છે.

તાવમાં જીરાનું ચૂર્ણ લઈ જૂના ગોળમાં કાલવીને બનાવેલી એકેક તોલા વજનની ગોળીઓ લેવાથી પરસેવો વળીને તાવ ઊતરી જાય છે. એકવીસ દિવસ સવાર-સાંજ આ રીતે લેવાથી જીર્ણજ્વર પણ મટે છે. ટાઢિયા તાવમાં એક ચમચી જીરાનું ચૂર્ણ એકાદ તોલા કારેલીના રસમાં મેળવીને પીવાથી આરામ થાય છે. જીરું પાણીમાં વાટીને હોઠ પર ચોપડવાથી તાવમાં બરો મૂતર્યો હોય તો ફાયદો થાય છે. જીરું ગાયના દૂધમાં સીઝવીને કરેલું ચૂર્ણ સાકર સાથે ખાવાથી પણ જીર્ણજ્વર મટીને શક્તિ આવે છે.

ધાણાજીરું ખાંડ સાથે લેવાથી અમ્લપિત્તને લીધે ભોજન બાદ છાતીમાં થતી બળતરા શાંત થાય છે. જીરું અને સિંધવ સરખે ભાગે લઈ સાત દિવસ લીંબુના રસમાં પલાળ્યા પછી સૂકવીને કરેલું ચૂર્ણ સવાર-સાંજ લેવાથી આફરો મટે છે ને પાચનશક્તિ સુધરે છે.

જીરાના સેવનથી હેડકી અને શૂળ પણ શાંત થાય છે.

જીરું હિંગ અને સિંધવની ફાકી મધ તથા ઘી સાથે યા માત્ર ઘી સાથે લેવાથી જમ્યા પછી બે-ત્રણ કલાકે ઊપડતું પેટનું શૂળ મટે છે,

જીરાના સેવનથી ધાવણ વધે છે. ચોખાના ધોવરામણમાં જીરું અને સાકરનું પાવલી ભાર ચૂર્ણ લેતા રહેવાથી શ્વેતપ્રદર અને લોહીવામાં પણ ફાયદો થાય છે. સ્ત્રીઓના પ્રદર રોગમાં જીરું બહુ ગુણકારી ગણાય છે. પ્રસૂતા સ્ત્રીને માટે પણ જીરું લાભકર છે.

શેકેલું જીરું, મરી અને સિંધવનું ચૂર્ણ દહીંના મઠા કે છાશમાં મેળવીને ભોજન બાદ પીવાથી અતિસાર, અર્શ ગ્રહણીમાં ફાયદો થાય છે.

જીરાને વાટીને કરેલી લૂગદી બાંધવાથી દૂઝતા મસામાં પડતું લોહી બંધ થઈ બળતરા ઘટે છે અને બહાર નીકળીને ખૂબ પીડા કરનારા મસા સંકોચાઈને અંદર જતા રહે છે.

હરતાલ, સોમલ કે મનઃશિલના ઝેર પર જીરું અને સાકર પાણીમાં પલાળી સાત દિવસ સુધી પીવડાવવાથી ઝેરનું શમન થાય છે.

જીરું આમળાં અને કપાસનાં પાન સરખે ભાગે લઈ, ઠંડા પાણીમાં વાટી, એકવીસ દિવસ માથા પર લેપ કરી પાટો બાંધવાથી આંધળાપણું મટે છે. જીરાનું ચૂર્ણ રોજ લેવાથી પણ ગરમી ઓછી થઈને રતાંધળાપણામાં ફાયદો થાય છે.

માધવ મો. ચૌધરી

સાંસ્કૃતિક ગુણસૂચક નામ તરીકે. એક મુસ્લિમ કટારલેખક શ્રી ખ્વાજા અહમદ જિલાનીને એમણે આપેલી મુલાકાતનો રસિક અહેવાલ દિલ્હીના 'ધ મધરલૅન્ડ' દૈનિકમાં પ્રસિદ્ધ થએલો. એમાં તેમણે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કર્યું છે. 'सर्वेऽत्र सुखिनः सन्तु...' એ દૃષ્ટિબિન્દુને તેઓ 'હિન્દુ' ગણે. આ રાષ્ટ્રની મુખ્ય સંસ્કૃતિધારા તે 'હિન્દુ'. આ મુખ્ય સંસ્કૃતિધારામાં અન્ય મતો–પોતાના જે તે ધર્મમત જાળવીને, રાષ્ટ્રીય એકતાને સહેજે આંચ ન આવે તેમ ભળી જાય, એ એમની અપેક્ષા હતી. આને તેઓ 'હિન્દુ રાષ્ટ્રવાદ' કહે છે.

પોતાના જ પક્ષ પરની એક મોટી આપત્તિનો સામનો કરતી પોતાની મોટી ચળવળ રાષ્ટ્રને ક્ષુબ્ધ ન કરે તેની એમણે કાળજી લીધેલી તે પ્રત્યે કેટલાનું ધ્યાન ગયું છે? રાષ્ટ્રપિતાની હત્યામાં સંઘનો સાથ-હાથ હોવાની શંકા નિરાધાર ઠર્યા છતાં યે જ્યારે સંઘ પર પ્રતિબંધ ચાલુ રહ્યો ત્યારે એમણે શાન્ત સત્યાગ્રહનો આદેશ આપ્યો; સિત્તેરેક હજાર જેટલાએ જેલ સ્વીકારી; પણ બંડ-બખેડા ન થયા! રાષ્ટ્રજીવનને ક્ષુબ્ધ કરીને પક્ષહિત સાધવાની રીત માધવરાવને નાપસંદ હતી. એમનું ઘડતર જ એ રીતે થયું હતું.

જન્મ તારીખ ૧૯-૨-૧૯૦૬ના રોજ નાગપુરમાં. પિતા સદાશિવરાવ માધ્યમિક શાળાના શિક્ષક હતા. મધ્યપ્રદેશમાં સ્થળે સ્થળે એમની બદલી થતી રહી, ત્યાં બાળક 'મધુ' ભણતો રહ્યો. ૧૯૨૨માં મૅટ્રિક થયો. ઉચ્ચ અભ્યાસાર્થે નાગપુરની હિસ્લોપ કૉલેજમાં જોડાયો. એ પાદરીઓની સંસ્થા. બાઈબલ ફરજિયાત. માધવ તો અભ્યાસાર્થે જે લે તે પૂરું જ કરે. સ્મૃતિશક્તિ પણ સારી. એક વાર ગાર્ડિનર નામના એક અધ્યાપકે બાઈબલમાંથી એક દૃષ્ટાંત આપ્યું. ત્યાં આ તરુણે આંગળી ઊંચી કરી 'શું છે?' 'આપનું ઉદાહરણ બરાબર નથી.' વર્ગમાં સોપો પડ્યો. રોજ બાઈબલનો પાઠ કરનાર વર્ષોના અભ્યાસીને આ છોકરડો કહે છે કે ઉદાહરણ બરાબર નથી! પણ એના શબ્દમાં જ એવી દૃઢતા હતી કે અધ્યાપકે મૂળ પ્રત જોઈ, તો પોતાની જ ભૂલ નીકળી! ચોકસાઈ એ વિજ્ઞાનના આ વિદ્યાર્થીના સ્વભાવનું એક લક્ષણ હતું. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી બાયૉલૉજીના વિષય સાથે એ એમ. એસસી. થયો.

એ જ યુનિવર્સિટીમાં ૧૯૩૦માં એ અધ્યાપક થયો ત્યારે એના વિદ્યાર્થીસમુદાયમાં એ 'ગુરુજી' તરીકે જાણીતો થયો. ત્યાં પં. માલવિયાજીની એને હૂંફ મળી. એ જેવો ભણવામાં તેજસ્વી હતો તેવો જ કલાપ્રેમી હતો. વાંસળી ને સિતાર એ સારાં વગાડતો—તેમાં ય સિતાર. ત્યાં, બનારસમાં જ, એને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પરિચય થયો. સમષ્ટિને ખાતર વ્યક્તિજીવનને વિલીન કરવા સુધીની તત્પરતા ન હોય તો દેશસેવા ન થાય એ વિચાર એના મનમાં ત્યાં પાકો થયો.

માતા લક્ષ્મીબાઈની ઇચ્છા પુત્રને વકીલ બનાવવાની હતી. એમનાં નવ સંતાનોમાંથી આ જ એકમાત્ર બચ્યો હતો. માતાએ એને પોતાની પાસે ૧૯૩૨માં બોલાવી લીધો. નાગપુરમાં એ વકાલતનું ભણ્યો. '૩૫માં વકીલ થયો. દરમિયાનમાં રા. સ્વ. સંઘના સ્થાપક ડૉ. હેડગેવારના પરિચયમાં એ આવેલો. ડૉક્ટરે એને મુંબાઈનું સંઘકાર્ય સોંપેલું. ભણવાનું ને આ સંઘકાર્ય બન્નેને એ પહોંચી વળતો. લાંબી મુસાફરી હોય તો જતાં ને વળતાં પ્રવાસમાં એ કાયદાનું એકાદું થોથું પૂરું કરી નાખતો. એમ. એસસી.ની પરીક્ષા વખતે જ બરાબર વીંછી કરડેલો, છતાં જરા દવા ચોપડતોક ને એ વાંચવા લાગી ગએલો.

ઈ. ૧૯૩૫થી જ એને આત્મતત્ત્વખોજનો નાદ લાગ્યો. વકાલત છૂટતી ગઈ. ૧૯૩૫માં એણે મનોમન નિર્ણય કરી લીધો. આ જન્મ બ્રહ્મચર્યવ્રત તો લીધેલું જ; પણ સાધના સઘન ને વ્યવસ્થિત બને માટે, કોઈને કહ્યા વિના એ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાંના સારગાછી નામને સ્થળે આવેલા રામકૃષ્ણ આશ્રમમાં જોડાઈ ગયો. શ્રી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય ને વિવેકાનંદના ગુરુબંધુ સ્વામી અખંડાનંદે એ આશ્રમ સ્થાપ્યો હતો. એમના માર્ગદર્શનમાં માધવે કઠિન સાધના કરી. સ્વામીજીએ એક વાર હસતાં હસતાં એનાં દાઢી-કેશ જોઈને કહ્યું, 'આ તને ખરેખર શોભે છે,' ત્યારથી માધવરાવે દાઢી-કેશ રાખ્યાં. ઈ. ૧૯૩૭ના ફેબ્રુઆરીમાં અખંડાનંદજીનું અવસાન થતાં, માર્ચમાં માધવરાવ પાછા નાગપુર આવ્યા. ત્યારે રામકૃષ્ણ-વિવેકાનંદની વિચારધારાના પૂરા પ્રભાવ નીચે એ હતા.

પાછા આવીને ય વકાલત તો નામની, બાકી મુખ્ય તો સંઘકાર્યમાં જ લાગી ગયા. ૧૯૩૯માં એમને એ કામે કલકત્તા મોકલવામાં આવ્યા. ૧૯૪૦ના જૂનની ૨૧મીએ ડૉ. હેડગેવારનું અવસાન થતાં, અવસાન પૂર્વે એમણે આપેલા લેખિત આદેશ મુજબ 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'નું સુકાન આ ૩૪ વર્ષના યુવાનને સંભાળવું પડ્યું. એ વિજ્ઞાનનો સારો અભ્યાસી-અધ્યાપક હતો, સંગીતજ્ઞ કલાસાધક પણ થઈ ચૂક્યો હતો, તત્ત્વજ્ઞાનનો એને સારો અભ્યાસ હતો, જીવનની દિશા એણે વર્ષો પહેલાં નક્કી કરી લીધી હતી. એ ખાતર તો, પોતે મા-બાપનું એકમાત્ર સંતાન હોવા છતાં, ગૃહત્યાગ કર્યો હતો. હવે સમગ્ર દેશમાં એની પ્રવૃત્તિ વ્યાપી. ડૉ. હેડગેવારજીના જીવનકાળ દરમિયાન ચાર-પાંચ પ્રાંતોમાં જ સંઘકાર્ય આરંભાયું હતું; પણ માધવરાવે એને બધે ફેલાવ્યું.

ઈ. ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મીએ રાષ્ટ્રપિતા પર હિચકારો હુમલો થયો. માધવરાવ ત્યારે મદ્રાસમાં હતા. એમને દુઃખ થયું. પણ હત્યારો ગોડસે એક વાર સંઘમાં પણ હતો એ કારણે સંઘ શંકાનું નિશાન બન્યો. ઠેરઠેરથી સ્વયંસેવકોને પકડી લેવામાં આવ્યા. માધવરાવને પણ પકડ્યા. સંઘ પરની શંકા નિરાધાર ઠરી છતાં પ્રતિબંધ ન ઊઠ્યો. એટલે ૧૯૪૮ના ડિસેમ્બરની ૯મીએ પ્રતિબંધની સામે એમણે શાન્તિપૂર્ણ આંદોલનનું એલાન કર્યું. જે ૧૯૪૯ના જુલાઈની ૧૨મીએ સફળ રીતે સમેટાયું.

તે પછી સંઘકાર્ય અર્થે કે રાષ્ટ્રસંકટ સમયે માધવરાવ સમગ્ર દેશમાં પ્રવાસ કરતા રહ્યા. એમના કાર્યક્રમના સમયપાલન બાબતમાં ગાંધીજી જેવી જ એમની ચીવટ હતી. એક વાર પંજાબમાં રેલને કારણે એક પુલ તૂટી ગએલો. ટ્રોલી ત્યાં આવીને અટકી. પાણીપૂર ચડેલાં. શું કરવું તે સૌ વિચારતા હતા, ત્યારે નટની અદાથી સમતોલપણે પાટા પરથી સરસરાટ કરતા ચાલીને માધવરાવ પુલ ઓળંગી ગયા!

હજી બેએક વર્ષ પહેલાં જ—કૅન્સરના ઓપરેશન પછી લગભગ સાતેક દિવસે—મુંબાઈના એક પરાની સભામાં વ્યાખ્યાન કરવા જવાની ડૉક્ટર પાસે એમણે રજા માગી! 'તમે નાસી ન જાઓ તે શરતે હું જવા દઉં...' ડૉક્ટરે હસતાં હસતાં શરત મૂકી. માધવરાવ કહે, 'હું શું બહારવટિયા જેવો લાગું છું?'

એ 'કમિટેડ'—પ્રતિજ્ઞાબદ્ધ, ધ્યેયશીલ, ત્યાગી ને બાગી બન્ને હતા. એ યુદ્ધતત્પર છતાં સહિષ્ણુ હતા, એમનો રાષ્ટ્રવાદ સાંસ્કૃતિક ખુમારીભર્યો હતો. મૃત્યુ આવે તે પહેલાં એની તૈયારી એમણે કરી લીધેલી. તા. ૨-૪-૭૩ને રોજ ત્રણ પત્રો એમણે લખી રાખેલા, મૃત્યુ બાદ તરત ખોલવાની સૂચના સાથે. એકમાં ઉત્તરાધિકારી તરીકે શ્રી મધુકર દત્તાત્રેય દેવરસની નિયુક્તિની વાત હતી, એકમાં સ્વયંસેવકોને અંતિમ સંદેશ હતો, એકમાં તુકારામનું એક પદ ટાંકીને સૌની ક્ષમા યાચતાં, ઈશના ચરણમાં-સ્મરણમાં વિલીન થવાની જ પ્રાર્થના કરી હતી:

> 'શેવટચી વિનવણી: સંતજની પરિસાવી,
> વિસર તો ન પડાવા, માઝા દેવા તુમ્હાંસી;
> આતાં ફાર બોલો કાયી, અવઘેં પાયી વિદિત,
> તુકા મ્હણે પડતો પાયાં, કરા છાયા કૃપેચી.'

—'ઉપમન્યુ'

ગુજરાતમાં પૂરનું કારણ

વરસાદ આવે તો યે દુઃખ અને ન આવે તો યે દુઃખ, એવી સ્થિતિ આપણી ગુજરાતની છે. તાજા જ દાખલા લઈએ. ૧૯૬૮માં પૂર આવ્યાં ત્યારે (ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર જો કે એમાંથી બચી ગએલાં પણ) એથી જમીનનું જે ધોવાણ થયું તે ત્યાર પછીના પૂરની ભૂમિકા રૂપ બની રહ્યું. '૬૯માં ભારે વરસાદ ન થયો એટલે મોટી હોનારતો ન થઈ, પણ એ વખતે જો સમુદ્રમાં મોટી ભરતી આવી હોત તો ભયંકરતા ઘણી વધી જાત.

જ્યારે જ્યારે સારો વરસાદ થાય ત્યારે ત્યારે પૂરની આ તોળાઈ રહેતી ભયાનક હોનારતોનાં કારણ અંગે અમદાવાદના દૈનિક 'ગુજરાત સમાચાર' માટે નગેન્દ્ર વિજયે જાણીતા ગુજરાતી વાયુશાસ્ત્રી ડૉ. ભીમભાઈ દેસાઈની એક મુલાકાત લીધેલી. ડૉ. દેસાઈએ ત્યારે આ આફતનાં જે કારણો સમજાવેલાં એ આજે પણ લાગુ પડતાં હોઈ અહીં જોઈએ.

ગુજરાતમાં આવતાં પૂરનાં બે મુખ્ય કારણો છે: એક તો હવાના ફરકા. અમુક વિસ્તારમાં હવાનું દબાણ એકદમ ઘટી જતાં ત્યાં ચારે

હરિઃ ૐ આશ્રમ તરફનું
જૂન અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'પાબ્લો પિકાસો'ના લેખક
વિનાયક પંડ્યાને મળે છે

ત્રેવીસમી શિષ્ટવાચન પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી ત્રેવીસમી શિષ્ટ વાચન પરીક્ષા તા. ૩૦ સપ્ટેમ્બર, ૧૯૭૩ ને રવિવારના રોજ જે તે કેન્દ્રોમાં લેવાશે. ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ., વડોદરાએ પરીક્ષા માટે જ ખાસ પ્રસિદ્ધ કરેલ 'ગુજરાતના જ્યોતિર્ધર સ્વ. મોતીભાઈ અમીન' (લે. મનહરલાલ ભાવસાર, કવિ 'કલાર્થી') નામનું પુસ્તક (પૃ. ૧૨૮, કિં. રૂ. ૧, પો. ૦-૧૫ પૈસા) રાખ્યું છે. જે ગામેથી નિદાન ૧૦ ઉમેદવારો ઊભા થશે. ત્યાં આ પરીક્ષાનું કેન્દ્ર અપાશે. પરીક્ષા ફી ૪૦ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઇનામ આપવાની પણ યોજના છે. માહિતી માટે તા. ૨૦-૯-૭૩ સુધીમાં શ્રી મંત્રી, વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, ડે. સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા, એ સરનામે પત્રવ્યવહાર કરવો.

બાજુથી ધસી આવતી ભારે હવાની ચક્રાકાર ગતિ એ ફરકા. આ ફરકા પોતે પણ વેગથી ખસતા જાય છે અને જ્યાં જ્યાં એ જાય ત્યાં ભારે વરસાદ પડે છે. આ એક કુદરતી પરિબળ છે ને આપણો તેના પર કોઈ કાબૂ નથી. બીજું કારણ છે જમીનના અતિ ધોવાણથી એકઠા થતા કાંપને કારણે છીછરી બનતી જતી નદીઓ. એક સમયે ધીકતાં સૂરત, ભરૂચ ને ખંભાત જેવાં બંદરોના આજે જે હાલ છે તે આને કારણે. ઈચ્છીએ તો આ દિશામાં આપણે કાબૂ મેળવી શકીએ અને એ રીતે નદીઓના વિસ્તાર વચ્ચે વસેલાં ગામોનો નાશ થતો પણ અટકાવી શકીએ.

ગુજરાતમાં જ્યારે સારો વરસાદ આવે ત્યારે માનવું કે એ પેલા હવાના ફરકાઓને આભારી છે. એ રીતે આ ફરકા ગુજરાત માટે આશીર્વાદ રૂપ છે. ગુજરાતની દક્ષિણે આવેલા ડાંગથી આરંભાઈ દક્ષિણે પ્રસરેલી સહ્યાદ્રિ કે પશ્ચિમઘાટની પર્વતમાળા હિંદી મહાસાગર પરથી આવતી ભેજથી લદબદ ચોમાસુ હવાને અવરોધે છે. પર્વતો સાથે અથડાઈને એ હવા અધ્ધર ચડે છે ને ત્યાં તેનો ભેજ ઠરીને વરસાદ રૂપે વરસે છે. પણ ડાંગ પછી ઉત્તરે પર્વતો નથી એટલે બાકીના ગુજરાતને તો આ ફરકાઓ પર જ આશા બાંધવાની રહી. એના પર આપણો કાબૂ નથી. આ ફરકાઓ ક્યાં અને ક્યારે બંધાય એ નિશ્ચિત નથી. કમોસમી ફરકાઓ વાવાઝોડાં રૂપે યે વિનાશ આણે. ઈ. ૧૯૪૯માં મુંબાઈથી દહાણુ સુધી ફેલાએલું તાંડવ આવા માર્ગચ્યુત ફરકાને લીધે જ થયું હતું. તાપી-નર્મદાનાં ભારે પૂર વખતે આવેલા ફરકાની ધીમી ગતિ જ તે માટે જવાબદાર હતી. દિવસો સુધી એ ગુજરાત પર તોળાઈ રહેલા અને નદીઓનું પાણી દરિયામાં વહી જાય એ કરતાં વધુ ઝડપે વરસાદનું પાણી એમાં ઉમેરાતું જવાને કારણે સમતુલા ખોરવાઈને એ નદીઓ છલકાઈ ગઈ હતી. પણ છતાં આ ફરકા ન જ આવતા હોય તો તો ગુજરાતને વરસાદ પણ ન મળે અને એ સાવ વેરાન બની જાય.

પણ પૂરની હોનારતો સર્જવામાં આપણે પણ દોષિત છીએ. છેલ્લા દાયકાઓમાં એક યા બીજા કારણે આપણે આપણી વનસંપત્તિનું જે ઉચ્છેદન આદર્યું છે એથી જમીનનું ધોવાણ વધારીને નદીઓને છીછરી બનાવી દીધી છે. ઉત્તર ગુજરાતની કેટલીક નદીઓના પટ આજે એટલા તો પહોળા બની ગયા છે કે એમાંનું પાણી સુકાઈ જતાં એ નદીનો પટ છે એવો ખયાલ પણ ન આવે. ફરકાઓને લીધે ભારે વરસાદ થઈ પૂર આવે, પણ જમીનનું ધોવાણ અટકાવી એ પાણીને નાથી શકીએ તો?

આ માટે મોટી નદીઓના પ્રદેશમાં એકઠો થએલો કાંપ પણ દૂર કરવો જોઈએ. અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિની આફત આવે ત્યારે જ કિકિયારીઓ કરી પછી એ બધું ભૂલી જવાનું છોડી દઈને નર્મદા યોજનાનો અમલ કરવા પ્રતિ તથા અન્ય નદીનાળાંને બંધ-પાળાથી નાથવા તરફ લક્ષ આપીને ધરતીના ધોવારણને અટકાવ્યા સિવાય આપણો જયવારો નથી જ. વન-ઉચ્છેદનથી પામીએ એ કરતાં વન-વર્ધનથી સરવાળે વધુ લાભ છે એ સમજવું ઘણું જરૂરી છે. પક્ષાપક્ષીના વિજય કરતાં લોકહિતની સિદ્ધિ હાંસલ કરવામાં વધુ ગૌરવ છે અને એ જ આપણી ફરજ છે એમ આપણે સમજીએ તો? સમજીશું?

માધવપુર

ગયા અંકમાં જેનો પરિચય આવી ગયો તે ગોવર્ધનધારીનું શિલ્પ જ્યાંથી મળી આવ્યું છે તે માધવપુર સૌરાષ્ટ્રમાં ભરાતા ત્રણ પ્રખ્યાત મેળાઓમાં તરણેતર ને ભવનાથ (ગિરનાર)ની સાથે ત્રીજું સ્થાન ગણાય છે. પોરબંદર પાસે, ઓડદરથી દરિયાની કાંઠી ઉપર, ગોસાબારા અને નવીબંદર પાસે, ભાદર-ઓજતના સંગમ ઉપર થઈ, બળેજ તથા ભાણસરાનાં પ્રાચીન મંદિરો અવલોકી, આગળ જતાં માધવપુર આવે. પાતા ગામ નજીક મધુવંતી–સાગર સંગમ ઓળંગી સાવ દરિયાકિનારે રસ્તો જાય; પંદરેક ફૂટ ઊંચી રેતીની ધાર ઉપર બસ ચાલે. એક બાજુ અરબી સમુદ્રનાં ઘૂઘવતાં મોજાં અને બીજી બાજુ ઘેડનો લીલોછમ વિસ્તાર. પાતાથી માધવપુર સુધીનો દરિયાકિનારો ગુજરાતમાં અદ્વિતીય છે.

છેલ્લાં હજારેક વર્ષ થયાં માધવપુર વૈષ્ણવતીર્થ તરીકે ખ્યાત છે. અહીં દર વર્ષે કૃષ્ણ-રુક્મિણીનો લગ્નોત્સવ ધામધૂમથી ઊજવાય છે. કહે છે કે કૌંડિન્યપુરથી રુક્મિણીનું હરણ કરીને શ્રીકૃષ્ણ તેને અહીં લાવેલા અને ચૈત્ર સુદ બારસે તેમનો લગ્નવિધિ અહીં થએલો. આ ઉત્સવ નિમિત્તે માધવપુરમાં ચૈત્રી મેળો ભરાય છે, જે રામનવમીથી સુદ તેરસ સુધી ચાલે છે. રેવતી-બલરામના લગ્નની સ્મૃતિ સાચવી રાખતો 'બળરામનો માંડવો' અને 'રેવતીકુંડ' પણ અહીં આવેલા છે.

બીજી કથા એવી છે કે મધુ નામે માનવભક્ષી દૈત્ય અહીં રહેતો હતો. બ્રહ્માના કહેવાથી વિષ્ણુએ તેનો વધ કર્યો. અહીંનું 'મધુવન' મધુદૈત્યના નામ ઉપરથી હોવાનું મનાય છે. ત્રીજી કથા ગામ બહાર દરિયાકિનારે આવેલી કપિલ મુનિની દેરી પરત્વેની છે. માતા દેવહૂતિને બ્રહ્મજ્ઞાન આપી કપિલ મુનિ અહીં આવીને રહેલા. માધવપુરે સાચવી રાખેલી પૌરાણિક પ્રસંગોની આ સ્મૃતિઓ વિચાર કરતા કરી મૂકે તેવાં તથ્યવાળી છે.

૧) કૃષ્ણ-રુક્મિણી અને બલરામ-રેવતીની સ્મૃતિઓ આજના માધવપુરને 'પ્રાચીન દ્વારકા' ઠરાવવાના પક્ષમાં જાય છે. ઈસવી સનની બીજી સદીમાં થએલો ગ્રીક લેખક તોલેમી પણ માધવપુરને દ્વારકા માનવાની તરફેણમાં છે. ૨) મધુદૈત્યની વાત 'મહાભારત' શાંતિપર્વમાં તથા 'દેવી ભાગવત'માં કંઈક વિસ્તારથી આવે છે. વિષ્ણુના કાનના મેલમાંથી ઉત્પન્ન થએલો તમોગુણી આ દૈત્ય બ્રાહ્મણોનો વધ કરતો હતો. એક વખત તે બ્રહ્માને મારવા તૈયાર થયો. બ્રહ્માએ વિષ્ણુને વિનંતી કરી અને વિષ્ણુએ તેનો વધ કર્યો. ૩) કપિલ મુનિની વાત વધારે રસિક જણાય છે. 'હરિવંશ'માં એવી કથા આવે છે કે માતા દેવહૂતિને બ્રહ્મજ્ઞાન આપ્યા પછી કપિલ મુનિ 'પાતાળ'માં પધાર્યા. આજનું 'સૌરાષ્ટ્ર' તે પુરાણોનું 'પાતાળ' છે. કપિલ મુનિ પશ્ચિમ કિનારે રહેતા હતા એનો ઉલ્લેખ 'વાલ્મીકિ રામાયણ'માં પણ મળે છે. શ્રીમદ્ ભાગવત કપિલ મુનિને વિષ્ણુનો અવતાર માને છે. આ બધાં પ્રમાણો જોતાં એમ લાગે છે કે પશ્ચિમકિનારે આવેલા વિષ્ણુતીર્થ માધવપુર સાથે કપિલને સંબંધ હોય.

વિવિધ ધર્મનાં અનેક સ્થાનકો અને સંત, મહંત, આચાર્યોની સ્મૃતિથી સમૃદ્ધ બનેલા માધવપુરને હવે નિહાળીએ. ગામનું મુખ્ય સ્થળ શ્રી માધવરાયજીની હવેલી છે. ચૌદમી સદીની બે ભવ્ય, માનવ કદની વિષ્ણુ-પ્રતિમાઓ અહીં બિરાજે છે. પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલી અનુસાર સમય સમયના અને ઉત્સવ મુજબ શૃંગાર પામતી આવી જીવંત પ્રતિમાઓ બીજે ક્યાંય જોવા મળતી નથી. આજની હવેલીનું આ મકાન પોરબંદરનાં મહારાણી શ્રી રૂપાળીબાએ ઈ. સ. ૧૭૪૩માં બંધાવી આપ્યાનો અહીં શિલાલેખ છે. આ મૂર્તિઓનું મૂળ મંદિર પાછળના ભાગે હાલ ભગ્ન હાલતમાં ઊભું છે. ચૌદમી સદીનું આ વિશાળ મંદિર કલાનો એક સુંદર નમૂનો છે. આ મંદિરની મુખચોકી નાશ પામી છે, ગૂઢ મંડપ અને ગર્ભગૃહ ઊભાં છે. મંદિરની પીઠિકા અને મંડોવર સોલંકી કાળ પછીનું કંઈક વધારે અલંકૃત શિલ્પ ધરાવે છે. દરિયા ઉપરથી આવતા ખારા પવનને લીધે લગભગ ખવાઈ ગયેલી મૂર્તિઓમાં, ઉત્તર દિશાના ભદ્રગવાક્ષે આવેલી વેણુગોપાલ ગોવર્ધનધારીની મૂર્તિ કંઈક સારી હાલતમાં છે. અહીં ભગવાન વિષ્ણુ, વેણુગોપાલ અને ગોવર્ધનધારી એમ ત્રણ સ્વરૂપમાં શિલ્પત્વ પામ્યા છે.

ગામનાં અન્ય સ્થળોમાં ચોરામાં બિરાજતી મહિષાસુરમર્દિની ને મુખ્ય દરવાજા પાસેનો બ્રહ્મકુંડ છે, જેમાં બ્રહ્માની મૂર્તિ સહિતની નાનકડી દેરી, નાગદમનનું એક નાનકડું શિલ્પ ને ઐન્દ્રી, બ્રહ્માણી વગેરે માતૃકાઓ છે. વળી, કુંડને કાંઠે પાંચ પાંડવોની પાંચ દેરીઓ છે, જેની પાસે કોઈ પ્રાચીન મંદિરનું સુંદર ગવાક્ષ-આચ્છાદન પડેલું છે.

. ગામના આ મુખ્ય ઝાંપેથી ગદાવાવ ઝાંપે આવીએ તો અહીં ગદાવાવ નામની પાણિયારી વાવ છે. કહે છે કે મધુ દૈત્યને માર્યા પછી ભગવાન વિષ્ણુએ પોતાની ગદા અહીં સાફ કરેલી! વાવમાં શેષશાયી અને શિવનાં બે શિલ્પો આવેલાં છે. જરા દૂર 'ગણેશ જાળું' (ગણપતિની અનેક મૂર્તિઓ હોવાને કારણે 'જાળું' કહેવાતું મંદિર) જોઈ દરિયાકિનારાનો લહાવો લેવા જેવો છે. માધવપુર માત્ર ધાર્મિક સ્થળ નથી, અહીં ઘેડ પ્રદેશની નેત્રમનોહર વનશ્રી અને શ્રુતિમનોહર સાગરનું સંગીત અભક્ત હોય તેને પણ 'માધવરાય કી જે' બોલવા પ્રેરે તેવાં સમર્થ છે! (લોકજીવન) —નરોત્તમ પલાણ

રાતનાં ફૂલ

રાતરાણી અને બીજાં કેટલાંક ફૂલ રાત્રે જ ખીલે છે. આવાં ફૂલો મોટે ભાગે સફેદ રંગનાં તથા એમની દાંડી લાંબી ને પાતળી હોય છે. રાતની હવાને એ પોતાની તીવ્ર અને માદક સુગંધીથી ભરી દે છે.

ઉત્ક્રાંતિની એક પ્રક્રિયા તરીકે દિવસે ખીલતાં રંગરંગીન ફૂલો સાથેની સ્પર્ધામાં ટકી રહેવા માટે કેટલાંક ફૂલો રાતે ખીલતાં બની ગયાં હશે એમ મનાય છે. એમનાં સંવર્ધન અને પ્રસરણ માટે એમની ગંધ પરાગરજ લઈ જતાં જંતુઓને આકર્ષવામાં સહાયક બનતી હશે. જેમ ફૂલોમાં તેમ પરાગરજવાહક જંતુઓમાં પણ કેટલાંક આ જ રીતે નિશાચર બન્યાં હશે અને આમ બંને એકબીજાને સહાયક બની ગયાં હશે. વળી, રાતનાં ફૂલો દિવસ ઊગ્યા પછી કેટલોક સમય ખીલેલાં રહેતાં હોઈ પેલાં જંતુઓની અધૂરી રહેલી કામગીરી મધમાખી જેવાથી પૂરક બની શકતી હશે. આવાં દિવસે ટકી રહેલાં કેટલાંક ફૂલો રાત વીતી ગયે શ્વેત મટી રંગીન ઝાંય ધારણ કરતાં જણાયાં છે તે પણ કદાચ આટલા માટેની જ કુદરતની કરામત હશે.

સેઈન્ટ ટૉમસ

જિસસ ક્રાઈસ્ટના સ્વર્ગારોહણ પછી એમણે પ્રબોધેલા ધર્મના પ્રચારાર્થે સેઈન્ટ પીટર અને સેઈન્ટ પોલ જેમ પશ્ચિમમાં ગયા તેમ સેઈન્ટ ટૉમસ પૂર્વમાં આવ્યા. આરંભમાં તેઓ ભારતની વાયવ્યે પાર્થિયન રાજા ગોંડોફેરસની ભૂમિમાં ગયા, પણ સન ૪૭ આસપાસમાં ત્યાં કુષાણ આક્રમણો થતાં ગોંડોફેરસને નાસી જવું પડયું અને એના રાજવંશનો અંત આવતાં સે. ટૉમસે પણ એ સ્થાન છોડયું.

આ સમયે દક્ષિણ ભારતની કેરલકંઠાર અરબી સમુદ્રના જલમાર્ગે મધ્ય પૂર્વના દેશો સાથે તેજનાના બહોળા વ્યાપારથી સંકળાએલી હતી. સે. ટૉમસ એ માર્ગે ભારત આવ્યા અને સન બાવનમાં કોચીનની ઉત્તરે કોડુંગલ્લૂર, કોટ્ટાક્કાવૂ (પરૂર), કોક્કામંગલમ્, નિરણમ્, નિલક્કલ અને કોલ્લમમાં ખ્રિસ્તી દેવળોની સ્થાપના કરી.

આ પછી તેઓ દ. ભારતની પૂર્વ કંઠાર તરફ કોરોમંડલ ગયા. અહીં મયલાપુર, ચિન્નમલે (લિટલ માઉન્ટ) અને પેરિયામલેમાં એમણે કરેલું કાર્ય વિશેષ જાણીતું છે. અહીંના રાજા મહાદેવન એમને ઘણો સારો આદર આપતા એથી ઇર્ષ્યાથી પ્રેરાઈ ત્યાંના મંત્રીઓ એમની હત્યા કરવા પ્રવૃત્ત થયા. એમાંથી ઊગરવા તેઓ ચિન્નમલેના જંગલમાં જઈ છુપાયા ને પછી ત્યાંથી યે વધુ દુસહ સ્થાન પેરિયામલે ચાલ્યા ગયા. અહીં એમણે સ્વયં એક પથ્થર કોરીને ક્રૉસ બનાવી એને પૂજાને સ્થાને સ્થાપ્યો હતો. આ જ ક્રૉસ પાસે લળીને એક વાર તેઓ પ્રાર્થના કરતા હતા ત્યાં પેલા મંત્રીઓના હત્યારાઓએ આવીને એમની પીઠમાં ભાલો ભોંકી દીધો. ઘાયલ સેઈન્ટ ટૉમસ ક્રૉસને ભેટી પડયા ને મૃત્યુ પામ્યા. સન ૭૨નો આ બનાવ. વર્ષો પછી પોર્ટુગીઝ લોકોએ આ સ્થળે દેવળ બનાવવા માટે ખોદકામ કરતાં સેઇન્ટ ટૉમસનો ક્રૉસ મળ્યો જે ત્યાં પૂજાસ્થાને સ્થપાયો. મદ્રાસમાં આ સ્થાન સેઇન્ટ ટૉમસ માઉન્ટ નામે ઓળખાય છે. આ જ ક્રૉસના આલેખન સાથે સેઈન્ટ ટૉમસની યાદમાં આ માસમાં ભારતે એક ખાસ ટપાલટિકિટ બહાર પાડી છે જે આ અંકના છેલ્લા પાનામાં આપી છે.

પૃથ્વીને ઇન્જેક્શન

ભૂકંપની ઉગ્રતા ઘટાડવા માટે અમેરિકાના કોલોરાડો વિસ્તારમાં રેન્જલી ખાતે પૃથ્વીને ઇન્જેક્શન આપવા જેવો એક પ્રયોગ કરવામાં આવ્યો હતો. વિજ્ઞાનીઓ માને છે કે નાના નાના ભૂકંપો સર્જીને મોટા ભૂકંપો ખાળી શકાય છે. આ માટે સંશોધકોએ જમીનમાં ખૂબ ઊંડે પાણી ઉતારીને ક્ષુલ્લક ભૂકંપોનું પ્રમાણ વધારેલું. સંશોધકો કહે છે કે ભૂસ્તર પર ઊંડાણમાં તડ પડેલા ખડકોના વિસ્તારમાં ભૂકંપ થવાનો સંભવ હોય છે. ત્યાં બળપૂર્વક પાણી ભરવાથી ખડકો લીસા થઈ સરળતાથી સરકીને એકબીજાથી છૂટા પડે છે. ભૂકંપનું કારણ પેટાળમાંના ખડકોનો આવો સ્થાનફેર જ છે. નિષ્ણાતો પાણીના ઇંજેક્શન દ્વારા એ સ્થાનાંતર સરળ બનાવી એની ભયંકરતા ઘટાડવાના માર્ગો અપનાવવા ઇચ્છે છે.

કપાસિયાનો ખોરાક

અત્યાર સુધી જે ઢોરનો આહાર હતો એ કપાસિયા હવે માણસનો ખોરાક પણ બનશે એમ લાગે છે. એનું તેલ તો વપરાય જ છે. હવે અમેરિકાની ટેક્સાસ ટેક્નૉલૉજિકલ યુનિવર્સિટીએ કપાસિયાનો લોટ પણ અજમાવ્યો છે. ચાલુ પ્રકારની બ્રેડમાંથી ૧૮ ટકા જેટલો ઘઉંનો લોટ કાઢી લઈ તેના બદલે કપાસિયાનો લોટ ભેળવીને એમણે બનાવેલા બ્રેડમાં ૨૫ ટકા જેટલું પ્રોટીન જણાયું હતું જે ઘઉંના લોટની બ્રેડમાં ૧૦ થી ૧૪ ટકાના પ્રમાણમાં હોય છે. કપાસિયાની બીજી વાનગીઓમાં તો ૭૧ ટકા જેટલું પ્રોટીન જણાયું છે. કપાસના વધુ ઉત્પાદનવાળા ને અપોષણની મુશ્કેલીવાળા ભાગમાં હવે આમ પ્રોટીનસભર ખાદ્ય મેળવી શકાશે.

આર યુ ડબ્લ્યુ એસ

સમુદ્રની સપાટીથી ૬૦૦૦ મીટર ઊંડે પાણીના કચડી નાખે તેવા ભારે દબાણ હેઠળ પણ સરળતાથી કામ કરી શકે તેવું 'રીમોટ અનર્મૅન્ડ વર્ક સિસ્ટમ' (આર યુ ડબ્લ્યુ એસ નામે) એક સાધન અમેરિકન સંશોધકોએ બનાવ્યું છે. ૩·૫ મીટર લાંબું અને ૧·૫ મી. ઊંચું આ સાધન એટલે ઊંડે જોઈ શકશે, સાંભળી શકશે અને ધારેલી વસ્તુ પકડી શકશે તથા વજન પણ ઊંચકી શકશે. આ માટે તેમાં ટેલિવિઝનની આંખ, મંદ અવાજ પણ ઝીલી શકે તેવા વૈજ્ઞાનિક કાન ને પોલાદી પંજા જોડવામાં આવશે. અને દરિયાના તળ પરની આ બધી સંશોધન કામગીરીનું સંચાલન સપાટી પરના જહાજમાં બેઠેલા ઑપરેટર દ્વારા થશે. પોલાદથી યે વધુ મજબૂત તારના બનેલા ૭ કિલો મીટર લાંબા કૅબલ દ્વારા એનો વહાણ સાથેનો સંપર્ક સધાશે.

આ માટે વહાણમાં બેઠેલા ઑપરેટરના માથા પર એક ખાસ પ્રકારનો ટોપ રહેશે જેની સાથે જોડાએલી વિજાણુ રચનાઓ દ્વારા આર યુ ડબ્લ્યુ એસનો કૅમેરા જોડાએલો હશે. ઑપરેટર જેમ માથું ફેરવે તેમ પેલો કૅમેરા પણ ફરશે, એટલે ઑપરેટર તો પોતે જ પાણીમાં હોય તેમ ત્યાંનું બધું જોઈ શકશે. અને એ જ રીતે બીજી કામગીરીઓનું પણ. અતિ ઊંડા સાગરજળનાં સંશોધનોની શકયતા આનાથી ઘણી વધી જશે.


લગભગ ૨૦ કરોડ વર્ષ પહેલાં પૃથ્વી પરના એક યા બે વિશાળ અને અખંડ ભૂમિખંડો ધીરેધીરે ભાંગતા અને ખસતા જઈને પૃથ્વી પરના આજના ખંડોની થએલી રચનાઓનો અભ્યાસ કર્યા પછી નિષ્ણાતો માને છે કે આગામી પાંચ કરોડ વર્ષમાં પણ ખંડ ખસવાની ક્રિયા ચાલુ રહી દક્ષિણ આટલાંટિક અને હિંદી મહાસાગરનો વિસ્તાર હજી વધશે. આફ્રિકા એની ઉત્તર તરફ ખસવાની પ્રક્રિયાથી ભૂમધ્ય સમુદ્ર છીછરો બનાવી દેશે અને કૅરીબિયન સમુદ્રને સ્થાને ભૂભાગ પેદા થશે. અમેરિકાની તળ ભૂમિથી કૅલિફૉર્નિયાનો વિસ્તાર અલગ પડી જશે ને ઑસ્ટ્રેલિયા અગ્નિ-એશિયા સાથે ભળી જશે.



આ માસની ૪થી તારીખે બ્રિટને પોતાના બે વિખ્યાત ચિત્રકારો—સર જોશુઆ રેનૉલ્ડ્સ અને સર હેન્રી રેબર્નની યાદમાં આ ચાર ખાસ ટપાલટિકિટો બહાર પાડી છે. આ માસમાં સર જૉશુઆની ૨૫૦મી જયંતી અને સર રેબર્નની ૧૫૦મી સંવત્સરી આવે છે. ◖ સર જૉશુઆનો જન્મ ડેવનશાયરમાં પ્લીમ્ટન અર્લ્સ મુકામે ઈ. ૧૭૨૩ની ૧૬મી જુલાઈએ થએલો. ઈ. ૧૭૬૮માં એમની પારી(સ)ની યાત્રા દરમિયાન કિંગ જ્યૉર્જ ત્રીજાના આશ્રયે રૉયલ ઍકૅડેમી ઑાવ આર્ટ્સની સ્થાપનાની યોજના વિચારાઈ અને સંચાલકોએ સર જૉશુઆને એના પહેલા પ્રમુખ ચૂંટ્યા. પ્રથમ તો એમણે આનાકાની કરી, પણ પછી ૩૦ જેટલા ચિત્રકારોના આગ્રહથી એમણે એ પદ સ્વીકાર્યું અને અકાદમી તથા એની કલાશાળાના સંચાલનમાં અગ્ર ફાળો આપ્યો. સ્ત્રીઓ અને બાળકોનાં એમનાં ચિત્રોથી તેઓ વિખ્યાત છે. ૩ પે.ની ટિકિટ પર એમણે પોતે જ ચીતરેલી પોતાની છબિ તથા ૭ા પે.ની ટિકિટ પર એમણે ચીતરેલી નેલી ઑ'બ્રાએનની તસવીર આપી છે. ◖ આ જ રીતે ૫ પે.ની ટિકિટ પર સર હેન્રી રેબર્ને કરેલી પોતાની છબિ અને ૯ પે.ની ટિકિટ પર 'ધ સ્કેટર' નામે જાણીતી એમણે ચીતરેલી રેવન્ડ આર. વૉકરની તસવીર છે. સર હેન્રી રેબર્નનો જન્મ ઈ. ૧૭૫૬માં ૪થી માર્ચે સ્ટૉકબ્રિજ (એડિનબરગ)માં થએલો. રેનૉલ્ડસના આગ્રહથી એમણે ઈટાલીમાં બે વર્ષ કલાભ્યાસ કર્યો તે સિવાય બાકીનું જીવન પોતાના જન્મસ્થળે જ વિતાવેલું અને ચિત્રકાર તરીકે નામના મેળવેલી. ઈ. ૧૮૧૫માં એમને રૉયલ અકાદમીમાં સ્થાન મળ્યું. ૧૮૨૩ની ૮મી જુલાઈએ એમનું અવસાન થએલું. (પ્રેષક: રમણિકલાલ સોલંકી – લંડન)

આ માસ (જુલાઈ) ઈતિહાસમાં

૧ (૧૯૩૨) ઈરાક સ્વતંત્ર બન્યું. જગતના ઇતિહાસમાં 'સંસ્કૃતિના પારણા' તરીકે ઓળખાએલા આ દેશમાં ઈ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ પહેલાંની સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. સુમેરીઅન, સેમેટિક અને મેસોપોટેમીઆની સંસ્કૃતિ અહીં ફૂલીફાલી હતી. ઈ. ૭૬૨માં અબ્બાસિદ ખિલાફતનું અરબ રાજ સ્થપાયું અને બગદાદ એની રાજધાની બન્યું. 'અરેબિયન નાઈટ્સ'ની વાર્તાઓથી જગવિખ્યાત બનેલો હારૂન અલ રશીદ એ આ રાજવંશનો પાંચમો બાદશાહ. મંગોલ આક્રમણો અને ઑટોમન તુર્કોની સત્તા વગેરે જેવા અનેક પલટા પછી પહેલા વિશ્વયુદ્ધમાં ત્યાં બ્રિટિશ વર્ચસ્વ આવ્યું અને ૧૯૧૮થી 'ઈરાક' તરીકે આ દેશ ઓળખાતો થયો. ઈ. ૧૯૨૦માં લીગ ઑવ નેશન્સે એના રાજવહીવટ પર બ્રિટિશ નિગેહબાની મૂકી અને ૧૯૩૨માં એ સ્વતંત્ર રાષ્ટ્ર બની લીગ ઑવ નેશન્સનું સભ્ય બન્યું. આ પછી પણ અનેક રાજકીય પલટા અને કાવાદાવા અનુભવી આજે એ અખિલ આરબ ઐક્ય અને સમાજવાદનું હિમાયતી પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું છે. ઈરાકમાં ઉત્તરે આવેલી ઝગ્રોસ પહાડીમાં વસતી કુર્દિશ પ્રજાની ચળવળો પછી ૧૯૭૦થી એમને સ્વાયત્ત સત્તા આપવામાં આવી છે. આમ, હાલ ત્યાં ઈરાકી અને કુર્દ એમ બે રાષ્ટ્રીયતાનો સ્વીકાર થએલો છે. અહીં નકશામાં કાળા વિસ્તારમાં એનું સ્થાન દર્શાવ્યું છે અને બાજુમાં એનો રાષ્ટ્રધ્વજ આપ્યો છે.





ઈરાકના ૧,૬૭,૯૨૪ચો. મા.ના વિસ્તારમાં(૧૯૭૦ આંકડાપ્રમાણે) ૯૭,૦૦,૦૦૦ની વસ્તી છે, જેમાં ૮૦% અરબ, ૧૭% કુર્દ છે. ૯૭% મુસલમાન છે. રાજભાષા અરબી અને કુર્દિશ. ૪૦% વસતિ ભણેલી. મુખ્ય શહેરો: બગદાદ (રાજધાની), બસરા, મોસલ, કિરકર. મુખ્ય પેદાશ: પેટ્રોલિયમ, મીઠું, જિપ્સમ, તાંબું, ગંધક, કાપડ, સિમેન્ટ, ખાંડ, ઘઉં, જવ, ખજૂર, ચોખા અને કપાસ.

આ જ માસે બીજા પણ ઘણા રાજકીય પલટા જોયા છે. જેવા કે—

ઈ. ૧૭૭૬માં, આ જ માસની ૪થી તારીખે ફિલાડેલ્ફિયામાં અમેરિકાએ પોતાના સ્વાતંત્ર્યની જાહેરાત કરી.

ઈ. ૧૭૮૯માં ૧૪મી જુલાઈએ ફ્રાંસની વિફરેલી પ્રજાએ બાસ્તાઈલનું કારાગ્રહ તોડી ક્રાંતિનો આરંભ કરીને રાજાશાહીનો અંત આણ્યો.

ઈ. ૧૮૨૨માં ગુલામીમાંથી મુક્તિ પામેલા અમેરિકાના હબસીઓએ પશ્ચિમ આફ્રિકામાં નૅશનલ કૉલૉનાઈઝેશન સોસાએટી દ્વારા લિબર્ટી (મુક્તિ) પરથી લાઈબેરિયા નામે પોતાની એક નવી વસાહત સ્થાપી હતી તેનું ૨૬મી જુલાઈ (૧૮૪૭)ના દિવસે પ્રજાસત્તાક જાહેર થયું. આફ્રિકામાં એ સૌ પહેલું હબસી પ્રજાસત્તાક હતું.

ઈ. ૧૯૧૮ની ૧૬મી જુલાઈએ બૉલ્શેવિક બળવાખોરોએ રશિયાના ઝાર નિકોલસ બીજા અને તેના કુટુંબીઓનો વધ કર્યો. આ જ માસની ૧૭મીએ ૧૭૬૨માં પત્નીના દબાણથી રશિયાના પીટર ત્રીજાને ગાદીત્યાગ કરવો પડેલો. પાછળથી એના જ અંગરક્ષકો દ્વારા એનું ખૂન કરાવાયું હતું. આ પીટરની રાણી રશિયાની સામ્રાજ્ઞી કૅથૅરીન બીજી તરીકે ઇતિહાસમાં જાણીતી છે.

ઈ. ૧૯૫૨માં ૨૬મી જુલાઈએ જનરલ નજીબે લશ્કરી બંડ કરી ઇજિપ્તના રાજા ફારુકને પદભ્રષ્ટ કરી અલી મહેર પાશાના વડા પ્રધાનપદમાં ઇજિપ્ત અને સુદાનનો નવો રાજવહીવટ સ્થાપ્યો.

૧૧ (૧૮૭૨) હિંદમાં પાંચ રૂપિયાની નોટો મુંબઈથી પહેલવહેલી ચલણમાં મૂકવામાં આવી, જે વિવિધ રૂપેરંગે હજી ચલણમાં છે.

૧૪ (૧૯૩૮) આજે તો અવકાશયાનો દ્વારા દેટેક કલાકમાં પૃથ્વીની પ્રદક્ષિણા શક્ય બની ગઈ છે. પણ ૩૫ વર્ષ પહેલાં આ દિવસે ચાર સાથીદારો સાથે ૩ દિવસ, ૧૯ કલાક અને ૧૯ મિનિટ જેટલા સમયમાં હાવર્ડ હ્યુજિસે વિમાન દ્વારા પૃથ્વીની પ્રદક્ષિણા પૂરી કરી ત્યારે એ એક વિક્રમ ગણાયો હતો. વિમાની ઉડ્ડયનનો એક બીજો વિક્રમ આ જ તારીખે ઈ. ૧૯૬૨માં થએલો. અમેરિકન એર ફોર્સના મેજર રૉબર્ટ એમ. વ્હાઈટે એક્સ-૧૫-૧માં ઊડીને ૩,૧૪,૭૫૦ ફૂટની ઊંચાઈ સર કરી હતી.

૧૯ (૧૮૬૦) હિંદુસ્તાનમાં વેચાણવેરો ઉઘરાવવાનો આરંભ થયો.

૩૦ (૧૫૩૧) મધ્યયુગના ભક્તકવિ સંત તુલસીદાસનું અવસાન.

૪ (૧૯૭૦) જેના નામ પરથી દુનિયાના સર્વોચ્ચ પર્વતશિખરને માઉન્ટ એવરેસ્ટ નામ અપાયું છે એ બ્રિટિશ મિલિટરી એન્જિનીઅર જ્યૉર્જ એવરેસ્ટનો જન્મ. આમ તો હિંદુસ્તાનમાં 'ગૌરીશંકર' અને તિબેટમાં 'ચોમો લુંગ્મા' નામે એ શિખર ઓળખાતું અને ઈ. ૧૮૪૯–'૫૫ દરમિયાન હિમાલયનાં ઘણાં શિખરોનું સર્વેક્ષણ થએલું, પણ ઈ. ૧૮૬૩ સુધી આ સર્વોચ્ચ શિખર 'પીક-૧૫' તરીકે ઓળખાતું. ૧૮૫૨માં થએલી મોજણી દરમિયાન ખાતાના એક રાધાનાથ સિક્દારે આ શિખરની ઊંચાઈ માપીને એને સર્વોચ્ચ ગણાવેલું. એ વખતના સર્વેયર જનરલ ઍન્ડ્રયૂ વૉને પીક-૧૫ને મા. એવરેસ્ટ નામ આપ્યું. જ્યૉર્જ એવરેસ્ટ ૧૮૦૬માં બંગાળના બ્રિટિશ સૈન્યના તોપદળમાં સેકન્ડ લેફ્ટેનન્ટ તરીકે હિંદ આવેલા. ૧૮૧૭માં 'ટ્રિગ્નૉમેટ્રિકલ સર્વે ઑવ ઇંડિયા'માં મુખ્ય સહાયક તરીકે નીમાયા, ને ૧૮૨૩માં એના સુપરિન્ટેન્ડેન્ટ બન્યા. ૧૮૩૦માં એમને સર્વેયર જનરલ તરીકેની વધારાની જવાબદારી સોંપાઈ. ૧૮૪૭માં 'ઍન ઍકાઉન્ટ ઑવ ધ મેઝરમેન્ટ ઑવ ટુ સેક્શન્સ ઑવ ધ મેરિડીઅનલ આર્ક ઑવ ઇંડિયા'માં એમણે પોતાનાં કાર્યોનો અહેવાલ પ્રકટ કર્યો છે.



સિક્દાર

પરાયા તેજે પ્રકાશનારા શું અન્યના અંધકાર ટાળે?
સ્વયં સહારો સફરમાં શોધે એ સૌને પાછા ફરી જવા દો.

— 'ચાતક' —

રાજગોપાલાચાર્ય વકીલાત કરતા હતા ત્યારે, પોતાને એક ગામડાના શાળાશિક્ષક તરીકે ઓળખાવી એક માણસે તેમની પાસે આવી મદદ યાચી. તેની બારીક તપાસ કરી સાંજ સુધી તેને પોતાને ઘેર રહેવાનું કહી તે કોર્ટમાં ગયા, અને પેલે ગામડે શાળા પર તાર કરી તપાસ કરાવી. બે કલાકમાં જવાબ આવ્યો કે એવો કોઈ માણસ જ ત્યાં શિક્ષક નથી! રાજાજીએ તરત પોલીસને ખબર આપી તે ધુતારાને પકડાવી દીધો. પેલાએ ગુનો કબૂલી દયાની આજીજી કરતાં કરુણાસાગર રાજાજીએ જ કોર્ટ આગળ દયાની અરજી રજૂ કરી. કોર્ટે એ ભામટાનો સો રૂપિયા દંડ કર્યો. રાજાજીએ અસરકારક દલીલો કરી દંડની રકમ ઓછી કરાવી. પણ એટલીયે રકમ પેલા માણસ પાસે ન હોવાથી જાતે જ પોતાના ખિસ્સામાંથી તે દંડ ભરી દઈ તે માણસને છોડાવ્યો.



સખત વરસાદ વખતે છત્રી હોવા છતાં હાથમાંની થેલી ઘણી વખત ભીંજાઈ જઈ અંદરની વસ્તુઓ બગડે છે. શાળામાં જતાં વિદ્યાર્થીઓને તો તેમનાં પુસ્તકો ખરાબ થવાની ભીતિ રહે છે. આ મુશ્કેલી દૂર કરવા, રદ્દી છાપાંની જાડી થપ્પી લઈ તેની વચ્ચોવચ આડો કાપ પાડી, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે થેલીના હેંડલ સોંસરું ભેરવી દેવાથી છાપું થેલીને ભીની થતાં અટકાવશે.



જ્હૉન વૉકર નામના એક અંગ્રેજ દવાવાળાએ ઈ. ૧૮૨૭માં ઘસીને પેટાવવાની દીવાસળી શોધી, પરંતુ ગમે ત્યાં ઘસાતાં સળગી ઊઠે તેવી હોઈ એ સલામત નહોતી. પણ ઈ. ૧૮૫૫માં ઑટ્રજર નામના એક સ્વીડનવાસીએ પહેલી સલામત દીવાસળી શોધી. આમ તો લગભગ નિષ્ક્રિય લાલ ફૉસ્ફરસ જો પોટાશિયમ ક્લૉરેટ સાથે ભેળવાય તો જ સળગી ઊઠે છે. ઑટ્રજરે એમાંના એક રસાયણને દીવાસળી પર ને બીજાને પેટી પર લગાડ્યું ને એ બંનેના ઘર્ષણથી પેટાય તેવી આજની સલામત દીવાસળી શોધાઈ.

કહેવતોના અર્થ: 'જીતર્યું ઘાંટી એટલે થયું માટી'—ભૂખ્યા કંગાલ ઢોરને ખવડાવ્યા પછી (એની ઘાંટી=ગળા નીચે ખોરાક ઊતર્યા પછી) તેનામાં ચેતન આવીને મૂળ સ્વભાવ પર જઈ સામાં શીંગડાં ભરાવે, એ દૃષ્ટાંત ઉપર રચાયેલી આ કહેવત નમાલા દેખાતા માણસો અને આશ્રિતો સ્વાર્થ સર્યે પોતાની જાત પર જઈ દુષ્ટતા દાખવે એ સંજોગોમાં વપરાય છે. એને મળતી કહેવતો: 'ગાયું ત્યાં સુધી ફુલ્યું'; 'મગને આવ્યા પગ' વગેરે.



અકબરના વિવિધ સિક્કાઓમાં આ ત્રાંબાના તનકાની વિશેષતા તેના પરના મોટા ને ઉઠાવદાર અક્ષરો છે. એક બાજુ 'અકબર બાદશાહનો દિલ્હીમાં પાડેલો તનકા' ('તનકા-ઈ-અકબર શાહી ઝર્બ-ઈ-દિલ્હી') લખેલું છે ને બીજી બાજુ તે પાડવામાં આવ્યાનું વર્ષ 'હિજરી ૪૩નો દી ઈલાહી માસ' (માહ દી ઈલાહી ૪૩) લખેલું છે.

પોતાના આયુષ્ય દરમ્યાન દરેક માણસ સરાસરી ૨૮૦૦ મણ અનાજ ખાય છે.

અનેકાર્થી શબ્દ: **વીર**=શૂર કે પરાક્રમી; મહાપુરુષ; યોદ્ધો; ભૂતનો એક પ્રકાર; પિંગળમાં એ નામના જુદાજુદા સ્વરૂપના ત્રણ પ્રકારના છંદ; કાળો વાળો, સુગંધી વાળો; ભાઈ; નવ રસ પૈકીનો એક; નટ; યજ્ઞનો અગ્નિ; ચોખાની કાંજી; સંગીતમાં ઓડવનું એક તાન; કમળનું મૂળ; મરી; તાંદળજો; કરંજ કે કરેણ; બાવનની સંખ્યા સૂચવતો સાંકેતિક શબ્દ.



૩ જુલાઈએ ભારતે સેન્ટ ટૉમસ (ખ્રિસ્તી)ની ૧૯૦૦મી મૃત્યુશતાબ્દિ નિમિત્તે બહાર પાડેલી સ્મારકટિકિટ.

(પ્રેષક: ડાહ્યાલાલ સી. પરમાર, અમદાવાદ)



કલાકણિકા: ગુલદાવદીનાં ફૂલ અને વેલપાનના શોભનથી મંડિત મિંગકાલીન એક ચીની વાઝ.


ગણિતગમ્મત: કોઈ પણ ચાર પાસપાસેની સંખ્યા લો. તેમના ગુણાકારમાંથી પહેલી અને છેલ્લી સંખ્યાના ગુણાકારના બમણા બાદ કરો. જે આવે તેનું વર્ગમૂળ કાઢવાથી પહેલી અને છેલ્લી સંખ્યાનો ગુણાકાર જ આવી રહેશે. દા. ત. ૨, ૩, ૪, ૫ એ ચાર સંખ્યા છે. હવે ૨×૩×૪×૫=૧૨૦-૨(૨×૫)=૧૦૦. તેનું વર્ગમૂળ ૧૦=૨×૫.-મ.ના. ખત્રી

ઈ. ૧૯૫૦ પછીની ભારતીય ચિત્રકળામાં એમનાં ચિત્રોનું આગવું સ્થાન છે. ખાસ કરીને જલરંગમાં અને કાળા, સિંદુરિયા, ગેરુઆ, ભૂરા, પીળા કે સફેદ રંગમાં તેઓ ચીતરે છે. પશ્ચાદભૂમિ માટે તેઓ કદીક ભીના કાગળ પર રંગ રેલાવીને કે કોઈ વાર વિવિધ રંગોના મિશ્રણથી જમાવેલા વાતાવરણવાળું પોત રચે છે. એમના ચિત્રવસ્તુમાં મોટે ભાગે લોકજીવન અને પશુપક્ષી જોવા મળે છે. પાતળી અને લયયુક્ત પ્રવાહિત રેખા અને તેના વડે ઉપસાવેલી આવી નાના માથાવાળી લાંબી માનવ-આકૃતિઓ એ એમની લાક્ષણિકતા છે. આદિમ કાળની ચિત્રકળામાંથી પ્રેરણા પામેલી એમની પરિપાટી–ઇડિયમ–માં ભારતીય ચિત્રકળાની પરંપરાનાં મૂળભૂત તત્ત્વોનો વિકાસ રહેલો છે.



અભિસારિકા
ચિત્રકાર
રસિક રાવલ
(જુઓ આ અંકની કલાવાર્તા)

(બ્લૉક: ટાટા સર્વિસીઝ લિમિટેડનાં સૌજન્યથી



અજંતાનાં શિલ્પાંકનો વિષેના આ અંકમાંના લેખમાં અનુક્રમે ચિત્ર નં. ૩, ૫ અને ૨માં વર્ણવેલાં શોભનો ૨૩મી અને ૨૪મી ગુફાના બે અર્ધસ્તંભો તથા ૨૧મી ગુફાના મંડપની દ્વારશાખા.

અજંતાનાં શિલ્પાંકનોના આ અંકમાંના લેખમાં વર્ણવેલાં ચિત્ર નં. ૩, ૫ અને ૨. પહેલામાં નીચેના અર્ધદર્પણમાં 'ઈહામૃગ' અને ઉપરના સમદર્શી દર્પણમાં ચક્રવાક. વચ્ચે : ૨૪મી ગુફાના એક અર્ધસ્તંભ પર નીચેના પૂર્ણદર્પણમાં મકર અને ઉપરના અર્ધદર્પણમાં ચક્રવાક. છેલ્લે ૨૧મી ગુફાના મંડપના ત્રિશાખાદ્વારની (જમણી બાજુની) 'પર્ણશાખા' વગેની બાહ્યશાખા. તેમાં નગાકારે ઉપસાવેલી મુક્તાસેર અને કુસુમના ચોરસ પટ્ટકોથી મંડિત 'માલશાખા'. તેની બાજુમાં 'પત્રશાખા'' પર કંડારેલી મૃણાલવલ્લી શિલ્પાંકન કરતાં ચિત્રાંકનની વિશેષ દ્યોતક જણાય છે.